જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

# સંશોધન સારાંશ

## વર્ષ ૨૦૨૩-૨૦૨૪


માર્ગદર્શક

આશાબેન ડી રાજ્યગુરુ

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

સંકલન

ડૉ. ગીતા કે. સેંજલીયા

લેકચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|---|
| 1 | " જૂનાગઢ જિલ્લાના GAS -5 (GUJARAT ACHIVEMENT SURVEY -5 ) માં ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 04 |
| 2 | ધોરણ છના હિન્દી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ H624 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | જી.કે.સેંજલીયા | 09 |
| 3 | ધોરણ છના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST605 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | જી.કે.સેંજલીયા | 11 |
| 4 | Integrated and holistic development માટે Developmental goal-2 બાળકો અસરકારક વાતચીત કરનાર બને - સંદર્ભે શૈક્ષણિક કાર્યક્રમ અને achivement of goal માટેના મૂલ્યાંકન માળખાની સંરચના અને અસરકારકતા | જી.કે.સેંજલીયા | 14 |
| 5 | ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના મૂલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યોનો અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 16 |
| 6 | “ ધોરણ સાતના ગણિત વિષયના કઠિનબિંદુ M-703 આધારિત પ્રવૃત્તિકાર્ય દ્વારા કઠિન અધ્યયન નિષ્પતિનું સરલીકરણ ” | કે.પી.ચિત્રોડા | 20 |
| 7 | ગીર સોમનાથ જિલ્લાના ડી.એલ.એડ.નાં પ્રથમ અને દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 23 |
| 8 | જુનાગઢ જિલ્લાની GAS-4 સર્વે અન્વયે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ સરલીકરણ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | કે. એચ. ભટ્ટ | 30 |
| 9 | જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના મૂલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યોનો અભ્યાસ | કે. એચ. ભટ્ટ | 27 |
| 10 | જૂનાગઢ જિલ્લામાં યોગ શિક્ષણ તાલીમની અસરકારકતાનો અભ્યાસ | એ.સી.વ્યાસ | 30 |
| 11 | ICT તાલીમ(બૈઝીક ઓફ કોડીંગ-સ્ક્રેચ)ની અસરકારકતાનો અભ્યાસ | એ.સી.વ્યાસ | 34 |
| 12 | જુનાગઢ જિલ્લાની GAS-4 સર્વે અન્વયે ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ(M610.6) સરલીકરણ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ | એ.સી.વ્યાસ | 40 |
| 13 | જુનાગઢ જિલ્લાના ડી.એલ.એડ.નાં પ્રથમ અને દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 44 |
| 14 | ધોરણ -7ના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-701 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | એચ.સી.ઉપાધ્યાય | 48 |
| 15 | ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યોનો અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 52 |
| 16 | જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકા તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | એ.ડી.રાજ્યગુરુ | 57 |
| 17 | ધોરણ-7ના હિન્દી વિષયની કઠિનઅધ્યયન નિષ્પત્તિ ક્રમાંક H731નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ | એ.ડી.રાજ્યગુરુ | 60 |

| | | | |
|---|---|---|---|
| 18 | જૂનાગઢ જિલ્લાની GSQAC અંતર્ગત ગ્રીન ઝોન - રેડ ઝોનમાં આવેલ પ્રાથમિક શાળાનો વ્યકિત અભ્યાસ. | એ.ડી.રાજ્યગુરુ | 64 |
| 19 | ધોરણ-7 ના ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક G710નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ | બી.કે.મેસિયા | 71 |
| 20 | જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકા તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | બી.કે.મેસિયા | 74 |
| 21 | જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં યોજાયેલ ૧૦ બેગલેસ કાર્યક્રમનો અભ્યાસ | બી.કે.મેસિયા | 75 |
| 22 | ધોરણ-૭ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક SC-708નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ | એમ.વાય.વ્યાસ | 78 |
| 23 | જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અમલીકૃત જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સ્થિતિનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 81 |
| 24 | જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો શાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતાનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 84 |

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : માધ્યમિક

સંશોધનનું શીર્ષક :

" જૂનાગઢ જિલ્લાના GAS -5 (GUJARAT ACHIVEMENT SURVEY -5 ) માં ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :

ડૉ. ગીતાબેન કે. સેંજલીયા

ઓફિસ એડ્રેસ :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ

dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

વર્ષ 2018-19 દરમિયાન જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ગુજરાત એચિવમેન્ટ સર્વે-1 સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવ્યો. વર્ષ 2019-20 દરમિયાન જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓ પર ગુજરાત એચિવમેન્ટ સર્વે-2 (GAS-2) સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવ્યો. દરેક તાલુકાની નમૂનામાં પસંદ થયેલ 15 એમ સમગ્ર જિલ્લાની કુલ 135 પ્રાથમિક શાળાઓના ધોરણ ચારના બે, ધોરણ છના ત્રણ અને ધોરણ સાતના ચાર એમ કુલ નવ વિષયોની શૈક્ષણિક સિધ્ધિનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું. ગુજરાત એચિવમેન્ટ સર્વે-3 વર્ષ 2021-22 ની તા.16/10/2021 ના રોજ જૂનાગઢ જિલ્લાની નમૂનામાં પસંદ થયેલ 30 પ્રાથમિક શાળાઓના ધોરણ નવના વિદ્યાર્થીઓની ભાષા, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન વિષયની શૈક્ષણિક સિધ્ધિ જાણવા માટે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

જિલ્લાના ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓએ મેળવેલ શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

1. જિલ્લાના ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓએ વિષયવાર મેળવેલ શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.
2. ધોરણ ચાર અને ધોરણ સાતના વિષયવાર કઠિન અધ્યયન નિષ્પત્તિઓ તારવવી.
3. ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાની અસર તપાસવી.
4. ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વિસ્તારની અસર તપાસવી.
5. ધોરણ ચાર અને ધોરણ સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સામાજિક જૂથની અસર તપાસવી.

2. અભ્યાસની ઉત્કલ્પનાઓ

સંશોધકે પ્રસ્તુત અભ્યાસને અંતે પ્રાપ્ત થનાર પરિણામો અંગે અગાઉથી ધારણાઓ બાંધી હતી. જેને આધારે સંશોધનની પ્રશ્ન સ્વરુપ અને શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનની પ્રશ્ન સ્વરુપ ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે રચવામાં આવી હતી.

1. જૂનાગઢ જિલ્લાના ધો.-4 ના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ વિષયવાર શૈક્ષણિક સિદ્ધિ શી હશે?
2. જૂનાગઢ જિલ્લાના ધો. -7 ના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ વિષયવાર શૈક્ષણિક સિદ્ધિ શી હશે?
3. જૂનાગઢ જિલ્લાના ધો.-4 માં જિલ્લા કક્ષાએ વિષયવાર કઠિન કલમો કઈ કઈ હશે?
4. જૂનાગઢ જિલ્લાના ધો. -7 માં જિલ્લા કક્ષાએ વિષયવાર કઠિન કલમો કઈ કઈ હશે?
5. જૂનાગઢ જિલ્લાના ધો.-4 ના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ અધ્યયન નિષ્પતિઓ (LOS) અનુસાર સિદ્ધિ કેટલી હશે?
6. જૂનાગઢ જિલ્લાના ધો. -7 ના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ વિષયવાર કઠિન અધ્યયન નિષ્પતિઓ (LOS) અધ્યયન નિષ્પતિઓ (LOS) અનુસાર સિદ્ધિ કેટલી હશે?
7. જૂનાગઢ જિલ્લાના ધો.-4 અને ધો. -7 ના વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાએ સિદ્ધિના ચાર સ્તરે વિદ્યાર્થીઓની ટકાવારી શી હશે?

પ્રસ્તુત સંશોધનની શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે રચવામાં આવી હતી.

1. ધોરણ ચાર અને સાતના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતીયતાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. ધોરણ ચાર અને સાતના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે વિસ્તારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. ધોરણ ચાર અને સાતના SC અને ST સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
4. ધોરણ ચાર અને સાતના SC અને OBC સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
5. ધોરણ ચાર અને સાતના SC અને GEN સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
6. ધોરણ ચાર અને સાતના ST અને OBC સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
7. ધોરણ ચાર અને સાતના ST અને GEN સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
8. ધોરણ ચાર અને સાતના OBC અને GEN સામાજિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સામાજિક જૂથના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

3. પદ્ધતિ :

- અભ્યાસની રૂપરેખા :

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ GAS-5 અંતર્ગત રાજકોટ જિલ્લાની 240 સરકારી, અર્ધસરકારી તથા ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-4, અને ધોરણ-7નાં વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરી શૈક્ષણિક સિદ્ધિ જાણવાનો હતો. પ્રાપ્ત થયેલ માહિતી આધારિત રાજકોટ જિલ્લાની શૈક્ષણિક સિદ્ધિ, વિષય વાર કઠિન કલમોની સંખ્યા, કઠિન કલમો, તેમજ જાતીયતા,

વિસ્તારની વિદ્યાર્થીઓ પરની અસર તપાસવી અને શૈક્ષણિક સિદ્ધિના ચાર સ્તરે વિદ્યાર્થીઓનું પ્રમાણ જાણવું એ મુખ્ય ધ્યેયો હતા. પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોજક દ્વારા ઉપરોક્ત હેતુને અનુરૂપ ઉત્કલ્પનાને આધારે તારણો પ્રાપ્ત થયા હતા તેના આધારે પરિણામની ચકાસણી કરી શકાય હતી.

1. ધોરણ 4 અને 7નાં કુલ 07 વિષયોની પ્રમાણિત સિદ્ધિ કસોટીની રચના કરવી.
2. કસોટીનું અમલીકરણ કરવું.
3. ડાયેટ કક્ષાએ જિલ્લાની સિદ્ધિ કસોટીના તમામ પેપરોનું સંકલન કરી રાજ્ય કક્ષાએ તમામ પ્રશ્નપત્રો ડાયેટ અમદાવાદ ખાતે સોપવામાં આવ્યા.
4. રાજ્યકક્ષાએથી ANSWERSHEET સ્કેનીંગ કરી EXCEL SHEET તૈયાર કરી Data Analysis માટે જે તે જિલ્લાને સોપવામાં આવેલ. જેના આધારે જિલ્લા કક્ષાએ જિલ્લાવાર તથા ધોરણવાર જાતીયતાના સંદર્ભે સરાસરી, વિસ્તાર અને કેટેગરીના સંદર્ભે સરાસરી,પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય તેમજ એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેમજ વિષય અનુસાર કઠિન કલમની ટકાવારી મેળવવામાં આવી હતી.
   - નમૂનો :
     નમૂના તરીકે જિલ્લાના તમામ તાલુકાની ધો.4 ની 10 અને ધો. 7 ની 10 એમ તાલુકાદીઠ 20 એમ કુલ 200 પ્રાથમિક શાળાઓનો સમાવેશ થયેલ છે. નમૂનામાં પસંદ થયેલ શાળાના, ધો. 4 અને 7 માં ધોરણના તમામ વર્ગોના મહત્તમ 30 વિદ્યાર્થીઓની કસોટી લેવામાં આવી હતી.
   - ઉપકરણ :

ધોરણ - 4 ના કસોટીપત્રમાં કુલ 60 કલમો હતી. જેમાં 1 થી 20 કલમો ગુજરાતી વિષયની, 21 થી 40 કલમો ગણિત વિષયની, 41 થી 60 પર્યાવરણ વિષયની, 46 થી 60 વિષયની અને ધોરણ - 7 ના કસોટીપત્રમાં કુલ 80 કલમો હતી. જેમાં 1 થી 20 કલમો ગુજરાતી વિષયની, 21 થી 40 કલમો ગણિત વિષયની, 41 થી 60 વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની, 46 થી 60 વિષયની વિજ્ઞાન વિષયની 60 થી 80 હતી. જે 60 મિનીટસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હતી. ધોરણ - 7 ના કસોટીપત્રમાં કુલ 80 કલમો હતી.

- માહિતી એકત્રીકરણની રીત :

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે પસંદ થયેલ શાળાના કસોટીના પેપર ડાયેટમાં CMDE શાખા દ્વારા જિલ્લા મથકે આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પસંદ કરેલ ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરને ડાયેટ ખાતે તારીખ 29/01/2024 નાં રોજ GAS-5 અંગે પુરતી સમજ તેમજ ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવેલ તેમજ કસોટી અંગેનું તમામ સાહિત્ય પસંદ થયેલ શાળા દીઠ બંધ કવરમાં સોપવામાં આવેલ હતાં. જેમાં પસંદ થયેલ શાળામાં ધોરણ અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા પત્રક, કસોટીપત્ર, ઓએમઆરશીટ તેમજ કસોટી અંગેની માર્ગદર્શિકા આપવામાં આવેલ હતી.

કસોટીનું અમલીકરણ તારીખઃ 30/01/2024 ના રોજ સમય ધો.-4 11.00 થી 01.00 કલાકે અને ધો.-7 માટે 11.00 થી 01.40 કલાક રાજ્ય દ્વારા નક્કી કરવામાં આવેલ. પસંદ થયેલ શાળામાં ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરશ્રીએ 8.00 કલાકે પહોંચીને કસોટીનું સુચારુ સંચાલન કર્યું હતું. પસંદ થયેલ ધોરણ 4 /7 ના વધુમાં વધુ 30 વિદ્યાર્થીઓની કસોટી લેવામાં આવી હતી. દરેક તાલુકામાં મોનીટરીંગ માટે જિલ્લાકક્ષાએથી ટીમની રચના કરવામાં આવી હતી. કસોટી પૂર્ણ થયા બાદ તમામ સાહિત્ય ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર દ્વારા તાલુકા મથકે બી.આર.સી. ખાતે પરત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ કસોટીપત્રોનું એકત્રિકરણ કરી

ડાયેટ દ્વારા કરવામાં આવ્યું અને આ કસોટીપત્રો જીસીઈઆરટી ખાતે સોંપ્યા હતાં. કસોટીપત્રોનું સ્કેનીંગ કરી ડેટા જિલ્લા મુજબ મોકલવામાં આવેલ.

- માહિતીનું પૃથક્કરણ :

આ સંશોધનનો હેતુ ધોરણ ચારના ત્રણ વિષયની અને ધોરણ સાતના ચાર વિષયની સિદ્ધિ જાણવાનો હતો. MS EXCEL માં અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું. શતમાન સ્વરૂપમાં સરાસરી, શતમાન સ્વરૂપમાં પ્રમાણ વિચલન અને ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. કુમાર કન્યાઓ વચ્ચેનો શહેર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓનો સાર્થક તફાવત શોધવામાં આવ્યો હતો. વળી વિદ્યાર્થીઓને શું અઘરું પડે છે તે જાણવા માટે કઠિન બિંદુઓ શોધવામાં આવ્યાં હતાં.

4. પરિણામો/તારણો :

જૂનાગઢ જિલ્લાની વિષયવાર શૈક્ષણિક સિદ્ધિ

- ધોરણ-4 માં ગુજરાતી વિષયમાં વધુ સરેરાશ સિદ્ધિ 60.73 % અને ઓછી સરેરાશ સિદ્ધિ ગણિત વિષયમાં 56.59 % સરેરાશ સિદ્ધિ જોવા મળેલ છે.
- ધોરણ-7 માં સામાજિક વિજ્ઞાન વિષયમાં વધુ સરેરાશ સિદ્ધિ 59.34 % અને ઓછી સરેરાશ સિદ્ધિ ગણિત વિષયમાં 52.81 % સરેરાશ સિદ્ધિ જોવા મળેલ છે.

જૂનાગઢ જિલ્લાની વિષયવાર કઠિન કલમો અને અધ્યયન નિષ્પત્તિ આધારિત તારણો

- ધોરણ-4 માં કુલ કઠીન કલમો 17અને ધોરણ-7 માં કુલ કઠીન કલમો 24 મળેલ હતી.

જૂનાગઢ જિલ્લામાં સિદ્ધિના ચાર સ્તરે વિદ્યાર્થીઓની ટકાવારી આધારિત તારણો

- ધોરણ-4 માં ગુજરાતી, ગણિત અને પર્યાવરણ વિષયમાં વધુ સરેરાશ સિદ્ધિ 51%-75% માં જોવા મળેલ છે.
- ધોરણ-7 માં ગુજરાતી, ગણિત,વિજ્ઞાન અને ટેકનોલજી અને સામાજિક વિજ્ઞાન વિષયમાં વધુ સરેરાશ સિદ્ધિ 51%-75% માં જોવા મળેલ છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાની અસર આધારિત તારણો

- ધોરણ -4 માં ગુજરાતી અને પર્યાવરણ વિષયમાં કન્યા કરતા કુમારની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળેલ છે.
- ધોરણ -4 માં ગણિત વિષયમાં કન્યા અને કુમારની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળેલ છે.
- ધોરણ -7 માં ગુજરાતી વિષયમાં કુમાર કરતા કન્યાની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળેલ છે.
- ધોરણ -7 માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન વિષયમાં કન્યા અને કુમારની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળેલ છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વિસ્તારની અસર આધારિત તારણો

- ધોરણ-4 માં ગુજરાતી, ગણિત અને પર્યાવરણ આ બધા વિષયોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળેલ છે.
- ધોરણ-7 માં ગુજરાતી, ગણિત અને સામાજિક વિજ્ઞાન વિષયોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળેલ છે.
- ધોરણ-7 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળેલ છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સામાજિક જૂથની અસર આધારિત તારણો

- ધોરણ-4 માં SC અને ST બન્ને કેટેગરીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સમાનતા જોવા મળે છે.
- ધોરણ-7 માં SC અને ST બન્ને કેટેગરીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સમાનતા જોવા મળે છે.
- ધોરણ-4 માં SC અને OBC બન્ને કેટેગરીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સમાનતા જોવા મળે છે.
- ધોરણ-7 માં SC અને OBC બન્ને કેટેગરીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સમાનતા જોવા મળે છે.

5. સંશોધન ફલિતાર્થો :
   - ઓછી સિદ્ધિ ધરાવતા વિષયોમાં જરૂરીયાત આધારિત તાલીમ અને શાળા કક્ષાએ ઉપચારાત્મક શિક્ષણનું આયોજન કરવું જોઈએ.
   - કઠિન અધ્યયન નિષ્પત્તિઓ સંદર્ભે સરળીકૃત  શૈક્ષણિક કાર્યક્રમ બનાવવા જોઈએ .આ કાર્યક્રમને કઠિન અધ્યયન નિષ્પત્તિના શિક્ષણકાર્ય માટે શાળાકક્ષાએ અમલીકૃત બનાવવો જોઇએ.
   - ચાલુ અભ્યાસક્રમ સબંધિત અન્ય કઠિનબિંદુઓ આધારિત જિલ્લા કક્ષાએ સરળીકરણ શૈક્ષણિક કાર્યક્રમની રચના થવી જોઇએ અને તેને જિલ્લાની સમગ્ર શાળાઓમાં  અમલીકૃત બનાવવો જોઇએ.
   - અભ્યાસક્રમમાં પરિવર્તન અને મૂલ્યાંકન પ્રવિધિમાં ફેરફાર કર્યા બાદ કઠિનબિંદુનું પ્રમાણ વધ્યું છે કે ઘટ્યું તે તપાસી  તેને આધારે અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકોમાં જરૂરી સુધારા કરવા જોઇએ .
   - કઠિનબિંદુઓ આધારિત અધ્યયન નીપજોને ધ્યાનમાં રાખી વિવિધ અધ્યયનઅધ્યાપન સામગ્રીનું નિર્માણ- થાય તેવુ આયોજન કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહન આપવુ જોઇએ.

6. કઠિન અધ્યયન નિષ્પત્તિઓ અને શૈક્ષણિક સિદ્ધિને અસરકરતા પરિબળોના અભ્યાસ માટેના સંશોધનો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા થાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

   .

7. સંશોધનનું ક્ષેત્ર :

   પ્રસ્તુત સંશોધન સામાજિક વિજ્ઞાન શિક્ષણ ક્ષેત્ર તેમજ શૈક્ષણિક મૂલ્યાંકન અને પરીક્ષાનાં ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
ધોરણ છના હિન્દી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ H624 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. ગીતાબેન કે. સેંજલીયા

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

પ્રસ્તુત સંશોધનમાં સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે વિષયાંગના સંદર્ભે પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, વિડીયો, અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સરલીકરણ માટે રચેલ પ્રોગ્રામની અસરકારકતા શોધવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલો હતો.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :
   1) ધોરણ 6 હિન્દી વિષયના દ્વિતીય સત્રના એકમ - 6 "ન્યાય" માટે અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક H624 વિદ્યાર્થીઓ સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરે છે." ની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.
   2) ધોરણ 6 હિન્દી વિષયના દ્વિતીય સત્રના એકમ - 6 "ન્યાય" માટે અધ્યયન નિષ્પતિ H624 વિદ્યાર્થીઓ સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરે છે." તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

2. અભ્યાસની ઉત્કલ્પનાઓ

શ્રેણી છના હિન્દી વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ – 624 ના સરલીકરણ માટેના બિનપરંપરાગત અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરના સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3. પદ્ધતિ :

- અભ્યાસની રૂપરેખા :

  પ્રસ્તુત અભ્યાસનાં અમલ માટે જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાની દોલતપરા પ્રાથમિક શાળાનાં ધોરણ 6નાં વિદ્યાર્થીઓને પ્રયોગ પાત્ર તરીકે લીધા હતાં. અહીં અભ્યાસના સ્વતંત્ર ચલની બે કક્ષાઓ હોવાથી ધોરણ 6નાં વિદ્યાર્થીઓના બે વર્ગ યાદચ્છિક પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

  પ્રયોગના અમલ બાદ પાત્રોને ઉત્તર કસોટી આપવામાં આવી હતી. ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય મેળવવામાં આવ્યા હતાં. આ મળેલાં ટી-મૂલ્યને આધારે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પદ્ધતિઓની અસરકારકતા ચકાસવામાં આવી હતી.

- નમૂનો :

  પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોગની અજમાયશ માટે જૂથ-1 ને પ્રાયોગિક જૂથ તરીકે અને જૂથ-2 ને નિયંત્રિત જૂથ તરીકે લેવામાં આવ્યા હતા. નિયંત્રિત જૂથ-1 નાં 19 વિદ્યાર્થીઓને સુધારાલક્ષી  કાર્યક્રમ દ્વારા અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. જયારે પ્રાયોગિક જૂથ-2 ના 19 વિદ્યાર્થીઓને પરંપરાગત વર્ગશિક્ષણ પદ્ધતિથી અધ્યયન કાર્ય કરાવ્યું હતું.

- ઉપકરણ :

  આ કસોટીમાં કલમોની રચના સંશોધનમાં સમાવિષ્ટ કઠિનબિંદુઓને  ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. આ કસોટી 30 મિનિટમાં પૂર્ણ કરવાની હતી. પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય કઠિનબિંદુનું પ્રતિનિધિત્વ કરતી અને સરખો ગુણભાર ધરાવતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામા આવી હતી.

- માહિતી એકત્રીકરણની રીત :

  પ્રાયોગિક જૂથ ધોરણ 6 વર્ગના વિદ્યાર્થીઓને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિથી દરરોજ એક કલાક પ્રયોજક દ્વારા અધ્યાનકાર્ય કરાવવામા આવ્યુ હતુ, જયારે નિયંત્રિત જૂથ પર ધોરણ 6 માં પરંપરાગત વર્ગશિક્ષણ પદ્ધતિથી પ્રયોજક દ્વારા અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું. દરરોજ બે કલાકના અધ્યાપનકાર્ય મુજબ (પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી સહિત) સતત 6 દિવસ સુધી આ પ્રયોગનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.

- માહિતીનું પૃથક્કરણ :

  સિદ્ધિ કસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોનુ t-test દ્વારા મળેલ પરિણામનુ અર્થઘટન કરવામાં આવ્યું અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામા આવી.

4. પરિણામો/તારણો :
   - ધોરણ 6 હિન્દી વિષયની કઠિન અધ્યયન નિષ્પતિઓના સરલીકરણ માટેનું અધ્યાપન બિન પરંપરાગત પદ્ધતિ દ્વારા કરાવવામાં આવે તો પણ પ્રાયોગિક પદ્ધતિ (સુધારાલક્ષી કાર્યક્રમ) જેટલું જ અસરકારક બની રહે છે.
   - ધોરણ 6 હિન્દી   વિષયની કઠિન અધ્યયન નિષ્પતિના સરલીકરણ માટે તૈયાર કરેલ સુધારાલક્ષી કાર્યક્રમ અને બિનપરંપરાગત પદ્ધતિ બંને સમાન અસરકારક રહી હતી.

5. સંશોધન ફલિતાર્થો :

   પરંપરાગત પદ્ધતિની અસરકારકતા બિનપરંપરાગત પદ્ધતિ(સુધારાલક્ષી કાર્યક્રમ) કરતા ઉતરતી નથી.

6. સંશોધનનું ક્ષેત્ર :

   પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો હતો.

સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
ધોરણ છના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST605 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. ગીતાબેન કે. સેંજલીયા

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

સમગ્ર રાજયમાં અને જૂનાગઢ જિલ્લામાં પસંદિત શાળાઓમાં આ સર્વે હાથ ધરાયો હતો. સમગ્ર રાજયમાં ધોરણ 6માં લેવાયેલા પ્રશ્નપત્રના આધારે જે પરિણામ હાંસલ થયાં છે. તેમાંથી જે પ્રશ્ન 40 ટકા કરતા ઓછા વિદ્યાર્થીઓને આવડી શકયો છે. તેના પરથી અધ્યયન નિષ્પત્તિની કઠિનતા નકકી કરવામાં આવે છે. આ કઠિનતા જિલ્લાના પરિણામોના આધારે નકકી થઇ છે અને તેના આધારે ગુજરાત રાજયમાં GCERTએ તેમાં આવશ્યક માર્ગદર્શન પૂરૂં પાડયું છે અને આ કઠિનતાનો ઉકેલ લાવવા માટે સંશોધક એકમ-12 “નકશો સમજીએ” એકમ દ્વારા જુદા-જુદા શૈક્ષણિક અભિગમ સાથે શૈક્ષણિક કાર્યક્રમ પ્રયોજવામાં આવ્યો અને તેનો અમલ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના સાંકરોળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવ્યો હતો.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

1) ધોરણ 6 સામાજિક વિજ્ઞાન વિષયના એકમ - 12 “નકશો સમજીએ” માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

2) ધોરણ 6 સામાજિક વિજ્ઞાન વિષયના આપણું ઘર પૃથ્વી માટે અધ્યયન નિષ્પતિ SS605 "પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ -રેખાંશ, ધ્રુવો,વૃત્તો, આવરણો,ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે." તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

2. અભ્યાસની ઉત્કલ્પનાઓ

શ્રેણી છના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ – SS605ના સરલીકરણ માટેના બિનપરંપરાગત અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરના સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3. પદ્ધતિ :

- અભ્યાસની રૂપરેખા :

ધોરણ 6 સામાજિક વિજ્ઞાન વિષયમાં તારવવામાં આવેલ કઠિન અધ્યયન નિષ્પતિ પૈકી કુલ એક કઠિન અધ્યયન નિષ્પતિ પર સુધારાલક્ષી કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા ચકાસવાનો હતો. અહીં સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે પાવર

પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, ચિત્રો, વિડીયો ક્લીપ, ચર્ચા પદ્ધતિના માધ્યમ દ્વારા કાર્યક્રમની સંરચના અને તેની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અસર ચકાસવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામા આવ્યો હતો. પ્રયોજક તે માટે ધોરણ 6ના સામાજિક વિજ્ઞાનના નકશો સમજીએ વિષયાંગનાં અધ્યાપન માટે સુધારાલક્ષી કાર્યક્રમની સંરચના કરી હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં માપન માટે શિક્ષક રચિત ઉત્તર કસોટીનું નિર્માણ કર્યુ હતું.

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસનાં અમલ માટે જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાની સાંકરોળા પ્રાથમિક શાળાનાં ધોરણ 6નાં વિદ્યાર્થીઓને પ્રયોગ પાત્ર તરીકે લીધા હતાં. અહીં અભ્યાસના સ્વતંત્ર ચલની બે કક્ષાઓ હોવાથી ધોરણ 6નાં વિદ્યાર્થીઓના બે વર્ગ યાદચ્છિક પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

પ્રયોગના અમલ બાદ પાત્રોને ઉત્તર કસોટી આપવામાં આવી હતી. ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય મેળવવામાં આવ્યા હતાં. આ મળેલાં ટી-મૂલ્યને આધારે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પદ્ધતિઓની અસરકારકતા ચકાસવામાં આવી હતી.

- નમૂનો :

જૂથ-1 ને પ્રાયોગિક જૂથ તરીકે અને જૂથ-૨ને નિયંત્રિત જૂથ તરીકે લેવામાં આવ્યા હતા. નિયંત્રિત જૂથ-1નાં 12 વિદ્યાર્થીઓને સુધારાલક્ષી કાર્યક્રમ દ્વારા અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. જયારે પ્રાયોગિક જૂથ-2 ના 12 વિદ્યાર્થીઓને પરંપરાગત વર્ગ શિક્ષણ પદ્ધતિથી અધ્યયન કાર્ય કરાવ્યું હતું.

- ઉપકરણ :

પ્રાયોગિક કાર્ય પૂર્વે અને કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રયોગના અંતે 25 ગુણની એક કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિ માપવામાં આવી હતી. આ કસોટીમાં કલમોની રચના સંશોધનમાં સમાવિષ્ટ કઠિનબિંદુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. આ કસોટી 30 મિનિટમાં પૂર્ણ કરવાની હતી. પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય કઠિનબિંદુનું પ્રતિનિધિત્વ કરતી અને સરખો ગુણભાર ધરાવતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામા આવી હતી.

- માહિતી એકત્રીકરણની રીત :

પ્રાયોગિક જૂથ ધોરણ 6 વર્ગના વિદ્યાર્થીઓને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિથી દરરોજ એક કલાક પ્રયોજક દ્વારા અધ્યાનકાર્ય કરાવવામા આવ્યુ હતુ, જયારે નિયંત્રિત જૂથ પર ધોરણ 6 માં પરંપરાગત વર્ગશિક્ષણ પદ્ધતિથી પ્રયોજક દ્વારા અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું. દરરોજ બે કલાકના અધ્યાપનકાર્ય મુજબ (પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી સહિત) સતત 6 દિવસ સુધી આ પ્રયોગનું અમલીકરણ કરવામાં આવ્યું હતુ

- માહિતીનું પૃથક્કરણ :
  સિદ્ધિ કસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોનુ t-test દ્વારા મળેલ પરિણામનુ અર્થઘટન કરવામાં આવ્યું અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામા આવી.

4. પરિણામો/તારણો :

- પ્રાથમિક કક્ષાએ ધોરણ 6 સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિના સરલીકરણ માટે તૈયાર કરેલ સુધારાલક્ષી કાર્યક્રમ અને બિનપરંપરાગત પદ્ધતિ બંને સમાન અસરકારક રહી હ
- ધોરણ 6 સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિઓના સરલીકરણ માટેનું અધ્યાપન બિન પરંપરાગત પદ્ધતિ દ્વારા કરાવવામાં આવે તો પણ પ્રાયોગિક પદ્ધતિ (સુધારાલક્ષી કાર્યક્રમ) જેટલું જ અસરકારક બની રહે છે.

5. **સંશોધન ફલિતાર્થો :**
   **પરંપરાગત પદ્ધતિની અસરકારકતા બિનપરંપરાગત પદ્ધતિ(સુધારાલક્ષી કાર્યક્રમ) કરતા ઉતરતી નથી.**
6. **સંશોધનનું ક્ષેત્ર :**
   **પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો હતો.**

**સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

પ્રાસ્તાવિક :

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની વર્ષ 2023 - 24 માં Integrated and holistic development માટે Developmental goal-2 બાળકો અસરકારક વાતચીત કરનાર બને -સંદર્ભે શૈક્ષણિક કાર્યક્રમ અને achivement of goal માટેના મૂલ્યાંકન માળખાની સંરચના અને અસરકારકતા તપાસી હતી.

➢ સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

- પ્રાથમિક શાળાના ધોરણ-2 ના વિદ્યાર્થીની વિકાસાત્મક ધ્યેય-2 ની ક્ષમતા સંદર્ભે ચેકલીસ્ટની સંરચના
- પ્રાથમિક શાળાના ધોરણ-2 ના વિદ્યાર્થીની વાર્તા અભિવ્યક્તિ અને સર્જનાત્મકતા ચકાસવી.
- પ્રાથમિક શાળાના ધોરણ-2 ના વિદ્યાર્થીની વાર્તા અભિવ્યક્તિ અને પ્રત્યાયન કૌશલ્ય સાથેનો સંબંધ તપાસવો.

➢અભ્યાસની ઉત્કલ્પનાઓ

- પ્રાથમિક શાળાના ધોરણ-2 ના વિદ્યાર્થીની વાર્તા અભિવ્યક્તિ અને સર્જનાત્મકતા ચકાસવી.
- પ્રાથમિક શાળાના ધોરણ-2 ના વિદ્યાર્થીની વાર્તા અભિવ્યક્તિ અને પ્રત્યાયન કૌશલ્ય સાથેનો સંબંધ તપાસવો.

➢પદ્ધતિ :

- અભ્યાસની રૂપરેખા :

જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધો. 2 ના વિદ્યાર્થીઓની વિકાસાત્મક ધ્યેય - 2 સંદર્ભે બાળકો અસરકારક વાતચીત કરનાર બને - સંદર્ભે શૈક્ષણિક કાર્યક્રમ અને achivement of goal માટેના મૂલ્યાંકન માળખાની સંરચના અને અસરકારકતા તપાસવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ તાલુકાની વધાવી પ્રા. શાળાના ધોરણ -2 ના બાળકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ હતા. ધોરણ - 2 ના બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને તે માટે એક શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની ધો.-2 ના બાળકો પર અજમાયાસ કરવામાં આવી. અભ્યાસ પૂર્વે અવલોકન નોંધ કરવામાં આવી અને અજમાયાસ બાદ નોંધ કરવામાં આવી ત્યારબાદ બંનેની ટકાવારી શોધી પરિણામો તારવવામાં આવ્યા.

- નમૂનો :

પ્રસ્તુત અભ્યાસમાં શાળાની પ્રયોજકે સહેતુપૂર્વક કરી હતી. આ પ્રાયોગિક કાર્ય સત્રના અંતમાં કરવામાં આવેલ હોવાથી નમૂનામાં ધોરણ 2 ના વિદ્યાર્થીઓ પસંદ

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : માધ્યમિક

સંશોધનનું શીર્ષક :

Integrated and holistic development માટે Developmental goal-2 બાળકો અસરકારક વાતચીત કરનાર બને - સંદર્ભે શૈક્ષણિક કાર્યક્રમ અને achivement of goal માટેના મૂલ્યાંકન માળખાની સંરચના અને અસરકારકતા

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. ગીતાબેન કે. સેંજલીયા

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની વઘાવી પ્રાથમિક શાળા પસંદ કરેલ હતી. આ શાળામાં ધોરણ 2 નો એક વર્ગ હતો. પ્રયોગની અજમાયશ માટે એક જ જૂથનાં 24 વિદ્યાર્થીઓને સુધારાલક્ષી કાર્યક્રમ દ્વારા અધ્યાપનકાર્ય કરાવ્યું હતું. પ્રયોગકાર્ય પહેલા અને પ્રયોગકાર્ય પછી ચેકલીસ્ટ દ્વારા માહિતી નોંધવામાં આવી હતી.

- ઉપકરણ :

પ્રાયોગિક કાર્ય પૂર્વે અને કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રયોગના અંતે એક ચેકલીસ્ટ દ્વારા વિદ્યાર્થીની પ્રત્યાયન કૌશલ્ય અને વિદ્યાર્થીઓમાં આવેલ સર્જનાત્મકતા માપવામાં આવી હતી. આ ચેકલીસ્ટની રચના વિકાસાત્મક ધ્યેય-2 અનુસંધાને નક્કી કરવામાં આવ્યા હતા. જેના આધારે સ્વનિર્મિત અવલોકન નોંધની રચના કરવામા આવી હતી. જેમાં કુલ 20 વિધાનોની રચના કરવામાં આવી હતી. જેમાં 11 વિધાન પ્રત્યાયન કૌશલ્ય માપતા હતા અને 9 વિધાન સર્જનાત્મકતાનું માપન કરતા હતા.

- માહિતી એકત્રીકરણની રીત :

ધોરણ 2 ના વિદ્યાર્થીઓને વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિથી દરરોજ બે કલાક પ્રયોજક- શિક્ષક દ્વારા અઘ્યાનકાર્ય કરાવવામા આવ્યુ હતુ, દરરોજ બે કલાકના અધ્યાપનકાર્ય મુજબ (ચેક લીસ્ટ નોંધ સહિત) સતત 6 દિવસ સુધી આ પ્રયોગનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.

- માહિતીનું પૃથક્કરણ :

આ કાર્યક્રમ પહેલા અને કાર્યક્રમ પછી આવેલા ફેરફાર નોંધવામાં આવ્યા છે. જેની ટકાવારી કાઢવામાં આવી હતી.

➢ પરિણામો/તારણો :

- મોટાભાગના બાળકો અસરકારક પ્રત્યયાનમાં ગમતી મૂવી,કાર્ટુન વિષે અને એમના પાત્રો વિષે વાત કરી શકે છે. અને એમાના પાત્રોનું વર્ણન સારી રીતે કરી શકે છે. તેમજ વાર્તાની હાવભાવ સાથે અભિવ્યક્તિ સારી રીતે કરી શકે છે.
- મોટાભાગના સર્જનાત્મકતામાં બાળકો વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે. અને પરિચિત પાત્રનું પોતાના શબ્દોમાં વર્ણન કરી શકે છે.

➢ સંશોધન ફલિતાર્થો :

વિશેષ પદ્ધતિ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરી પ્રત્યાયન કૌશલ્ય અને સર્જનાત્મક કૌશલ્ય વિકસાવી શકાય.

➢ સંશોધનનું ક્ષેત્ર :

અભ્યાસનું ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણ નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય :ટીચર એજ્યુકેશન

વિભાગ : ડી.એલ.એડ્

સંશોધનનું શીર્ષક :
ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના મૂલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યોનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ :
શ્રી કે.પી.ચિત્રોડા

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

આજના સ્પર્ધાત્મક યુગમાં કારકિર્દી ઘડવાનું કાર્ય સાવ સહેલુ નથી તો સાવ અઘરૂ પણ નથી. વૈશ્વિક પ્રવાહો સાથે ઝડપથી બદલાતી આર્થિક સામાજિક પરિસ્થિતિઓ સાથે તાલ મિલાવી શકે તેવી ઉત્તમ કારકિર્દી બનાવવી જરૂરી છે. સરકારશ્રી પ્રવર્તમાન જરૂરિયાતો તેમજ સમાજની જરૂરિયાતોએ ધ્યાનમાં રાખીને શિક્ષણમાં ફેરફાર કરતી હોય છે. આ ફેરફાર મોટેભાગે શાળા કક્ષાએ વધુ જોવા મળે છે. સાક્ષરી વિષયોમાં પણ સમયાંતરે પરિવર્તનો જોવા મળે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 અંતર્ગત વિવિધ વિષયો તથા વિવિધ પ્રવાહોનું શિક્ષણ એક સાથે વિદ્યાર્થીઓ લઈ શકે તેવી ભલામણ કરવામાં આવી છે. પ્રવર્તમાન સમયમાં અમલી વિવિધ વિષયો ઉપરાંત પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરવામાં આવે છે. જેમાં શિક્ષક દ્વારા અનેક પાસાઓના ધ્યાનમાં લેવામાં આવે છે. સાથે સાથે મૂલ્યલક્ષી શિક્ષણ મળે તે માટે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ અધ્યાપન કાર્ય દરમિયાન કરાવવામાં આવે છે. શ્રમકાર્ય, બાળકો સાથેનું સાયુજ્યપૂર્ણ વર્તન તેમજ મનોવૈજ્ઞાનિક પાસાઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયોમાં મૂલ્યલક્ષી જ્ઞાન આપવામાં આવેલ છે. સાથેસાથે વિદ્યાર્થીઓને વિવિધ મુલ્યોની સમજ પ્રાપ્ત થાય તેમજ તે મુલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યો વિકસે તે માટે પ્રયોજક દ્વારા સંશોધન હાથ ધરવાનું ઉચિત સમજ્યું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

કોઇપણ સંશોધન કાર્ય કરતા પહેલા તેના હેતુઓ નક્કી કરવામાં આવે છે. કારણકે તેનાથી સંશોધકને દિશાસૂચન મળી રહે છે. પોતે જ કાર્ય કરવા ઇચ્છે તે તરફ આગળ વધી શકે છે. આથી સંશોધન અભ્યાસ શરૂ કરતા પહેલા તેના હેતુઓ નક્કી કરવામાં આવે છે. પ્રસ્તુત લઘુશોધ નિબંધના હેતુઓ નીચે મુજબ છે.

- ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો જાણવા.
- ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા સ્ત્રી તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર જાતીયતાની અસર ચકાસવી.

3. ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા પુરુષ લીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર જાતીયતાની અસર ચકાસવી.

4. ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર વિસ્તારની અસર ચકાસવી.
5. ગીર સોમનાથ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર અભ્યાસના પ્રવાહની અસર ચકાસવી.

2. પદ્ધતિ :

અભ્યાસની રૂપરેખા : પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યોની રચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ ગીર સોમનાથ જીલ્લાના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતી તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી.

નમૂનો : કોઈપણ સંશોધનમાં નમૂનાની પસંદગીનો પ્રશ્ન મહત્વનો છે કારણ કે, સમગ્ર વ્યાપવિશ્વનો અભ્યાસ કરવો મુશ્કેલ હોય છે. આથી સમગ્ર વ્યાપવિશ્વના નાના ભાગના અભ્યાસ પરથી સમગ્ર વ્યપાવિશ્વ અંગે સામાન્યીકરણ તારવવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે ગીર સોમનાથ જીલ્લામાં આવેલ વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા સૌ પ્રથમ મૂલ્ય શિક્ષણ અંગેનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ મૂલ્ય મૂલ્ય શિક્ષણ આધારિત વાર્તાઓ તેમજ દૈનિક જીવનમાં રોજબરોજ ઉપયોગમાં આવતા મૂલ્યોની યાદી તૈયાર કરવામાં આવેલ. ડી. એલ. એડના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મૂલ્યોનો વિગતવાર અભ્યાસ કરી તેને તાલીમાર્થીઓમાં અપેક્ષિત મુલ્યોની યાદી તૈયાર કરવામાં આવેલ. જેના આધારે અભિપ્રાયાવલિના વિધાનો તૈયાર કરવામાં આવેલ. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સંપૂર્ણ સહમત, સહમત, અસહમત અને સંપૂર્ણ અસહમત વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

માહિતી એકત્રીકરણની રીત : પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યોની રચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ ગીર સોમનાથ જીલ્લાના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતી 123 તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK જીલ્લાના ડી.એલ.એડ. ગ્રુપમાં મૂકી દરેક અધ્યાપન મંદિર સુધી પહોચાડી તેમના આચાર્ય તથા અધ્યાપકો સાથે ટેલીફોનીક વાત કરી દરેક તાલીમાર્થીઓ આ લિન્કમાં મોકલેલ માહિતી ભરી અભીપ્રયાવલી માં પ્રતિચાર આપવા જણાવેલ જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત અભ્યાસના માહિતી એકત્રીકરણ માટે જિલ્લાના અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની નમુના તરીકે પસંદગી કરવામાં આવેલ હતી. પ્રયોજક દ્વારા માહિતી GOOGLE FOAMના માધ્યમથી એકત્રિત કરવામાં આવેલ હતી. માહિતી વિશ્લેષણ માટે કાઇ–વર્ગ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવેલ હતું.

3. પરિણામો/તારણો :

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

- મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો જાતીયતાની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.

- મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો વિસ્તારની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.
- મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો અભ્યાસ પ્રવાહની દ્રષ્ટિએ તફાવત જોવા મળી હતી. સૌથી વધુ મૂલ્ય ઘડતર અંગે કોમર્સ પ્રવાહનાં વિદ્યાર્થીઓ અન્ય તમા અભ્યાસ પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા ઊંચા અભિપ્રાય ધરાવતા હતા.
- અધ્યાપન મંદિરોમાં અધ્યયન અધ્યાપન દરમિયાન અધ્યાપકો દ્વારા મૂલ્ય અંગે સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રશિક્ષણ સંસ્થાઓમાં મૂલ્યનું ઘડતર માટે અભ્યાસક્રમની સંરચના વિશિષ્ટ રીતે ધ્યાન આપવામાં આવે આવે છે.
- શિક્ષકો દ્વારા તાલીમાર્થીઓમાં મૂલ્યોનો વિકાસ થાય તે રીતે પ્રાર્થના કાર્યક્રમમાં પ્રયત્નો કરવામાં આવે છે.
- તાલીમાર્થીઓને વિવિધ પ્રકારના મુલ્યોની સમજ એ સાંસ્કૃતિક કાર્યક્રમોની નિપજ છે. સાંસ્કૃતિક મૂલ્યની સમજ શાળા કક્ષાએ વિવિધ તહેવારો તેમજ દિન વિશેષની ઉજવણી દ્વારા કેળવી શકાય.
- શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં વિવિધ ઇન્ડોર અને આઉટડોર રમતો દ્વારા બાળકોમાં તંદુરસ્ત વાતાવરણની સમજ તેમજ અન્ય લોકોનો પણ સ્વીકાર અને સમાનતાના મુલ્યની સમજ વિકસાવી શકાય. તેમજ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સમુહ જીવનની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાવી શકાય.
- ક્ષેત્રીય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં nurturing તેમજ caring અંગેના મુલ્યોની સમજણ આપી શકાય. તેમજ સમૂહમાં રહેવાથી એકબીજા પ્રત્યેનાં સ્વીકાર તેમજ અન્ય વ્યક્તિઓ પ્રત્યેનું સહાનુભુતિનું મુલ્ય વિકસાવી શકાય.
- અહિંસા, સામાજિક મુલ્યો તેમજ વર્તન, વાણી વગેરે શિક્ષકોનાં આચરણ અને વ્યવહાર દ્વારા વિકસાવી શકાય.
- અભ્યાસક્રમની સમજ સ્પષ્ટ રીતે આપવામાં આવેલ તો વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત વિકાસ તેમજ અન્યનો સ્વીકાર જેવી ભાવના વિકસાવી શકાય.
- પ્રશિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવાથી શિસ્ત અંગેના મુલ્યો તેમજ આત્મવિશ્વાસ, તેમજ નેતૃત્વનાં ગુણોનો વિકાસ કરી શકાય.

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓમાં મૂલ્ય ઘડતર માટે અન્ય MOTIVATIONAL LECTUREનું આયોજન કરીને મુલ્યોની સમજ આપી શકાય.
- તાલીમાંર્થીમાં મુલ્ય વિકસે તે માટે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં વિષયવસ્તુ આધારિત નિષ્પન્ન થતા મુલ્યો ઉમેરવા જોઈએ.
- અધ્યાપન મંદિરોમાં નિયમિત રીતે તાલીમાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
- મૂલ્ય શિક્ષણ આધારિત આધારિત પુસ્તક અભ્યાસક્રમમાં દાખલ કરવું જોઈએ. રાજ્ય કક્ષાએથી તે માટે સાહિત્યનું નિર્માણ કરવું જોઈએ.

5. સંશોધનનું ક્ષેત્ર :

પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે છે.

- શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન
- શિક્ષણ પ્રશિક્ષણ
- શૈક્ષણિક મનોવિજ્ઞાન

જયારે પ્રસ્તુત અભ્યાસ વ્યવહારિક પ્રકારનું સંશોધન હતુ. વ્યાવહારિક સંશોધન કોઈ એક વર્તમાન સમસ્યાના ઉકેલ અર્થે હાથ ધરવામાં આવતું હોય છે. જ્ઞાનમાં વધારો કરવાનો હેતુ હોતો નથી, પરંતુ સિદ્ધાંત કે નિયમોને વ્યવહારમાં મુકવાનો હેતુ હોય છે. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન સ્પર્શતું હતું.

સારાંશ તૈયાર કરનાર : શ્રી કે.પી.ચિત્રોડા
સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિભાગઃ પ્રાથમિક

વિષયઃ

" ધોરણ સાતના ગણિત વિષયના કઠિનબિંદુ M-703 આધારિત પ્રવૃત્તિકાર્ય દ્વારા કઠિન અધ્યયન નિષ્પતિનું સરલીકરણ "

સંશોધનનું શિર્ષકઃ

ધોરણ સાતના ગણિત વિષયના કઠિનબિંદુ M-703 આધારિત પ્રવૃત્તિકાર્ય દ્વારા કઠિન અધ્યયન નિષ્પતિનું સરલીકરણ "

ભાષાઃ ગુજરાતી

સશોધકનું નામઃ
કિશોરકુમાર પી ચિગ્રોડા
ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

**પ્રસ્તાવના**

ગુજરાત રાજ્યની દરેક શાળામાં સત્રાંત કસોટી લેવામાં આવે છે. ત્યારબાદ બાળકોનું મૂલ્યાંકન કાર્ય હાથ ધરીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ની આપેલ લિંક માં પરિણામ ભરવામાં આવે છે.જેનાથી તેના દ્વારા જિલ્લાવાર, વિષયવાર અને ધોરણવાર કઠિનબિંદુઓ મળેલાં હતાં.

પ્રસ્તુત અભ્યાસ SAT – ૨૦૨૧-૨૨માં મળેલ કઠિન અધ્યયન નિષ્પતિ આધારિત છે. જિલ્લાવાર, વિષયવાર અને ધોરણવાર કઠિનબિંદુઓ મળેલાં હતાં. તેના કઠિનબિંદુઓ આધારિત આ અભ્યાસ હાથ ધરવામાં આવેલ. આ અભ્યાસમાં પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતાનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. જેથી કઠિનબિંદુને સરળ બનાવી અને અસરકારક વર્ગ વ્યવહાર કરી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ તરીકે ધોરણ ૭ ગણિત વિષયના શિક્ષણ માટે શિક્ષણકાર્ય કરાવેલ. અભ્યાસમાં સમાવિષ્ટ એક કઠિનબિંદુ (M-703) (અપૂર્ણાંકના ગુણાકાર અને ભાગાકાર) ને સરળ કરવા માટે પ્રવૃત્તિકાર્ય દ્વારા સરલીકરણ કાર્યક્રમ કરીને અધ્યાપન કરાવતાં શૈક્ષણિક સિદ્ધિ પર શી અસર થાય છે તે તપાસવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલો હતો.

1. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ છે.

- ધોરણ-૭ના ગણિત વિષયનાં કઠિનબિંદુ M-703 ના સરલીકરણ માટે પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.
- ધોરણ-૭ના ગણિત વિષયનાં પ્રથમ સત્રનાં કઠિનબિંદુના સરલીકરણ માટે રચવામાં આવેલ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ચકાસવી.

2. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ આ મુજબ છે.

- ધોરણ-૭ના ગણિત વિષયના કઠિનબિંદુના સરલીકરણ કાર્યક્રમથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

3. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન પધ્ધતિને અનુસરતુ હતું. કારણ કે પ્રસ્તુત સંશોધનમાં સમાંતર શ્રેણી એકમ માટે એક શૈક્ષણિક યોજના તૈયાર કરવામાં આવી હતી અને એ શૈક્ષણિક યોજનાને વર્ગખંડમાં અમલીકૃત બનાવીને

તેની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર અસર ચકાસવામાં આવી હતી માટે પ્રસ્તુત સંશોધનમાં જ એક જુથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી પ્રકારની પ્રાયોગિક યોજનાને પણ અનુસરવામાં આવી હતી.

- અભ્યાસની રુપરેખાઃ

SAT – ૨૦૨૧-૨૨ના પરિણામના આધારે ધોરણ 7 ના ગણિત વિષયની LEARNING OUT COMES GCERT, ગાંધીનગર દ્વારા તેનો અભ્યાસ કરવાની સૂચના આપવામાં આવી. આ કઠિનબિંદુને આધારે જ વિષયવસ્તુ પસંદ કરવામાં આવેલ. આ કઠિનબિંદુ M-703( અપૂર્ણાંકના ગુણાકાર અને ભાગાકાર )ના સરલીકરણ માટે પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમની રચના કરવામાં આવી હતી. જૂનાગઢ તાલુકાની શ્રી ડુંગરપુર પ્રાથમિક શાળામાં ધોરણ ૭ના એક વર્ગના વિદ્યાર્થીઓ પર પ્રયોગ કરવામાં આવેલો. એક જૂથ પૂર્વ ઉત્તર કસોટી યોજના પદ્ધતિથી કઠિનબિંદુ આધારિત અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું. પ્રયોગને અંતે સિધ્ધિ કસોટી દ્વારા વર્ગની સરેરાશ શૈક્ષણિક સિધ્ધિ મેળવવામાં આવી હતી.

- વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત સંશોધન જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ –સાતમાં અભ્યાસ કરતાં બાળકો ઉપર હાથ ધરવામાં આવ્યું હતું. આથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ –સાતમાં અભ્યાસ કરતાં તમામ બાળકો એ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું . પ્રસ્તુત સંશોધન પ્રયોગિક પ્રકારનુ હોય નમૂના તરીકે શાળાની પસંદગી સહેતુક કરવામાં આવી હતી. જે અંતર્ગત નમૂનાની શાળા તરીકે પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ તાલુકાની શ્રી ડુંગરપુર પ્રાથમિક શાળા પસંદ કરી હતી. પ્રસ્તુત સંશોધનમાં એક જૂથ પૂર્વ ઉત્તર કસોટી યોજના મુજબ પ્રાયોગિક કાર્ય હાથ ધરવાનુ હોય ધો-7 ના એક વર્ગના વિદ્યાર્થીઓ પસંદ કરવામા આવ્યા હતા.

પ્રયોગની અજમાયશ માટે ધોરણ-7ના એક વર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક વર્ગના જૂથને પ્રાયોગિક જૂથ તરીકે લેવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથ ના ૨૮ વિદ્યાર્થીઓને પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ પદ્ધતિથી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું.

- ઉપકરણની સંરચના

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને અનુરૂપ પ્રાયોગિક કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રયોગના અંતે ૨૫ ગુણની એક કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સિધ્ધિ માપવામાં આવી હતી. આ કસોટીમાં કલમોની રચના સંશોધનમાં સમાવિષ્ટ કઠિનબિંદુને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં માત્ર એક કઠિનબિંદુ (M-703)નો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કઠિનબિંદુનું પ્રતિનિધિત્વ કરતી અને સરખો ગુણભાર ધરાવતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામાં આવી હતી.

- માહિતીનું એકત્રીકરણ

પ્રયોગના અંતે સંશોધનમાં સમાવિષ્ટ હેતુઓ આધારિત સિદ્ધિ કસોટી આપવામાં આવી હતી. આ કસોટી પર વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકો સિદ્ધિ પ્રાપ્તાંકો હતા. ઉપરાંત વિદ્યાર્થીઓની પૂર્વ સિદ્ધિ જાણવા માટે તેમની પૂર્વ કસોટી લેવામાં આવી હતી.

- માહિતી વિશ્લેષણની પ્રવિધિ

સિધ્ધિકસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોનુ t-test દ્વારા મળેલ પરિણામનું અર્થઘટન કરવામાં આવ્યુ અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામાં આવી.

4. અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

૧. પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ દ્વારા આપવામાં આવતું શિક્ષણ અસરકારક સાબિત થયું હતું.

૨. પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં સંદર્ભમાં સામાન્ય વર્ગશિક્ષણ કરતાં અસરકારક જોવા મળ્યો હતો.

5. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

a. SAT – 2021-22 આધારિત મળેલ ગણિત વિષયના અન્ય કઠિનબિંદુના સરલીકરણ માટે વર્ગખંડમાં પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય.
b. પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ દ્વારા શિક્ષણ કાર્ય દરમ્યાન વિદ્યાર્થીને સક્રિય બનાવી શકાય છે.
c. પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમ દ્વારા મેળવેલ શિક્ષણ કાર્ય વિદ્યાર્થીને ચિરંજીવી રહે છે.

6. અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત ગણિત વિષયવસ્તુનાં કઠિનબિંદુ (M-703)ના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમનો ઉપયોગ કરી કઠિનબિંદુ આધારિત કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન-અધ્યાપન ક્ષેત્રને સ્પર્શતો હતો. આ ઉપરાંત પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને પણ સ્પર્શતો હતો. આમ પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક માપન અને મૂલ્યાકન પ્રકારનું કહી શકાય.

સારાંશ તૈયાર કરનારઃ- કિશોરકુમાર પી ચિત્રોડા

સારાંશ જમા લેનારઃ- ગીતાબેન કે. સેંજલીયા

વિષયઃ -
ગીર સોમનાથ જિલ્લાના
ડી.એલ.એડ.નાં પ્રથમ અને
દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના
અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો
અભ્યાસ

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ-
ગીર સોમનાથ જિલ્લાના
ડી.એલ.એડ.નાં પ્રથમ અને
દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના
અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો
અભ્યાસ

ભાષાઃ ગુજરાતી

સંશોધકનું નામઃ
કિશોરકુમાર પી. ચિંત્રોડા

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ
ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

**પ્રસ્તાવના**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 અંતર્ગત વિવિધ વિષયો તથા વિવિધ પ્રવાહોનું શિક્ષક એક સાથે વિદ્યાર્થીઓ લઈ શકે તેવી ભલામણ કરવામાં આવી છે. પ્રવર્તમાન સમયમાં અમલી વિવિધ વિષયો ઉપરાંત પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરવામાં આવે છે. શિક્ષણ પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમા શિક્ષકોનું ઘડતર થાય છે ત્યારે પ્રવર્તમાન સમયમાં આવતા બદલાવો તેમજ પરીવર્તનોને પણ ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓનું ઘડતર થાય તે રીતે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવે છે. જે રાજ્ય કક્ષાએથી જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. જેમાં શિક્ષણના અનેક પાસાઓના ધ્યાનમાં લેવામાં આવે છે. સાથે-સાથે અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્યની સમજ વિકસે તેમજ શાળામાં ઇન્ટર્નશીપ દરમિયાન કરવામાં આવતી પ્રવૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. જે અભ્યાસક્રમ અંગે વિદ્યાર્થીઓના મંતવ્યો શું છે તે જાણવાના આશ્રયથી પ્રયોજક દ્વારા સંશોધન હાથ ધરવાનું ઉચિત સમજ્યું હતું.

- અભ્યાસના હેતુઓ
- ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવા.
- ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવા અભિપ્રાયવલિની સંરચના કરવી.
- ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પર જાતીયતાની અસર ચકાસવી.
- ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પર અભ્યાસ પ્રવાહની અસર ચકાસવી.
- અભ્યાસની ઉત્કલ્પનાઓ

  પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાં આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

  - ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા સ્ત્રી તાલીમાર્થી અને પુરુષ તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન

મંદિરોમાં અભ્યાસ કરતા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

- ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા સામાન્ય તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

- સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં ગીર સોમનાથ જિલ્લામાં આવેલ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના ડી.એલ. એડ. અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવાનો હોય જે માટે પ્રયોજક દ્વારા રચવામાં આવેલ અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આથી પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિથી કરવામાં આવ્યું હતું

- અભ્યાસની રુપરેખાઃ

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા અભ્યાસક્રમ આધારિત અભિપ્રાયવલિની સંરચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ ગીર સોમનાથ શહેરના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK વિવિધ અધ્યાપણ મંદિરોના આચાર્યશ્રી તેમજ અધ્યાપકોને SHARE કરવામાં આવેલ. જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

- વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં વર્ષ 2023-24માં ગીર સોમનાથ જિલ્લામાં આવેલ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ હતા.જયારે નમુના તરીકે ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 90 તાલીમાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

- ઉપકરણની સંરચના

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા સૌ પ્રથમ ડી.એલ.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અભ્યાસક્રમને આધારિત ફેરફાર કરવા લાયક મુદ્દાઓની યાદી તૈયાર કરવામાં આવેલ. ડી.એલ.એડના અભ્યાસક્રમમાં જેના આધારે અભિપ્રાયાવલિના વિધાનો તૈયાર કરવામાં આવેલ. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 20 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, તટસ્થ અને અસહમત એમ ત્રણ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી તાલીમાર્થીઓએ દરેક વિધાન સામે આપેલ કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

- માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા અભ્યાસક્રમ આધારિત અભિપ્રાયવલિની સંરચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ ગીર સોમનાથ શહેરના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 90 તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK વિવિધ અધ્યાપણ મંદિરોના આચાર્યશ્રી તેમજ અધ્યાપકોને SHARE કરવામાં આવેલ. જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

- માહિતી વિશ્લેષણની પ્રવિધિ

  પ્રસ્તુત સંશોધનમાં એકત્રિત કરેલ માહિતીને આધારે મળેલ ડેટાનું એક્સેલ પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરી તેને કોડીંગ સ્વરૂપે MATRIX (શ્રેણી) તૈયાર કરવામાં આવી હતી. જેના આધારે પ્રોગ્રામની મદદથી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેની વિગતવાર રજૂઆત પ્રકરણ – 4માં કરવામાં આવેલ હતી.

- અભ્યાસના તારણો

  પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

  a. અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના ડી.એલ.એડ.ના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોના સંદર્ભમાં અભિપ્રાયો જાતીયતાની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.
  b. અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના ડી.એલ.એડ.ના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોના સંદર્ભમાં અભિપ્રાયો અભ્યાસપ્રવાહ દ્રષ્ટિએ અસર એકસમાન હતી.
  c. તાલીમાર્થીઓ અભ્યાસક્રમના સંદર્ભમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં ઇન્ટર્નશીપનો સમયગાળો ઘણો લાંબો છે. એ તાલીમાર્થીઓ પણ સ્વીકારે છે. ઇન્ટર્નશીપનો સમયગાળો વધારે હોવાથી અભ્યાસક્રમના દિવસો ઓછા પડે છે. આ ઉપરાંત પાઠ અવલોકનોની સંખ્યા પણ પ્રમાણમાં વધારે છે.
  d. તાલીમાર્થીઓની દ્રષ્ટિએ ઇન્ટર્નશિપમાં સહચિંતન તેમજ આયોજનના તબક્કાની ખાસ જરૂર નથી. આ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં ઇન્ટર્નશીપ દરમિયાન શાળાઓનો પૂરતો સહકાર મળતો નથી એ વાસ્તવિકતા છે.
  e. શાળાઓમાં સ્માર્ટ ટી.વી.માં જી-શાલા જેવા પ્રોગ્રામ દ્વારા અભ્યાસ કરાવવાનું ખૂબ સરળ બને છે. તે તાલીમાર્થીઓ પણ સ્વીકારે છે. ઇન્ટર્નશીપ દરમિયાન વર્ગકાર્ય કરવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. તેમજ સહઅભ્યાશિક પ્રવૃતિઓ થઈ શક્તિ નથી.
  f. ડી.એલ.એડના અભ્યાસક્રમમાં પ્રથમ અને દ્વિતીય વર્ષનું વિષયવસ્તુ અને બ્લ્યુપ્રિન્ટ યોગ્ય છે આ ઉપરાંત  પૂર્વતૈયારી થઇ શકે તેવા મોડયૂલ પણ શ્રેષ્ઠ છે.
  g. તાલીમાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે 3શાળામાં પ્રાર્થના કાર્યક્રમ તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિ ઉપયોગી બને છે.
  h. ડી.એલ.એડના અભ્યાસક્રમમાં દરમિયાન તાલીમાર્થીઓ છાત્રાલયમાં નિવાસ કરીને અભ્યાસ કરવાથી મૂલયોનો વિકાસ થાય છે આ ઉપરાંત ઘડતર પણ  થાય છે સાથોસાથ સમૂહજીવનની ભાવના વિકસે છે. તેમજ કૌશયપનો વિકાસ થાય છે.

5. શૈક્ષણિક ફલિતાર્થો

   પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- અધ્યાપન મંદિરોમાં ડી.એલ એડના અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્યના સંદર્ભમાં તેના સમયગાળા માટે સૂચનો રાજ્યકક્ષાએથી લેવામાં આવે તો તાલીમાર્થીઓ વધુને વધુ રસ દાખવતાં થાય.
- તાલીમાર્થીમાં મુલ્ય સભાનતા વિકસે તે માટે અધ્યાપન મંદિરોમાં નિયમિત રીતે વ્યાખ્યાનમાળાનું આયોજન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે તાલીમાર્થીઓને સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
- અભ્યાસક્રમ આધારિત સંદર્ભ સાહિત્યનું નિર્માણ શાળા કક્ષાએ કરવામાં આવે તો તાલીમાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો લાવી શકાય.

શાળા કક્ષાએ વિવિધ સ્ત્રોતનો અધ્યાપન દરમિયાન વિનિયોગ કરી શકે તે માટેની સમજ તાલીમાર્થીઓમાં વિકસે તે રીતે માર્ગદર્શન આપવું જોઈએ.

6.અભ્યાસનું ક્ષેત્ર

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસ વ્યવહારિક પ્રકારનું સંશોધન હતુ. વ્યાવહારિક સંશોધન કોઈ એક વર્તમાન સમસ્યાના ઉકેલ અર્થે હાથ ધરવામાં આવતું હોય છે. જ્ઞાનમાં વધારો કરવાનો હેતુ હોતો નથી, પરંતુ સિદ્ધાંત કે નિયમોને વ્યવહારમાં મુકવાનો હેતુ હોય છે. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન સ્પર્શતું હતું.

સારાંશ તૈયાર કરનારઃ- કિશોરકુમાર પી. ચિત્રોડા

સારાંશ જમા લેનારઃ- ગીતાબેન કે. સેંજલીયા

વિષય :ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
જુનાગઢ જિલ્લાની GAS-4 સર્વે અન્વયે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ સરલીકરણ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ : કુ.કે.એચ.ભટ્ટ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

માનવીના જીવનમાં શિક્ષણ દ્વારા સફળતાના શિખરો પ્રાપ્ત કરી શકાય છે. જેની શરૂઆત પ્રાથમિક શાળા કક્ષાએથી થાય છે. પ્રાથમિક શિક્ષણને ગુણવત્તા સભર બનાવવા માટે 21મી સદીના રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા 2005ને ધ્યાને રાખીને ધોરણ 1 થી 8ના અભ્યાસક્રમમાં આમૂલ ફેરફાર કરવામાં આવેલ છે. ગુણવત્તા સભર શિક્ષણના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે રાજ્યકક્ષાએથી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા સતત સિદ્ધિ સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. રાજ્ય કક્ષાએથી વિવિધ સર્વે અંતર્ગત ગુજરાત એચિવમેન્ટ સર્વે-4માં જુનાગઢ જિલ્લામાં પ્રવર્તમાન સ્તર અને વિષયવાર કઠિનબિંદુઓ અલગ તારવી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જુનાગઢ દ્વારા પોતાના સેવાકાલીન કાર્યક્રમને જરૂરિયાતલક્ષી બનાવી અમલીકરણમાં મૂકી શકે તેમજ પ્રવર્તમાન સિદ્ધિ સ્તર અને અપેક્ષિત સિદ્ધિ લક્ષ્યાંક વચ્ચેના અંતરને જાણીને પ્રતિ વર્ષ સિદ્ધિ લક્ષ્યાંકને સિદ્ધ કરી શકે તે હેતુસર જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું સિદ્ધિ સ્તર ચકાસવામાં આવે છે. જે અન્વયે ડાયેટ જુનાગઢને મળેલ પરિણામોને ધ્યાનમાં રાખીને પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં આવેલ કઠિન અધ્યયન નિષ્પત્તિ સરલીકરણ કાર્યક્રમની અને તેની અસરકારકતા ચકાસવાના આશ્રયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનું ઉચિત સમજયુ હતું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

- ધોરણ-6ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક SC603 અને sc 606 આધારિત સરલીકરણ કાર્યક્રમની સંરચના કરવી.
- ધોરણ-7ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક SC703 અને SC706 આધારિત સરલીકરણ કાર્યક્રમની સંરચના કરવી.
- ધોરણ-6ના અને ધોરણ-7નાં વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અનુક્રમે SC603 અને sc 606 તથા SC703 અને SC706 અન્વયે કસોટીની સંરચના કરવી.
- ધોરણ-6ના અને ધોરણ-7નાં વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અનુક્રમે SC603અને sc 606 તથા SC703 અને ,SC706 આધારિત રચવામાં આવેલ કસોટીની અસરકારકતા ચકાસવી.

2. પદ્ધતિ :

અભ્યાસની રૂપરેખા : પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉપકરણ પર વિદ્યાર્થીઓના પ્રતિચાર મેળવવામાં માટે શાળાના આચાર્યની પૂર્વમંજૂરી લેવામાં આવી હતી. ત્યાર બાદ શાળામાં વિદ્યાર્થીઓને કસોટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર રચેલ મહાવરાનું તાસ આધારિત વિભાજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યુંહતું જેમાં .પ્રયોગ નિદર્શન પધ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

નમૂનો : પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે યાદચ્છિક રીતે જુનાગઢ જિલ્લાની શ્રી ખડીયા પ્રાથમિક શાળા અને શ્રી ડુંગરપુર પ્રાથમિક શાળાની નમુના તરીકે પસંદગી કરી હતી. જેમાં એક શાળામાંથી ધોરણ-6 અને એક શાળામાંથી ધોરણ-7માં વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેની રજૂઆત સારણી 3.1માં વિગતવાર કરવામાં આવી હતી.

ઉપકરણ : પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણ કાર્યક્રમની રચના પૂર્વે સંશોધકે ધોરણ-6 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના કઠિનબિંદુનો ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો હતો. જેને આધારે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં એક કાર્યક્રમની સંરચના કરવામાં આવેલ. ધોરણ-6ના વિદ્યાર્થીઓ માટે વનસ્પતિનાવિવિધ ભાગો મૂળ,પ્રકાંડ અને પર્ણ ના કાર્યો વનસ્પતિનું ક્ષુપ ,છોડ અને વ્રુક્ષમાં વર્ગીકરણ ,પ્રકાશ્સંશ્લેષણ પુષ્પના વિવિધ ભાગો   જયારે ધોરણ-7ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પ્રકરણ એસિડ ,બેઇઝ અને ક્ષાર માં એસિડના ગુણધર્મો ,બેઈઝ્ના ગુણધર્મો તટસ્થીકરણ ભૌતિક અને રાસાયણિક ફેરફારો . બંને ધોરણ-6 અને ધોરણ-7ના ચાર ચાર તાસનું આયોજન કરીને અધ્યાપન કાર્ય કરવવામાં આવેલ. પ્રયોજક દ્વારા જ અધ્યયન કઠિન અધ્યયન નિષ્પતિનું અધ્યાપન કાર્ય કરવામાં આવેલ. (તાસ આયોજન પરિશિષ્ટમાં સામેલ છે.) આ ઉપરાંત કાર્યક્રમ આધારિત પૂર્વકસોટી અને ઉત્તર કસોટી બંને ધોરણ માટે તૈયાર કરવામાં આવેલ. જેમાં બહુવિકલ્પ પ્રકારનાં પ્રશ્નો પૂછવામાં આવેલ. વિદ્યાર્થીએ કોઈ એક વિકલ્પ પસંદ કરી પ્રતિચાર આપવાનો હતો. કસોટી કુલ 20 ગુણની હતી. કસોટીમાં પ્રતિચાર આપવા માટે અડધા  કલાકનો સમય રાખવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણની રીત : શાળામાં વિદ્યાર્થીઓને કસોટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર રચેલ મહાવરાનું તાસ આધારિત વિભાજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યુંહતું જેમાં .પ્રયોગ નિદર્શન  પધ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો

માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ-6 અને ધોરણ-7ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ  કસોટી પર આપેલ પ્રતિચારના ગુણના સરાસરીના તફાવતની સરખામણી કરવાની હોવાથી અંકશાસ્ત્રની ટી કસોટી કમ્પ્યુટર આધારિત પ્રોગ્રામ SPSSની મદદથી કરવામાં આવેલ.

3. પરિણામો/તારણો :

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબના હતા.

- ધોરણ-6ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષ્યના કઠિનબિંદુ આધારિત રચેલ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પરંપરાગત પદ્ધતિ કરતાં સાર્થક રીતે  વધુ અસરકારક જોવા મળી હતી.
- ધોરણ-7ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષ્યના કઠિનબિંદુ આધારિત રચેલ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પરંપરાગત પદ્ધતિ કરતાં સાર્થક રીતે  વધુ અસરકારક જોવા મળી હતી.

- બાળક સરળતા થી  વિષયવસ્તુની સમજ મેળવી શકે છે.
- વિદ્યાર્થીઓના વિચારોને વ્યકત કરવાની તક મળે છે એટલે કે સર્જનાત્મકતા વિકસાવી શકાય છે.
- વિદ્યાર્થીઓ વર્ગીકરણ કરતા શીખી શકે

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલ પ્રયોગને અંતે મળેલાં તારણોને આધારે કહી શકાય કે ધોરણ-6 અને ધોરણ-7ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના કઠિનબિંદુઓ આધારિત તૈયાર કરેલ કાર્યક્રમ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક નીવડ્યો હતો.
- શિક્ષકોએ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં રજૂઆતનું માધ્યમમાં સમયાંતરે ફેરફાર કરે તો વિદ્યાર્થીઓ રસપ્રદ માહિતી રજૂ કરી શકાય.
- કઠિન અધ્યયન નિષ્પતિ આધારિત કાર્યક્રમનું પ્રસારણ BISAG નાં માધ્યમની કરવામાં આવે તો વિદ્યાર્થીના મોટા સમુહને તેનો લાભ મળી શકે.

5. સંશોધનનું ક્ષેત્ર : પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે છે.

(1) વિજ્ઞાન અને ટેકનોલોજી

(2) પ્રાથમિક શિક્ષણ

(3) શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

સારાંશ તૈયાર કરનાર : કુ.કે.એચ.ભટ્ટ
સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય :ટીચર એજ્યુકેશન

વિભાગ : ડી.એલ.એડ્

સંશોધનનું શીર્ષક :
જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના મૂલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યોનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ : કુ.કે.એચ.ભટ્ટ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ : dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

આજના સ્પર્ધાત્મક યુગમાં કારકિર્દી ઘડવાનું કાર્ય સાવ સહેલુ નથી તો સાવ અઘરૂ પણ નથી. વૈશ્વિક પ્રવાહો સાથે ઝડપથી બદલાતી આર્થિક સામાજિક પરિસ્થિતિઓ સાથે તાલ મિલાવી શકે તેવી ઉત્તમ કારકિર્દી બનાવવી જરૂરી છે. સરકારશ્રી પ્રવર્તમાન જરૂરિયાતો તેમજ સમાજની જરૂરિયાતોએ ધ્યાનમાં રાખીને શિક્ષણમાં ફેરફાર કરતી હોય છે. આ ફેરફાર મોટેભાગે શાળા કક્ષાએ વધુ જોવા મળે છે. સાક્ષરી વિષયોમાં પણ સમયાંતરે પરિવર્તનો જોવા મળે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 અંતર્ગત વિવિધ વિષયો તથા વિવિધ પ્રવાહોનું શિક્ષણ એક સાથે વિદ્યાર્થીઓ લઈ શકે તેવી ભલામણ કરવામાં આવી છે. પ્રવર્તમાન સમયમાં અમલી વિવિધ વિષયો ઉપરાંત પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરવામાં આવે છે. જેમાં શિક્ષક દ્વારા અનેક પાસાઓના ધ્યાનમાં લેવામાં આવે છે. સાથે સાથે મૂલ્યલક્ષી શિક્ષણ મળે તે માટે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ અધ્યાપન કાર્ય દરમિયાન કરાવવામાં આવે છે. શ્રમકાર્ય, બાળકો સાથેનું સાયુજ્યપૂર્ણ વર્તન તેમજ મનોવૈજ્ઞાનિક પાસાઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયોમાં મૂલ્યલક્ષી જ્ઞાન આપવામાં આવેલ છે. સાથેસાથે વિદ્યાર્થીઓને વિવિધ મુલ્યોની સમજ પ્રાપ્ત થાય તેમજ તે મુલ્ય શિક્ષણ પરત્વેના મંતવ્યો વિકસે તે માટે પ્રયોજક દ્વારા સંશોધન હાથ ધરવાનું ઉચિત સમજ્યું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

કોઈપણ સંશોધન કાર્ય કરતા પહેલા તેના હેતુઓ નક્કી કરવામાં આવે છે. કારણકે તેનાથી સંશોધકને દિશાસૂચન મળી રહે છે. પોતે જ કાર્ય કરવા ઇચ્છે તે તરફ આગળ વધી શકે છે. આથી સંશોધન અભ્યાસ શરૂ કરતા પહેલા તેના હેતુઓ નક્કી કરવામાં આવે છે. પ્રસ્તુત લઘુશોધ નિબંધના હેતુઓ નીચે મુજબ છે.

જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો જાણવા.

- જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા સ્ત્રી તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર જાતીયતાની અસર ચકાસવી.

- જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા પુરુષ લીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર જાતીયતાની અસર ચકાસવી.
- જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર વિસ્તારની અસર ચકાસવી.
- જુનાગઢ જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીને મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યો પર અભ્યાસના પ્રવાહની અસર ચકાસવી.

2. પદ્ધતિ :

અભ્યાસની રૂપરેખા : પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યોની રચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ જુનાગઢ જીલ્લાના  વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતી 123 તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી.

નમૂનો : કોઈપણ સંશોધનમાં નમૂનાની પસંદગીનો પ્રશ્ન મહત્વનો છે કારણ કે, સમગ્ર વ્યાપવિશ્વનો અભ્યાસ કરવો મુશ્કેલ હોય છે. આથી સમગ્ર વ્યાપવિશ્વના નાના ભાગના અભ્યાસ પરથી સમગ્ર વ્યપાવિશ્વ અંગે સામાન્યીકરણ તારવવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે જુનાગઢ જીલ્લામાં  આવેલ વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 123 તાલીમાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા સૌ પ્રથમ મૂલ્ય શિક્ષણ અંગેનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ મૂલ્ય મૂલ્ય શિક્ષણ આધારિત વાર્તાઓ તેમજ દૈનિક જીવનમાં રોજબરોજ ઉપયોગમાં આવતા મૂલ્યોની યાદી તૈયાર કરવામાં આવેલ. ડી. એલ. એડના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મૂલ્યોનો વિગતવાર અભ્યાસ કરી તેને તાલીમાર્થીઓમાં અપેક્ષિત મુલ્યોની યાદી તૈયાર કરવામાં આવેલ. જેના આધારે અભિપ્રાયાવલિના વિધાનો તૈયાર  કરવામાં આવેલ. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સંપૂર્ણ સહમત, સહમત, અસહમત અને સંપૂર્ણ અસહમત વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

માહિતી એકત્રીકરણની રીત : પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા મૂલ્ય શિક્ષણ પરત્વેનાં મંતવ્યોની રચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ જુનાગઢ જીલ્લાના  વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતી 123 તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK જીલ્લાના ડી.એલ.એડ. ગ્રુપમાં મૂકી દરેક અધ્યાપન મંદિર સુધી પહોચાડી તેમના આચાર્ય તથા અધ્યાપકો સાથે ટેલીફોનીક વાત કરી દરેક તાલીમાર્થીઓ આ લિન્કમાં મોકલેલ માહિતી ભરી અભીપ્રયાવલી માં પ્રતિચાર આપવા જણાવેલ  જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત અભ્યાસના માહિતી એકત્રીકરણ માટે જિલ્લાના અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની નમુના તરીકે પસંદગી કરવામાં આવેલ હતી. પ્રયોજક દ્વારા માહિતી GOOGLE FOAMના માધ્યમથી એકત્રિત કરવામાં આવેલ હતી. માહિતી વિશ્લેષણ માટે કાઇ–વર્ગ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવેલ હતું.

3. પરિણામો/તારણો :

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

i. મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો જાતીયતાની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.

ii. મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો વિસ્તારની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.

iii. મૂલ્ય ઘડતર પ્રત્યે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના અભિપ્રાયો અભ્યાસ પ્રવાહની દ્રષ્ટિએ તફાવત જોવા મળી હતી. સૌથી વધુ મૂલ્ય ઘડતર અંગે કોમર્સ પ્રવાહનાં વિદ્યાર્થીઓ અન્ય તમા અભ્યાસ પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા ઊંચા અભિપ્રાય ધરાવતા હતા.

iv. અધ્યાપન મંદિરોમાં અધ્યયન અધ્યાપન દરમિયાન અધ્યાપકો દ્વારા મૂલ્ય અંગે સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રશિક્ષણ સંસ્થાઓમાં મૂલ્યનું ઘડતર માટે અભ્યાસક્રમની સંરચના વિશિષ્ટ રીતે ધ્યાન આપવામાં આવે આવે છે.

v. શિક્ષકો દ્વારા તાલીમાર્થીઓમાં મૂલ્યોનો વિકાસ થાય તે રીતે પ્રાર્થના કાર્યક્રમમાં પ્રયત્નો કરવામાં આવે છે.

vi. તાલીમાર્થીઓને વિવિધ પ્રકારના મુલ્યોની સમજ એ સાંસ્કૃતિક કાર્યક્રમોની નિપજ છે. સાંસ્કૃતિક મૂલ્યની સમજ શાળા કક્ષાએ વિવિધ તહેવારો તેમજ દિન વિશેષની ઉજવણી દ્વારા કેળવી શકાય.

vii. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં વિવિધ ઇન્ડોર અને આઉટડોર રમતો દ્વારા બાળકોમાં તંદુરસ્ત વાતાવરણની સમજ તેમજ અન્ય લોકોનો પણ સ્વીકાર અને સમાનતાના મુલ્યની સમજ વિકસાવી શકાય. તેમજ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સમુહ જીવનની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાવી શકાય.

viii. ક્ષેત્રીય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં nurturing તેમજ caring અંગેના મુલ્યોની સમજણ આપી શકાય. તેમજ સમૂહમાં રહેવાથી એકબીજા પ્રત્યેનાં સ્વીકાર તેમજ અન્ય વ્યક્તિઓ પ્રત્યેનું સહાનુભુતિનું મુલ્ય વિકસાવી શકાય.

ix. અહિંસા, સામાજિક મુલ્યો તેમજ વર્તન, વાણી વગેરે શિક્ષકોનાં આચરણ અને વ્યવહાર દ્વારા વિકસાવી શકાય.

x. અભ્યાસક્રમની સમજ સ્પષ્ટ રીતે આપવામાં આવેલ તો વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત વિકાસ તેમજ અન્યનો સ્વીકાર જેવી ભાવના વિકસાવી શકાય.

xi. પ્રશિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવાથી શિસ્ત અંગેના મુલ્યો તેમજ આત્મવિશ્વાસ, તેમજ નેતૃત્વનાં ગુણોનો વિકાસ કરી શકાય.

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

a. અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓમાં મૂલ્ય ઘડતર માટે અન્ય MOTIVATIONAL LECTUREનું આયોજન કરીને મુલ્યોની સમજ આપી શકાય.

b. તાલીમાંર્થીમાં મુલ્ય વિકસે તે માટે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં વિષયવસ્તુ આધારિત નિષ્પન્ન થતા મુલ્યો ઉમેરવા જોઈએ.

c. અધ્યાપન મંદિરોમાં નિયમિત રીતે તાલીમાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

d. મૂલ્ય શિક્ષણ આધારિત આધારિત પુસ્તક અભ્યાસક્રમમાં દાખલ કરવું જોઈએ. રાજ્ય કક્ષાએથી તે માટે સાહિત્યનું નિર્માણ કરવું જોઈએ.

5. સંશોધનનું ક્ષેત્ર :

પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે છે.

i. શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન
ii. શિક્ષણ પ્રશિક્ષણ
iii. શૈક્ષણિક મનોવિજ્ઞાન

સારાંશ તૈયાર કરનાર : કુ.કે.એચ.ભટ્ટ

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
જૂનાગઢ જિલ્લામાં યોગ શિક્ષણ તાલીમની અસરકારકતાનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ : એ.સી.વ્યાસ

ઑફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

શાળાએ જતા વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને સુખાકારી સર્વોચ્ચ મહત્વ ધરાવે છે  કારણ કે તે તેમના શિક્ષણ અને વિકાસને અસર કરે છે. રાષ્ટ્રીય શૈક્ષિણક સંસાધન અને તાલીમ પરિષદ( NCERT ) એ પહેલાથી પ્રાથમિકથી માધ્યમિક તબક્કા સુધી શાળા આરોગ્ય અને સુખાકારી માટેના અભ્યાસક્રમ માળખાને વિકસિત કરી દીધા છે માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર દ્વારા તરુણાવસ્થા નાં શાળાએ જતા બાળકો નાં આરોગ્ય ને ધ્યાનમાં રાખીને શાળામાં નિયમિત યોગ નો અભ્યાસ કરાવવામાં આવે તે હેતુથી શાળામાં યોગ ના અભ્યાસ ને દાખલ કરવામાં આવેલ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને GCERT – ગાંધીનગર દ્વારા દર વર્ષે શાળાના શિક્ષકો માટે યોગ તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ તાલીમ દરમિયાન આરોગ્ય અને સુખાકારીને ધ્યાનમાં રાખીને  – ૧૧ મુદ્દા ને અનુલક્ષીને મોડ્યુલ નાં  માર્ગદર્શન અંતર્ગત તાલીમ આપવામાં આવી. આ મોડ્યુલ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકો કેટલી જાગૃતતા કેળવી શક્યા તેના અભ્યાસ માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું.

પ્રસ્તૃત સંશોધન નીચેના – ૧૧ મુદ્દા  ના અભ્યાસ પર આધારિત છે.

1. યોગ ની સામાન્ય સમજ
2. યોગ ની પૂર્વ તૈયારી
3. યમ અને નિયમ
4. યોગાસન
૫. પ્રાણાયામ
૬.પ્રત્યાહાર – ધારણા
૭.ધ્યાન – સમાધિ
૮.પ્રાર્થનાસભામાં યોગ અને આરોગ્ય
૯. યોગ અભ્યાસક્રમ અને સ્પર્ધાના આસનો
૧૦. દેશી રમતો
૧૧ યોગ તાલીમના પ્રતિભાવો

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

સમગ્ર સંશોધનકાર્યનો કેન્દ્રીય ભાગ સંશોધનના હેતુઓ છે. હેતુઓ સ્પષ્ટ થયા બાદ જ ચોક્કસ દિશામાં આગળ ધપી શકાય. પ્રસ્તુત સંશોધન પણ નીચેના હેતુઓને ધ્યાને લઈને હાથ ધરવામાં આવ્યું હતું.

- યોગ તાલીમ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

- યોગ ની સામાન્ય સમજ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- યોગ ની પૂર્વ તૈયારી અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- યમ અને નિયમ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- યોગાસન અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો
- પ્રાણાયામ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો
- પ્રત્યાહાર – ધારણા અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો
- ધ્યાન – સમાધિ અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- પ્રાર્થનાસભામાં યોગ અને આરોગ્ય અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- યોગ અભ્યાસક્રમ અને સ્પર્ધાના આસનો અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- દેશી રમતો અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો. પ્રાથમિક શાળાના શિક્ષકોના યોગ તાલીમના પ્રતિભાવો અંતર્ગત પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત સંશોધનના સંશોધન પ્રશ્નો આ મુજબ હતા.

- યોગ તાલીમ કાર્યક્રમથી તાલીમાર્થી શિક્ષકોને કયા ફાયદાઓ થશે અને કેવી જાગૃતતા આવશે ?
- યોગ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- યોગ ની સામાન્ય સમજ અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો અભિપ્રાયો શું હશે ?
- યોગ ની પૂર્વ તૈયારી અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?.
- યમ અને નિયમ અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- યોગાસન મૂલ્યો અને નાગરિકતા અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના ના અભિપ્રાયો શું હશે ?
- પ્રાણાયામ અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- પ્રત્યાહાર – ધારણા અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- ધ્યાન – સમાધિ અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- પ્રાર્થનાસભામાં યોગ અને આરોગ્ય અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- યોગ અભ્યાસક્રમ અને સ્પર્ધાના આસનો તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- દેશી રમતો અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
- યોગ તાલીમના પ્રતિભાવો અંતર્ગત તાલીમાર્થી શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?

2. પદ્ધતિ :

I. અભ્યાસની રૂપરેખા :

પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉપકરણ પર તાલીમાર્થીઓના પ્રતિચાર મેળવવામાં માટે ગૂગલ ફોર્મની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ કસોટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર તાલીમનું
આયોજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું

II. નમૂનો : પ્રસ્તુત અભ્યાસ માટે નમૂનાની પસંદગી યાદ્દચ્છિક રીતે કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં કાર્યરત સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો પૈકી કુલ – ૨૦૦ શિક્ષકો પ્રસ્તુત સંશોધનના નમૂના તરીકે પસંદ થયેલ હતા

III. ઉપકરણ : પ્રસ્તુત સંશોધન માટે નમૂનામાં સમાવિષ્ટ ૨૦૦ પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરેલ હતો.

IV. માહિતી એકત્રીકરણની રીત : પ્રસ્તુત સંશોધન માટે સૌ પ્રથમ યોગ તાલીમ કાર્યક્રમ ની તાલીમ આપવામાં આવી હતી . આ તાલીમ ડાયટ દ્વારા આપવામાં આવી હતી . ત્યારબાદ માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરેલ હતો. સંબંધિત પ્રાથમિક શાળાના શિક્ષકોની માહિતી મેળવી હતી.

V. માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત સંશોધન માટે સંશોધક દ્વારા નિયત અભિપ્રાયાવલિના દ્વારા નમૂનાના પાત્રોના પ્રતિભાવો વિષયક માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ હતી. માહિતી મેળવ્યા બાદ મળેલ માહિતીનું ટકાવારી દ્વારા પૃથકકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

3. પરિણામો/તારણો :

પ્રસ્તુત સંશોધનના તારણો આ. મુજબ હતા.

* યોગ નીસામાન્ય સમજ-

(૧)યોગ એટલે યોગાસન , આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૨)યોગ એટલે શરીર અને મન નું જોડાણ, આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(3) યોગ માનસિક શાંતિ માટેનું માધ્યમ છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૪) યોગ થી સંપૂર્ણ તંદુરસ્તી મેળવી શકાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૫) યોગ થી રોગ દુર કરી શકાય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* . યોગ ની પૂર્વતૈયારી-

(૧) યોગ કરતી વખતે સુવિધાજનક ખુલતા કપડા પહેરવા જોઈએ . આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) યોગ કરવાની જગ્યા સ્વચ્છ , શાંત અને હવા-ઉજાસવાળી હોવી જોઈએ . આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(3) બીમાર વ્યક્તિને યોગાસન કરાવવા જોઈએ નહિ. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) સ્નાન કર્યા પછી યોગાસનો કરાવવાથી વધારે ફાયદો થાય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) યોગાસન માટે પ્રાત:કાળનો સમય ઉત્તમ માનવામાં આવે છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

* યમ અને નિયમ-

(૧) યમ એટલે આચરણ કરવા યોગ્ય વ્યવહાર આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૨) નિયમ એટલે સ્વ પર નું નિયંત્રણ આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(3) શૌચ એટલે શુદ્ધિ કરવાની પ્રક્રિયા આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૪) અસ્તેય એટલે ચોરી ના કરવી આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) યમ – નિયમ ના પાલન થી યોગ માં આગળ વધી શકાય છે આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* યોગાસન-

(૧) સુખપૂર્વક ની સ્થિતિ એટલે આસન આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) યોગ એટલે વિવિધ પ્રકારના આસનો આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૩) ધ્યાનલક્ષી આસનો ના અભ્યાસ થી ધ્યાન કરવામાં મદદ મળે છે . આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) સ્વાસ્થ્યલક્ષી આસનોથી નિરોગી રહી શકાય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) આધ્યાત્મિક ઉન્નતી માટે પણ આસન કરવામાં આવે છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* પ્રાણાયામ-

(૧) યોગ એટલે પ્રાણ ની ઉપાસના આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) પ્રાણાયામ ના માધ્યમ થી જ યોગ ની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ મેળવી શકાય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૩) પ્રાણાયામ ના નિયમિત અભ્યાસ થી રક્તશુદ્ધિ થાય છે આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) પ્રાણાયામ થી નાડીશુદ્ધિ થાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૫) અયોગ્ય પદ્ધતિથી પ્રાણાયામ કરવામાં આવે તો નુકસાન થાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

* પ્રત્યાહાર – ધારણા-

(૧) પ્રત્યાહાર એટલે અંતરંગ યોગ નું પ્રવેશદ્વાર આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) પ્રત્યાહાર માં પાંચ જ્ઞાનેન્દ્રિય ની સમજુતી આપવામાં આવે છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૩) ધારણા કરવાથી સમાધિ સુધી પહોચી શકાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) શુદ્ધ ચિત્ત ને કોઇપણ વસ્તુમાં એકાગ્ર કરવું એટલે ધારણા આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૫) સૌ પ્રથમ સાધકે બાહ્ય ધારણા નો અભ્યાસ કરવો જોઈએ આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

* ધ્યાન અને સમાધિ-

(૧) મનની સર્વોચ્ચ એકાગ્રતાની અવસ્થા તે ધ્યાન છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) ધારણા અને ધ્યાન બંને સમાન છે આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૩) મન પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાની ક્રિયા એટલે ધ્યાન આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૪) યોગ નું અંતિમ ધ્યેય સમાધિ છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૫) સમાધિ દ્વારા મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

* પ્રાર્થનાસભામાં યોગ અને આરોગ્ય -

(૧) આંખ ની ક્રિયા નિયમિત કરવાથી આંખનું તેજ વધે છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૨) ગરદનનું પરિભ્રમણ નિયમિત કરવાથી ગરદનના સ્નાયુઓ મજબુત બને છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૩) સ્વરપેટી પર હળવા ટકોરા મારવાથી સ્વરપેટી વધુ કર્યક્ષમ બને છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૪) ખભાનું પરિભ્રમણ નિયમિત કરવાથી ખભાના સ્નાયુઓ તેમજ સાંધા મજબુત બને છે આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) કાંડા નું પરિભ્રમણ નિયમિત કરવાથી અક્ષરો સુડોળ બને છે અને લેખન કાર્યક્ષમતા વધે છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* યોગ અભ્યાસક્રમ અને સ્પર્ધાના આસનો-

(૧) યોગ – પ્રાણાયામ અને ધ્યાન વિદ્યાર્થીઓને નિયમિત કરાવવા જોઈએ આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) યોગ ની સ્પર્ધામાં વયજૂથ મુજબ વિદ્યાર્થીઓને તૈયાર કરવા જોઈએ આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૩) યોગ ની સ્પર્ધામાં કક્ષા  મુજબ વિદ્યાર્થીઓને તૈયાર કરવા જોઈએ આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) યોગ ની સ્પર્ધામાં આસનનો સમય નિશ્ચિત હોય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) કિશોરાવસ્થા યોગ ના અભ્યાસ ની શરૂઆત માટે ઉત્તમ સમય છે. આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* દેશી રમતો –

(૧) વિદ્યાર્થીઓને અઠવાડિયામાં ૧ -વખત દેશી રમતો રમાડવી જોઈએ . આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૨) દેશી રમતોથી શારીરિક અને માનસિક વિકાસ થાય છે. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૩) દેશી રમતોના અભ્યાસ થી ગણિત વિષય ની સિદ્ધી મેળવી શકાય છે.આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૪) દેશી રમતોના અભ્યાસ થી વિજ્ઞાન  વિષય ની સિદ્ધી મેળવી શકાય છે.આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૫) દેશી રમતોના અભ્યાસ થી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

* યોગ તાલીમ ના પ્રતિભાવો –

(૧) યોગની  તાલીમ નિવાસી હોવી જોઈએ. .આ વિધાન બાબતે શિક્ષકો ની સમજ સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શન ની જરૂરિયાત છે.

(૨) યોગની  તાલીમ ૫- દિવસની  હોવી જોઈએ. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૩) યોગની  તાલીમમાં  ષટકર્મ માટે વિશેષ સમય મળવો   જોઈએ. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૪) યોગ ની તાલીમનો સમય સવારે ૫-00 થી સાંજના ૭ -00 વાગ્યા સુધીનો હોવો જોઈએ. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

(૫) યોગની તાલીમમાં" વિવિધ રોગો  માટે યોગ " ના મુદ્દાનો સમાવેશ કરવો જોઈએ. આ વિધાન બાબતે શિક્ષકો યોગ્ય સમજ ધરાવે છે.

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે, જે દિશામાં શાળના શિક્ષકો , વાલીઓ ,યુનિવર્સિટી, કોલેજના આચાર્ય અને અધ્યાપકોએ જરૂરી આયોજન કરવું જોઈએ.

1. યોગ કાર્યક્રમના ૧૧- મુદ્દા જે વિદ્યાર્થિઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે આવશ્યક છે તેના માટે શાળાના આચાર્યો , શિક્ષકો , તાલીમાર્થીઓ અને વાલીઓએ સજાગતા , જાગૃતતા કેળવવી જરૂરી છે.
2. સરકારની યોગ અભ્યાસ વિષયક યોજનાઓ,અભ્યાસો , સ્પર્ધાઓ અને લાભો થી શાળા, શિક્ષકો અને વાલીઓએ જાગૃત થવું જોઈએ,
3. યોગ વિષે ની સામાન્ય સમજ શિક્ષકો અને તાલીમાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને અપાવી જોઈએ .
4. યોગ કરવા માટે વિદ્યાર્થીઓનો શારીરિક ,માનસિક રીતે તૈયાર થાય થાય તેની જવાબદારી , વાલી ,શિક્ષક અને શાળાની છે.
5. વિદ્યાર્થિઓ તરુણાવસ્થામાં યોગ નું માર્ગદર્શન મેળવે અને સમજે તથા અષ્ટાંગ યોગ વિશે શિક્ષકો સમજે અને વિદ્યાર્થીઓને તે મુજબ માર્ગદર્શન આપે તે જરૂરી છે.
6. વિદ્યાર્થીઓ સાચી પદ્ધતિ થી યોગ કરતા થાય તે માટે શિક્ષકે સજ્જ બનવું જરૂરી છે.
7. વિદ્યાર્થીઓ પ્રાર્થનામાં પ્રાણાયામ નિયમિત કરે એવું આયોજન કરવું જોઈએ.
8. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ, યોગ માટે યોગ્ય સાત્વિક આહાર ની સમજ શાળા કક્ષાએ અપાવી જોઈએ.
9. વિદ્યાર્થી અવસ્થામાં એકાગ્રતા કેળવવા માટે દયાન ખૂબ જરૂરી છે. તેના માટે યોગ ઉત્તમ માધ્યમ છે.
10. વિદ્યાર્થીઓને યોગ ની સ્પર્ધાઓ માટે તૈયાર કરવાની જવાબદારી શિક્ષકોની છે.
11. વિદ્યાર્થીઓને સમયાન્તરે દેશી રમતો રમાડવી જરૂરી છે.
12. યોગ ની તાલીમ નિવાસી હોય તો વધુ સારું માર્ગદર્શન અને પ્રાયોગિક કાર્ય માટે વિશેષ સમય મળી રહે.
13. વિવિધ રોગો માટે કેવા પ્રકારના યોગ કરવા જોઈએ એવા મુદ્દાનો સમાવેશ તાલીમના મોડ્યુલમાં કરવો જોઈએ.

5. સંશોધનનું ક્ષેત્ર : પ્રાથમિક શિક્ષણ

સારાંશ તૈયાર કરનાર : એ.સી.વ્યાસ

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય :ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
ICT તાલીમ(બૈઝીક ઓફ કોડીંગ-સ્કેચ)ની અસરકારકતાનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ : એ.સી.વ્યાસ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

શિક્ષણ મંત્રાલય દ્વારા સૂચિત 'નવી શિક્ષણ નીતિ 2020' માં જણાવેલ છે કે ભારત ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી અને અવકાશ જેવા અન્ય ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડે છે. 'ડિજિટલ ઇન્ડિયા અભિયાન' સમગ્ર દેશને ડિજિટલ સશક્ત સમાજમાં પરિવર્તિત કરવામાં મદદ કરી રહ્યું છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ આ રૂપાંતરમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે અને ટેક્નોલોજી પોતે શૈક્ષણિક પ્રક્રિયાઓ અને પરિણામોના સુધારણામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આમ, તમામ સ્તરે ટેક્નોલોજી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ દ્વિપક્ષીય છે. ટેક્નોલોજી અસરકારક હોઇ શકે તેવું બીજું મહત્વપૂર્ણ ક્ષેત્ર અધ્યયન-અધ્યાપન અને મૂલ્યાંકનની વર્ગખંડની પ્રક્રિયાઓમાં છે.

અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા મુખ્યત્વે પાઠ્યપુસ્તક અને તેમાં આપવામાં આવેલ વિષયાંગને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવે છે. આ પ્રક્રિયાના આયોજન માટે વિષયાંગની સાથે સાથે સંબંધિત અધ્યયન અધ્યાપન સામગ્રીના ઉપયોગનું પણ આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભે, અધ્યયન અધ્યાપન સામગ્રી જો ટેક્નોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ હોય, એટલે કે ઇ-મટીરીયલ, તો તેનો ઉપયોગ વર્ગખંડમાં કરવા માટેનું આયોજન થઇ શકે છે. પરંતું, આ વ્યવસ્થામાં દરેક વિષયાંગ માટે ઇ-મટીરીયલ તૈયાર કરવાનું કૌશલ્ય તમામ શિક્ષકો પાસે હોય તે અપેક્ષિત નથી. આથી, એ જરૂરી બને કે શિક્ષકોને તેમના વિષય સંદર્ભે જરૂરિયાત અનુસારનું ઇ-મટીરીયલ સરળતાથી પ્રાપ્ત થાય અને તેનો ઉપયોગ વર્ગખંડમાં સંલગ્ન અધ્યયન નિષ્પતિઓને સિદ્ધ કરવા માટે કરે અને બાળકોનાં અધ્યયન સ્તરમાં વધારો થાય તેવા પ્રયત્નો કરે.

આ અનુસંધાને, ડાયેટ જૂનાગઢ દ્વારા ૨૦૨૩-૨૪ માં જૂનાગઢ જિલ્લાની તમામ તાલુકાના તજજ્ઞ(MT) વર્ગ તથા કેશોદ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળા દીઠ એક શિક્ષકને ICTની તાલીમ (બૈઝીક ઓફ કોડીંગ-સ્કેચ) આપવામાં આવેલ હતી. આ તાલીમની અસરકારકતા જાણવા માટે પ્રયોજકે આ સંસોધન હાથ ધરવામાં આવેલ હતું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

હેતુઓ :

1. જૂનાગઢ જિલ્લામાં ICT તાલીમની અસરકારકતાની પ્રશ્નાવલી સંરચના કરવી.

2. જૂનાગઢ જિલ્લામાં ICT તાલીમની અસરકારકતા ચકાસવી

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.

1. . શું ICT તાલીમ(બૈઝીક ઓફ કોડીંગ-સ્ક્રેચ) ની અસરકારક રહી હશે

2. પદ્ધતિ :

I. અભ્યાસની રૂપરેખા :
પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉપકરણ પર તાલીમાર્થીઓના પ્રતિચાર મેળવવામાં માટે ગૂગલ ક્વીઝની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ કસૉટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર તાલીમનું
આયોજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

II. નમૂનો : આ સંશોધનમાં સંશોધકે જૂનાગઢ જિલ્લાની 93 પ્રાથમિક શાળાના એક શિક્ષકને નમુના તરીકે પસંદ કરેલ હતો. એટલે કે નમૂનામાં 93 શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ હતી

III. ઉપકરણ : ઉપકરણ તરીકે સંશોધક દ્વારા તાલીમ દરમ્યાન લેવામાં આવેલ મુદ્દાઓને અનુરૂપ પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે પરિશિષ્ટ ૧ માં આપેલ છે.

IV. માહિતી એકત્રીકરણની રીત : માહિતી એકત્રીકરણ એ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે. અહીં ICT તાલીમના આધારે સંશોધક દ્વારા તૈયાર કરેલ પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવેલ હતી. જેમાં 20 પ્રશ્નો હતા. જેનો શિક્ષકશ્રીએ Google Quize દ્વારા જવાબ આપવાનો હતો. આ પ્રશ્નાવલી નું એક ગૂગલ ફોર્મ તૈયાર કરવામાં આવેલ હતું. જેના દ્વારા શિક્ષકોના પ્રતિચાર રેકોર્ડ-(પ્રિ તથા પોસ્ટ ટેસ્ટના મેળવેલ ગુણ) કરવામાં આવેલ હતા.

V. માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત અભ્યાસમાં જુનાગઢ જિલ્લામાં ICT તાલીમ(બૈઝીક ઓફ કોડીંગ-સ્ક્રેચ)ની અસરકારકતા જાણવા ૯૩ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. પ્રશ્નાવલીમાં ICT તાલીમના મુદ્દોઓને અનુરૂપ કૌશલ્યને આધારિત ધ્યાનમાં રાખીને નમૂનાના પાત્રો પાસેથી માહિતી એક સમાન પ્રિ તથા પોસ્ટ ટેસ્ટ ગુગલ ફોર્મ દ્વારા એકત્રિત કરવામાં આવેલ. આ માહિતીને આધારિત શ્રેણી તૈયાર કરવામાં આવી હતી. જે માટે અંકશાસ્ત્રના વર્ણનાત્મક માપો મેળવવામાં આવ્યા હતા. જેની t–ટેસ્ટ કસોટી એક્સેલની એપ્લીકેશન દ્વારા ગણતરી કરવામાં આવેલ હતી.

3. પરિણામો/તારણો : 1. ICT તાલીમ(બૈઝીક ઓફ કોડીંગ-સ્ક્રેચ) અસરકારક રહી છે

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

1. આઈસીટી તાલીમ પ્રાથમિક શાળા કક્ષાએ સતત ચાલુ રાખવું જોઈએ.
2. આઈસીટી તાલીમનું મોનીટરીંગ સતત થવું જોઈએ.

5. સંશોધનનું ક્ષેત્ર : પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે

સારાંશ તૈયાર કરનાર : એ.સી.વ્યાસ

સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા

વિષય :ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક :
જુનાગઢ જિલ્લાની GAS-4 સર્વે અન્વયે ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ(M610.6) સરલીકરણ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ : એ.સી.વ્યાસ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

સારાંશ તૈયાર કરનાર : એ.સી.વ્યાસ
સારાંશ જમા લેનાર :
ડૉ. ગીતા કે. સેંજલીયા

પ્રાસ્તાવિક :

માનવીના જીવનમાં શિક્ષણ દ્વારા સફળતાના શિખરો પ્રાપ્ત કરી શકાય છે. જેની શરૂઆત પ્રાથમિક શાળા કક્ષાએથી થાય છે. પ્રાથમિક શિક્ષણને ગુણવત્તા સભર બનાવવા માટે 21મી સદીના રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા 2005ને ધ્યાને રાખીને ધોરણ 1 થી 8ના અભ્યાસક્રમમાં આમૂલ ફેરફાર કરવામાં આવેલ છે. ગુણવત્તા સભર શિક્ષણના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે રાજ્યકક્ષાએથી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા સતત સિદ્ધિ સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. રાજ્ય કક્ષાએથી વિવિધ સર્વે અંતર્ગત ગુજરાત એચિવમેન્ટ સર્વે-4માં જુનાગઢ જિલ્લામાં પ્રવર્તમાન સ્તર અને વિષયવાર કઠિનબિંદુઓ અલગ તારવી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જુનાગઢ દ્વારા પોતાના સેવાકાલીન કાર્યક્રમને જરૂરિયાતલક્ષી બનાવી અમલીકરણમાં મૂકી શકે તેમજ પ્રવર્તમાન સિદ્ધિ સ્તર અને અપેક્ષિત સિદ્ધિ લક્ષ્યાંક વચ્ચેના અંતરને જાણીને પ્રતિ વર્ષ સિદ્ધિ લક્ષ્યાંકને સિદ્ધ કરી શકે તે હેતુસર જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું સિદ્ધિ સ્તર ચકાસવામાં આવે છે. જે અન્વયે ડાયેટ જુનાગઢને મળેલ પરિણામોને ધ્યાનમાં રાખીને પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ ગણિત વિષયમાં આવેલ કઠિન અધ્યયન નિષ્પત્તિ સરલીકરણ કાર્યક્રમની અને તેની અસરકારકતા ચકાસવાના આશ્રયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનું ઉચિત સમજયુ હતું.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

1. ધોરણ-6ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M610.6 આધારિત સરલીકરણ કાર્યક્રમની સંરચના કરવી.
2. ધોરણ-6ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક અનુક્રમે M610.6 આધારિત રચવામાં આવેલ કસોટીની અસરકારકતા ચકાસવી.

ઉત્કલ્પનાઓ આંકડાશાસ્ત્રીય રીતે તપાસી શકાય તે હેતુથી સંશોધકે નીચે મુજબની શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. ધોરણ-6નાં વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના કઠિનબિંદુઓ M610.6 આધારિત રચેલ કાર્યક્રમ અન્વયે વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાયોગિક તથા નિયંત્રિત જૂથ પરના પ્રાપ્તાંકોના સરાસરી આંક વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

2. પદ્ધતિ :

I. અભ્યાસની રૂપરેખા :

પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉપકરણ પર વિદ્યાર્થીઓના પ્રતિચાર મેળવવામાં માટે શાળાના આચાર્યની પૂર્વમંજૂરી લેવામાં આવી હતી. ત્યાર બાદ શાળામાં વિદ્યાર્થીઓને કસોટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર

રચેલ મહાવરાનું તાસ આધારિત વિભાજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યુંહતું જેમાં .પ્રયોગ નિદર્શન પધ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

II. નમૂનો : પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે યાદચ્છિક રીતે જુનાગઢ જિલ્લાની શ્રી ડુંગરપુર પ્રાથમિક શાળાની નમુના તરીકે પસંદગી કરી હતી. જે શાળામાંથી ધોરણ-6 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

III. ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણ કાર્યક્રમની રચના પૂર્વે સંશોધકે ધોરણ-6 ના ગણિત વિષયના કઠિનબિંદુનો ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો હતો. જેને આધારે વિદ્યાર્થીઓમાં ગણિત વિષયમાં એક કાર્યક્રમની સંરચના કરવામાં આવેલ. ધોરણ-6ના વિદ્યાર્થીઓ માટે બહુકોણના અંગોને(શિરોબિંદુ, ખૂણા, વિકર્ણ ની સંખ્યા) ઓળખાતા થાય.

.ધોરણ-6ના ત્રણ તાસનું આયોજન કરીને અધ્યાપન કાર્ય કરવવામાં આવેલ. પ્રયોજક દ્વારા જ અધ્યયન કઠિન અધ્યયન નિષ્પતિનું અધ્યાપન કાર્ય કરવામાં આવેલ. (તાસ આયોજન પરિશિષ્ટમાં સામેલ છે.) આ ઉપરાંત કાર્યક્રમ આધારિત ઉત્તર કસોટી ધોરણ-૬ માટે તૈયાર કરવામાં આવેલ. જેમાં બહુવિકલ્પ પ્રકારનાં પ્રશ્નો પૂછવામાં આવેલ. વિદ્યાર્થીએ કોઈ એક વિકલ્પ પસંદ કરી પ્રતિચાર આપવાનો હતો. કસોટી કુલ ૧૫ ગુણની હતી. કસોટીમાં પ્રતિચાર આપવા માટે અડધા કલાકનો સમય રાખવામાં આવ્યો હતો.

IV. માહિતી એકત્રીકરણની રીત :

પ્રસ્તુત અભ્યાસમાં રચેલ ઉપકરણ પર વિદ્યાર્થીઓના પ્રતિચાર મેળવવામાં માટે શાળાના આચાર્યની પૂર્વમંજૂરી લેવામાં આવી હતી. ત્યાર બાદ શાળામાં વિદ્યાર્થીઓને કસોટી લેવાનો હેતુ તેમજ તેના આધાર પર રચેલ મહાવરાનું તાસ આધારિત વિભાજન કરી તેને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યુંહતું જેમાં .પ્રયોગ નિદર્શન પધ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો .

V. માહિતીનું પૃથક્કરણ : પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ-6 ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ કસોટી પર આપેલ પ્રતિચારના ગુણના સરાસરીના તફાવતની સરખામણી કરવાની હોવાથી અંકશાસ્ત્રની ટી કસોટી કમ્પ્યુટર આધારિત પ્રોગ્રામ એક્સેલની મદદથી કરવામાં આવેલ

3. પરિણામો/તારણો :

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબના હતા.

1. ધોરણ-6ના ગણિત વિષયના કઠિનબિંદુ આધારિત રચેલ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પરંપરાગત પદ્ધતિ કરતાં સાર્થક રીતે વધુ અસરકારક જોવા મળી ન હતી.

2. ગણિત વિષયના વિવિધ ખ્યાલો, સંકલ્પનાઓ સરળ રીતે સમજી ન શક્યા.

4. સંશોધન ફલિતાર્થો :

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

1. પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલ પ્રયોગને અંતે મળેલાં તારણોને આધારે કહી શકાય કે ધોરણ-6 ના ગણિત વિષયના કઠિનબિંદુઓ આધારિત તૈયાર કરેલ કાર્યક્રમ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક ન હતો.

2. શિક્ષકોએ ગણિત વિષયમાં રજૂઆતનું માધ્યમમાં સમયાંતરે ફેરફાર કરે તો વિદ્યાર્થીઓ રસપ્રદ માહિતી રજૂ કરી શકાય.

5. સંશોધનનું ક્ષેત્ર : પ્રાયોગિક

વિષયઃ - જુનાગઢ જિલ્લાના ડી.એલ.એડ.નાં પ્રથમ અને દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો અભ્યાસ

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ- જુનાગઢ જિલ્લાના ડી.એલ.એડ.નાં પ્રથમ અને દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોનો અભ્યાસ

ભાષાઃ ગુજરાતી

સંશોધકનું નામઃ
એચ.સી.ઉપાધ્યાય

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રસ્તાવના

શાળાએ સમાજની લઘુઆવૃતિ છે. શાળાનું મુખ્ય કાર્ય બાળકોમાં રહેલી સુસુપ્ત શક્તિઓને ઓળખી તેની ક્ષમતા વિકસાવવાનો છે. પ્રાથમિક શાળા કક્ષાએ મોટેભાગે બાળકોના સર્વાગીણ વિકાસ થાય તે રીતે તમામ અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં સાક્ષરી વિષયોનો સમજ પણ આપવામાં આવે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 અંતર્ગત વિવિધ વિષયો તથા વિવિધ પ્રવાહોનું શિક્ષક એક સાથે વિદ્યાર્થીઓ લઈ શકે તેવી ભલામણ કરવામાં આવી છે. પ્રવર્તમાન સમયમાં અમલી વિવિધ વિષયો ઉપરાંત પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરવામાં આવે છે. શિક્ષણ પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમા શિક્ષકોનું ઘડતર થાય છે ત્યારે પ્રવર્તમાન સમયમાં આવતા બદલાવો તેમજ પરીવર્તનોને પણ ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓનું ઘડતર થાય તે રીતે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવે છે. જે રાજ્ય કક્ષાએથી જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. જેમાં શિક્ષણના અનેક પાસાઓના ધ્યાનમાં લેવામાં આવે છે. સાથે-સાથે અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્યની સમજ વિકસે તેમજ શાળામાં ઈન્ટર્નશીપ દરમિયાન કરવામાં આવતી પ્રવૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. જે અભ્યાસક્રમ અંગે વિદ્યાર્થીઓના મંતવ્યો શું છે તે જાણવાના આશ્રયથી પ્રયોજક દ્વારા સંશોધન હાથ ધરવાનું ઉચિત સમજ્યું હતું.

01. અભ્યાસના હેતુઓ

- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવા.
- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવા અભિપ્રાયવલિની સંરચના કરવી.
- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પર જાતીયતાની અસર ચકાસવી.
- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પર અભ્યાસ પ્રવાહની અસર ચકાસવી.

02. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાં આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા સ્ત્રી તાલીમાર્થી અને પુરુષ તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- જુનાગઢ જિલ્લાનાં વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા સામાન્ય તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમ અંગે રચવામાં આવેલ અભિપ્રાયવલિ પરનાં સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

### 03. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં જુનાગઢ જિલ્લામાં આવેલ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓના ડી.એલ. એડ. અભ્યાસક્રમ અંગેના મંતવ્યો જાણવાનો હોય જે માટે પ્રયોજક દ્વારા રચવામાં આવેલ અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આથી પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિથી કરવામાં આવ્યું હતું.

**અભ્યાસની રુપરેખાઃ**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા અભ્યાસક્રમ આધારિત અભિપ્રાયવલિની સંરચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ જુનાગઢ શહેરના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 90 તાલીમાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK વિવિધ અધ્યાપણ મંદિરોના આચાર્યશ્રી તેમજ અધ્યાપકોને SHARE કરવામાં આવેલ. જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**વ્યાપવિશ્વ અને નમુના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં વર્ષ 2023-24માં જુનાગઢ જિલ્લામાં આવેલ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ હતા.જયારે નમુના તરીકે જુનાગઢ જિલ્લામાં આવેલ વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 90 તાલીમાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણની સંરચના**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા સૌ પ્રથમ ડી.એલ.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અભ્યાસક્રમને આધારિત ફેરફાર કરવા લાયક મુદ્દાઓની યાદી તૈયાર કરવામાં આવેલ. ડી.એલ.એડના અભ્યાસક્રમમાં જેના આધારે અભિપ્રાયાવલિના વિધાનો તૈયાર કરવામાં આવેલ. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 20 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, તટસ્થ અને અસહમત એમ ત્રણ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી તાલીમાર્થીઓએ દરેક વિધાન સામે આપેલ કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા અભ્યાસક્રમ આધારિત અભિપ્રાયવલિની સંરચના કરવામાં આવેલ. નમૂનામાં સમાવિષ્ટ જુનાગઢ શહેરના વિવિધ અધ્યાપન મંદિરોમાં અભ્યાસ કરતા 90 તાલીમાર્થીઓ પાસેથી માહિતી

એકત્રિત કરવામાં આવી. હતી. માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK વિવિધ અધ્યાપણ મંદિરોના આચાર્યશ્રી તેમજ અધ્યાપકોને SHARE કરવામાં આવેલ. જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

માહિતી વિશ્લેષણની પ્રવિધિ

પ્રસ્તુત સંશોધનમાં એકત્રિત કરેલ માહિતીને આધારે મળેલ ડેટાનું એક્સેલ પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરી તેને કોડીંગ સ્વરૂપે MATRIX (શ્રેણી) તૈયાર કરવામાં આવી હતી. જેના આધારે પ્રોગ્રામની મદદથી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેની વિગતવાર રજૂઆત પ્રકરણ – 4માં કરવામાં આવેલ હતી.

## 04. અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

- અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના ડી.એલ.એડ.ના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોના સંદર્ભમાં અભિપ્રાયો જાતીયતાની દ્રષ્ટિએ અસર એકસમાન હતી.
- અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓના ડી.એલ.એડ.ના અભ્યાસક્રમ અંગેના મંતવ્યોના સંદર્ભમાં અભિપ્રાયો અભ્યાસપ્રવાહ દ્રષ્ટિએ અસર એકસમાન હતી.
- તાલીમાર્થીઓ અભ્યાસક્રમના સંદર્ભમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં ઇન્ટર્નશીપનો સમયગાળો ઘણો લાંબો છે. એ તાલીમાર્થીઓ પણ સ્વીકારે છે. ઇન્ટર્નશીપનો સમયગાળો વધારે હોવાથી અભ્યાસક્રમના દિવસો ઓછા પડે છે. આ ઉપરાંત પાઠ અવલોકનોની સંખ્યા પણ પ્રમાણમાં વધારે છે.
- તાલીમાર્થીઓની દ્રષ્ટિએ ઇન્ટર્નશિપમાં સહચિંતન તેમજ આયોજનના તબક્કાની ખાસ જરૂર નથી. આ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં ઇન્ટર્નશીપ દરમિયાન શાળાઓનો પૂરતો સહકાર મળતો નથી એ વાસ્તવિકતા છે.
- શાળાઓમાં સ્માર્ટ ટી.વી.માં જી-શાલા જેવા પ્રોગ્રામ દ્વારા અભ્યાસ કરાવવાનું ખૂબ સરળ બને છે. તે તાલીમાર્થીઓ પણ સ્વીકારે છે. ઇન્ટર્નશીપ દરમિયાન વર્ગકાર્ય કરવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. તેમજ સહઅભ્યાશિક પ્રવૃતિઓ થઈ શક્તિ નથી.
- ડી.એલ.એડના અભ્યાસક્રમમાં પ્રથમ અને દ્વિતીય વર્ષનું વિષયવસ્તુ અને બ્લ્યુપ્રિન્ટ યોગ્ય છે આ ઉપરાંત પૂર્વતૈયારી થઇ શકે તેવા મોડયૂલ પણ શ્રેષ્ઠ છે.
- તાલીમાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે 3શાળામાં પ્રાર્થના કાર્યક્રમ તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિ ઉપયોગી બને છે.
- ડી.એલ.એડના અભ્યાસક્રમમાં દરમિયાન તાલીમાર્થીઓ છાત્રાલયમાં નિવાસ કરીને અભ્યાસ કરવાથી મૂલયોનો વિકાસ થાય છે આ ઉપરાંત ઘડતર પણ થાય છે સાથોસાથ સમૂહજીવનની ભાવના વિકસે છે. તેમજ કૌશલ્યનો વિકાસ થાય છે.

## 05. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- અધ્યાપન મંદિરોમાં ડી.એલ એડના અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્યના સંદર્ભમાં તેના સમયગાળા માટે સૂચનો રાજ્યકક્ષાએથી લેવામાં આવે તો તાલીમાર્થીઓ વધુને વધુ રસ દાખવતાં થાય.
- તાલીમાર્થીમાં મુલ્ય સભાનતા વિકસે તે માટે અધ્યાપન મંદિરોમાં નિયમિત રીતે વ્યાખ્યાનમાળાનું આયોજન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે તાલીમાર્થીઓને સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

- અભ્યાસક્રમ આધારિત સંદર્ભ સાહિત્યનું નિર્માણ શાળા કક્ષાએ કરવામાં આવે તો તાલીમાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો લાવી શકાય. શાળા કક્ષાએ વિવિધ સ્ત્રોતનો અધ્યાપન દરમિયાન વિનિયોગ કરી શકે તે માટેની સમજ તાલીમાર્થીઓમાં વિકસે તે રીતે માર્ગદર્શન આપવું જોઈએ.

### 06. અભ્યાસનું ક્ષેત્ર

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસ વ્યવહારિક પ્રકારનું સંશોધન હતુ. વ્યાવહારિક સંશોધન કોઈ એક વર્તમાન સમસ્યાના ઉકેલ અર્થે હાથ ધરવામાં આવતું હોય છે. જ્ઞાનમાં વધારો કરવાનો હેતુ હોતો નથી, પરંતુ સિદ્ધાંત કે નિયમોને વ્યવહારમાં મુકવાનો હેતુ હોય છે. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન સ્પર્શતું હતું.

સારાંશ તૈયાર કરનારઃ-એચ.સી.ઉપાધ્યાય
સારાંશ જમા લેનારઃ- ગીતાબેન કે. સેંજલીયા

વિષયઃ - "ધોરણ -7ના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-701 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા "

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ- "ધોરણ -7ના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-701 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા "

ભાષાઃ ગુજરાતી

સંશોધકનું નામઃ—
એચ.સી.ઉપાધ્યાય

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રસ્તાવના

આઝાદી પછી પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણને ગુણવત્તાવાળું બનાવવા માટે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીયસ્તરે જુદા-જુદા કમિશનો જેવાકે એબોટ વુડનો ખરીતો, હાર્ટોગકમિટિ (1929), ડો. રાધાકૃષ્ણપંચ (1948) મુદાલીયર કમીશન (1952), કોઠારીકમીશન (1966), ઇશ્વરભાઇ રિવ્યુ રિપોર્ટ (1981), રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986) દ્વારા સમ્રગ રાષ્ટ્રમાં કઇ રીતે શિક્ષણને વધુને વધુ ગુણવત્તાસભર બનાવવુ એ એક સચોટ નિદાન રહ્યું છે ,ભારત નું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઇ રહ્યું છે. અને સાથે સાથે એ પણ વાત કરીકે"ભારતીય કેળવણી સંક્રાતિ, પુનર્ઘટના અને નવનિર્માણના મહત્વના તબક્કા માંથી પસાર થઇ રહી છે. "આ સંદર્ભમાં એન.સી.ઇ.આર.ટી. દ્વારા પાઠયક્રમ સુધારણાથી માડીને NAS 2021 સુધી રાષ્ટ્રકક્ષાના અનેક કાર્યક્રમો વિકસાવવામાં આવ્યા છે અને આ બધાજ કાર્યક્રમો દ્વારા પ્રાથમિક શાળામાં ભણતા બાળકોનું તેમને મળેલા જ્ઞાન અને કૌશલ્યનું સર્વેક્ષણ કરીને એક ઠોસ ચિત્ર ઉપસાવવાનો ભગીરથ પ્રયત્ન કરવામાં આવી રહયો છે. જે ખૂબ જ સમયોચિત અને સ્તુત્ય છે. જેનું સ્પષ્ટ ચિત્ર મળી શકે તો જ હવે પછી નવા નવા કયા શૈક્ષણિક અભિગમો અને પ્રયત્નો દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને વધુને વધુ સરલીકૃત અભ્યાસક્રમ દ્વારા જ્ઞાન લબ્ધિના ઉચા શિખરો તરફ ધીમે ધીમે એક સહજ પ્રક્રિયાથી આગળ લઇ જઇ શકાશે.

કોઇ પણ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા માટે તે કાર્યનુ મૂલ્યાંકન થતું રહેવુ જોઇએ અને મૂલ્યાંકનના આધારે કાર્યના ભાવિ આયોજનમાં જરૂરી ફેરફારો પણ થતા રહેવા જોઇએ આ નિદાન ઉપચારની પ્રક્રિયા કાર્યની સફળતા માટે ખૂબ જરૂરી છે. કાર્યની ઊચી ગુણવત્તા માટે પણ નિદાન ઉપચારની પ્રક્રિયા જ મહત્વનો ભાગ ભજવે છે અને આ બધા પ્રકારના કાર્ય માટે સામાન્ય નિયમ છે. આ કાર્ય પછી શૈક્ષણિક હોય કે બિન શૈક્ષણિક. અહી આપણે ફકત શૈક્ષણિક ગુણવત્તા સુધારણાની જ વાત કરીએ તો શાળા કક્ષાએ થતા શિક્ષણનુ શિક્ષક દ્વારા સતત મૂલ્યાંકન થતું રહેવુ જોઇએ અને મૂલ્યાંકનના આધારે શિક્ષકે પોતાના શૈક્ષણિક કાર્યમાં જરૂરી ફેરફારો કરવા જોઇએ તો જ શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય.

જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા પણ વર્ષ 1999થી સતત એકાંતર વર્ષે ગુજરાત રાજયના પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકોની સિધ્ધિનું સર્વેક્ષણ થતું આવ્યુ છે. આ સિધ્ધિ સર્વેક્ષણનો એક મહત્વનો હેતુ " જિલ્લા કક્ષાએ ધોરણવાર વિષયવાર કઠિનબિંદુ જાણવાનો " છે આ બીજુ કંઇ નથી પરંતુ ધોરણવાર વિષયવાર વિદ્યાર્થીને પડતી મુશ્કેલીનું નિદાન જ છે. આ કઠિનબિંદુના સરળીકરણ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા શિક્ષકોને તાલીમ

આપવામાં આવતી હતી પરંતુ તાલીમ લીધા બાદ શિક્ષકો તાલીમમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો શાળામાં વર્ગખંડમાં ઉપયોગ કરે છે કે નહી તેનુ સભાન રીતે મૂલ્યાંકન કરવામાં આવતુ ન હતુ. એટલુ જ નહી આ કઠિન વિષયવસ્તુના સરળિકરણ માટે કોઇ હેતુલક્ષી, સભાન, વૈજ્ઞાનિક પધ્ધતિને અનુસરી પ્રમાણભૂત પ્રયત્નો કરવામાં આવેલ ન હતા. તેના માટે કોઇ સંશોધન હાથ ધરવામાં આવેલ ન હતું .

વર્ષ 2015 - 2016 માટે પણ જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા અનુસરવામાં આવેલ છે. જીસીઇઆરટી, ગાંધીનગર તરફથી જિલ્લા કક્ષાએ હાથ ધરવામાં આવેલ પ્રથમિક શાળાના બાળકોના સિધ્ધિ સર્વેક્ષણમાં મળેલ કઠિનબિંદુ (વિષયવસ્તુ) ના સરળીકરણ માટે કોઇ એક ચોકકસ ઉપચારાત્મક કાર્યક્રમ તૈયાર કરી તેની અજમાયશ કરવાનુ સૂચવેલ હતું. જો કઠિનબિંદુના સરળીકરણ માટે તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ સફળ રહે તો તેને રાજય સ્તર પર અમલીકૃત કરવાનું વિચારી શકાય. આમ દરેક ડાયટમાંથી જુદા જુદા ધોરણ અને વિષયના કઠિનબિંદુના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર કરી તેની અજમાયશ કરવામાં આવે અને તે જો સફળ રહેતો તેના રાજય વ્યાપી અમલીકરણ દ્વારા શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવી શકાય અને ખરા અર્થમાં સંશોધનના તારણો શિક્ષણમાં ઉપયોગી બને.  આ જ માળખાને વર્ષ 2017 – 2018 દરમિયાન પણ અમલીકૃત કરવામાં આવેલ હતું . વર્ષ 2017 અને 2021 માં NCERT ના માર્ગદર્શન હેઠળ GCERTની મદદથી NAS હાથ ધરવામાં આવેલ હતો. તેનું પરિણામ NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ હતુ. NCERT દ્વારા ધોરણ 3, ધોરણ 5,ધોરણ 8 અને ધોરણ 10 ના બાળકોની શૈક્ષણિક સિધ્ધિનુ સ્તર ઉપરાંત ધોરણવાર વિષયવાર કઠિન અધ્યયન નિષ્પતિ પણ જણાવવામાં આવેલ હતી. તેમજ GCERT દ્વારા GAP ધોરણ 4, ધોરણ 6,ધોરણ  અને ધોરણ 7ના બાળકોની શૈક્ષણિક સિધ્ધિનુ સ્તર ઉપરાંત ધોરણવાર વિષયવાર કઠિન અધ્યયન નિષ્પતિ પણ જણાવવામાં આવેલ હતી. DLI-4, GAS-4 અને SAT-1(2022-23)ના શૈક્ષણિક સિધ્ધિનુ સ્તર ઉપરાંત ધોરણવાર વિષયવાર કઠિન અધ્યયન નિષ્પતિ પણ જણાવવામાં આવેલ હતી

વર્ષ-૨૦૨૧-૨૨માં ધો.૩ થી ૮ માં દરેક શનિવારે વિદ્યાર્થીઓની અલગ-અલગ વિષયોની કસોટી લેવામાં આવેલ અને તેમાંથી અમુક અધ્યયન નિષ્પતિ કઠિન તારવેલ એજ રીતે આવી કઠન અધ્યયન નિષ્પતિનાં શિક્ષક તાલીમ વર્ગો DLI-4 અંતર્ગત થયા પછી .GCERT તરફ થી દરેક ડાયટને  આવી કઠીન અધ્યયન નિષ્પતિઓ રિસર્ચ માટે વર્ષ ૨૦૨૩માં ફાળવવામાં આવી.  પ્રસ્તુત સંશોધનમાં સા.વિ વિષયમાં મળેલ 701 કઠિનબિંદુના સરળીકરણ માટે કાર્યક્રમ તૈયાર કરી તેની અજમાયશ કરવાનું હતું. આમ, GCERT તરફ થી ફાળવવામાં આવેલ કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા નકકી કરવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું  નકકી કરવામાં આવેલ હતું.

- અભ્યાસના હેતુઓ

સમગ્ર સંશોધન કાર્યનો કેન્દ્રિય ભાગ સંશોધન હેતુઓ છે. હેતુઓ સ્પષ્ટ થયા બાદ જ સંશોધન કાર્યમાં આગળ વધી શકાય. પ્રસ્તુત સંશોધન ચોકકસ હેતુને ધ્યાને લઈને હાથ ધરવામાં આવેલ હતું. પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

1) જૂનાગઢ જિલ્લાના ધોરણ-07ના સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ૧૦ પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો  પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.

2) ધોરણ-07 સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ૧૦ પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણો નો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

3) ધોરણ-07 સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ૧૦ અધ્યયન નિષ્પતિપૃથ્વીનાં મુખ્ય આંતરિક સ્તરો,ખડકોના પ્રકારો ,અને વાતાવરણનાં સ્તરોને આકૃતિ દ્વારા ઓળખે છે.SST-701ફોટા, ચિત્રો, આકૃતિ ની સમજ જેવા કૌશલ્યનો વિકાસ કરવો તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

- અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

"ધોરણ 07 ના સમામજિક વિજ્ઞાન વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, લીધેલ પૂર્વ કસોટી અને ઉતર કસોટી પર વિદ્યાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".

- સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન પધ્ધતિને અનુસરતુ હતું. કારણ કે પ્રસ્તુત સંશોધનમાં સમાંતર શ્રેણી એકમ માટે એક શૈક્ષણિક યોજના તૈયાર કરવામાં આવી હતી અને એ શૈક્ષણિક યોજનાને વર્ગખંડમાં અમલીકૃત બનાવીને તેની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર અસર ચકાસવામાં આવી હતી માટે પ્રસ્તુત સંશોધનમાં જ એક જુથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી પ્રકારની પ્રાયોગિક યોજનાને પણ અનુસરવામાં આવી હતી.

- અભ્યાસની રુપરેખાઃ

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તક ધોરણ-07ના, એકમઃ 10 પૃથવીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો વિષયવસ્તુના કઠિન બિંદુના સરલી કરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે વિશિષ્ટ ઉપકરણોથી ઇન્સ્ટ્રકશન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન –અધ્યાપનક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તરકસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને પણ સ્પર્શતો હતો.

- વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત સંશોધન જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ –સાતમાં અભ્યાસ કરતાં બાળકો ઉપર હાથ ધરવામાં આવ્યું હતું. આથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ –સાતમાં અભ્યાસ કરતાં તમામ બાળકો એ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું . નમુનાની પસંદગી માટે સહેતુક નમુના પસદગી પધ્ધતિને અનુસરી જૂનાગઢ જિલ્લાનાં જુનાગઢ તાલુકાની ટીંબાવાડી પ્રાથમિક શાળામાં ધોરણ સાત માં અભ્યાસ કરતા 35 વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો.

- ઉપકરણની સંરચના

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે 30 ગુણની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

4. માહિતીનું એકત્રીકરણ

સંશોધક દ્વારા જૂનાગઢ તાલુકાની ટીંબાવાડી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની પૂર્વ કસોટી બાદ શૈક્ષણિક કાર્યક્રમનું અમલીકરણ અને અંતે ઉત્તર કસોટી લઇને માહિતી એકત્ર કરવામાં આવેલ હતી..

5. માહિતી વિશ્લેષણની પ્રવિધિ

. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ નિદાન આધારિત તેયાર કરવામાં આવેલ ઉપચાર કાર્યક્રમની અસરકારકતા નકકી કરવાનો હતો આથી શૈક્ષણિક કાર્યક્રમનાં અમલીકરણ પહેલા લેવામાં આવેલ પૂર્વ કસોટી અને શૈક્ષણિક કાર્યક્રમનાં અમલીકરણ બાદ લેવામાં આવેલ ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t મૂલ્ય શોધવામાં આવેલ હતા.

- અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

1) કઠિન અધ્યયન નિષ્પત્તિ એકમ સંદર્ભે સંશોધકો દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો છે અને જો શૈક્ષણિક કાર્યક્રમને ઉપરોકત અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ કાર્ય કરવા માટે શાળા કક્ષાએ અમલીકૃત બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સિદ્ધિમાં વધારો કરી શકાય છે.

5. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

1) કઠિન અધ્યયન નિષ્પત્તિ "ધોરણ -7ના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-701 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા" એકમ સંદર્ભે સંશોધક દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહ્યો છે. માટે આ કાર્યક્રમને શાળાકક્ષાએ અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ માટે અમલીકૃત બનાવવો જોઇએ.
2) આજ રીતે NASમાં મળેલ અન્ય કઠિનબિંદુ માટે પણ કઠિનબિંદુના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના થવી જોઇએ અને તેને શાળા કક્ષાએ અમલીકૃત બનાવવો જોઇએ.
3) શૈક્ષણિક કાર્યક્રમને વર્ગખંડમાં કેવી રીતે અમલીકૃત બનાવવો જોઇએ એ માટે વગાંખંડમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોને સેવાકાલિન તાલીમ આપવી જોઇએ.

6.અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ અધ્યયન અધ્યાપન કૌશલ્યના ક્ષેત્ર સાથે સંકળાયેલ હતું. પ્રસ્તુત સંશોધનમાં કઠિન અધ્યયન નિષ્ષત્તિને સરળ કરવા માટે શૈક્ષણિક કાર્યક્રમ ઘડી કાઢી તે કાર્યક્રમના આયોજન મુજબ વર્ગખંડમાં અધ્યયન અધ્યાપન કરી વિદ્યાર્થીને વિષયવસ્તુ સદર્ભે સમજ આપવામાં આવી હતી. આમ વર્ગખંડની શૈક્ષણિક પ્રક્રિયા પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય હતી. પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત સા.વિ વિષયનાં કઠિનબિંદુ સરલીકરણમાટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે વિષયાંગ અનુસંધાને જીશાલા એપ, ટીએલએમ, વિડીયો, પ્રવૃત્તિ અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરવામાં આવ્યો હતો. આ દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો પણ હતો

સારાંશ તૈયાર કરનારઃ-એચ.સી.ઉપાધ્યાય

સારાંશ જમા લેનારઃ- ગીતાબેન કે. સેંજલીયા

વિષયઃ - ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યોનો અભ્યાસ

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ- ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યોનો અભ્યાસ

ભાષાઃ ગુજરાતી

સશોધકનું નામઃ—
એચ.સી.ઉપાધ્યાય

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

**પ્રસ્તાવના**

શિક્ષણએ સતત ચાલતી પ્રક્રિયા છે. જેમાં સમયે સમયે અનેકવિધ ફેરફારો થયા છે. શિક્ષણના ચાર આધારસ્તંભો જેવા કે અભ્યાસક્રમ,પાઠ્યક્રમ,અધ્યયન અધ્યાપન પદ્ધતિ તથા મૂલ્યાંકનની પ્રવિધિઓમાં શિક્ષણમાં ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. બાળકોને અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સંકલ્પના સ્પષ્ટ કરવા માટે તેમજ તેમના દૈનિક વ્યવહારોમાં પરીવર્તન આવે તે બાબતને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમની રચના કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત વિષય અનુરૂપ સંદર્ભ સાહિત્યની આવશ્યકતા રહે છે. જેમાં પાઠ્યપુસ્તકને આધારસ્તંભ તરીકે ગણવામાં આવે છે. આ માટે રાજય કક્ષાએથી પાઠ્ય પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ બાળકોને પાઠ્યક્રમને આધાર તરીકે રાખી અભ્યાસક્રમની સંરચના કરવામાં આવે છે. જેના આધારે સમગ્ર અધ્યયન અધ્યાપન પ્રક્રિયા નક્કી કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાન વિષય દ્વારા શિક્ષકો વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા વિકસાવી શકાય તેમજ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર કરી શકાય. તે બાબતને કેન્દ્રમાં રાખીને સામાજિક વિજ્ઞાન વિષય આધારિત પાઠ્યપુસ્તક અંગેના અભિપ્રાય જાણવાના આશ્રયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનું ઉચિત સમજયું હતું.

- અભ્યાસના હેતુઓ

માનવી જે કાઇ પણ કાર્ય કરે છે તેમાં હેતુ રહેતો હોય છે. હેતુ વગરનું કોઇ પણ કાર્ય હોતું નથી. ઉચાટ (૨૦૦૯)ના જણાવ્યા અનુસાર અભ્યાસના હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યક્રમનો કેન્દ્રવર્તી ભાગ હોય છે. અભ્યાસના હેતુઓ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ હતા.

❖ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો જાણવા અભિપ્રાયવલિની રચના કરવી.
❖ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો જાણવા રચવામાં આવેલ અભિપ્રાયવલિની અસરકારકતા ચકાસવી.
❖ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો પર શિક્ષકોની જાતીયતાની અસર ચકાસવી.
❖ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો પર શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની અસર ચકાસવી.
❖ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો પર શિક્ષકોના શૈક્ષણિક અનુભવની અસર ચકાસવી.

- અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

- ❖ સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના મંતવ્યો આધારિત અભિપ્રાયવલિના સરેરશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ❖ શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના મંતવ્યો આધારિત અભિપ્રાયવલિના સરેરશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ❖ ભિન્ન શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોના ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષય આધારિત મંતવ્યોના સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય

3.સંશોધન પદ્ધતિ

સંશોધક અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવાના સંદર્ભમાં વિશિષ્ટ કાર્ય કરે છે જેને સંશોધન પદ્ધતિ કહે છે.

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યોજાણવાનો હતો. આથી પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ હતી.

- અભ્યાસની રુપરેખાઃ

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યો જાણવાનો હતો. આ અભ્યાસ માટે ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિની રચના પ્રયોજક દ્વારા કરવામાં આવી હતી. આ માટે પ્રયોજક નિર્મિત એટલે કે પ્રયોજક દ્વારા તૈયાર કરવામાં આવેલ અભિપ્રાયાવલીનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસ માટે કરેલો હતો.અભિપ્રાયાવલિમાં 30 વિધાનો રચવામાં આવ્યા હતા. જેમાં દરેક વિધાન ત્રિબિંદુ આધારિત હતા. સંપૂર્ણ સહમત, સહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિક્ષકોની જાતીયતા, શૈક્ષણિક અનુભવ તેમજ વિસ્તારની અસર જાણવા માટે જરૂરી સામાન્ય માહિતી મેળવવામાં આવી હતી. અભિપ્રાયવલીની પ્રત પરિશિષ્ટમાં મૂકવામાં આવેલ છે.

2. વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજયમાં તમામ જિલ્લાઓમાં કાર્યરત ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાન વિષાયનું અધ્યાપન કરાવતા શિક્ષકો હતા.

વ્યાપ વિશ્વમાંથી જુનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપન કરતાં 158 પ્રાથમિક શિક્ષકોને સહેતુક નમૂના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા .જેમાં 85 સ્ત્રી શિક્ષકો અને 73 પુરુષ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

3. ઉપકરણની સંરચના

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યો જાણવાનો હતો. આ અભ્યાસ માટે ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિની રચના પ્રયોજક દ્વારા કરવામાં આવી હતી. આ માટે પ્રયોજક નિર્મિત એટલે કે પ્રયોજક દ્વારા તૈયાર કરવામાં આવેલ અભિપ્રાયાવલીનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસ માટે કરેલો હતો.અભિપ્રાયાવલિમાં 30 વિધાનો રચવામાં આવ્યા હતા. જેમાં દરેક વિધાન ત્રિબિંદુ આધારિત હતા. સંપૂર્ણ સહમત, સહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિક્ષકોની જાતીયતા, શૈક્ષણિક અનુભવ તેમજ વિસ્તારની અસર જાણવા માટે જરૂરી સામાન્ય માહિતી મેળવવામાં આવી હતી. અભિપ્રાયવલીની પ્રત પરિશિષ્ટમાં મૂકવામાં આવેલ છે.

4. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે જુનાગઢ જિલ્લામાં કાર્યરત ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાનના શિક્ષકો હતા.માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા સૌપ્રથમ શિક્ષકોને પ્રસ્તુત અભ્યાસનો હેતુ તેમજ કાર્યક્રમ અંગે અવગત કરવામાં આવેલ. ત્યારબાદ શિક્ષકો પાસેથી માહિતી એકત્રીત કરેલી હતી. પ્રતિચાર આપવા માટેની પ્રક્રિયા સમજાવવામાં આવી તેમજ પ્રસ્તુત સંશોધન સર્વેમાંપ્રતિચાર આપવાની ખાતરી મેળવવામાં આવી હતી અને ઉપકરણના વિધાનો પર પ્રતિચાર મેળવવામાં આવ્યાં હતા. આ રીતે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું .માહિતી એકત્રીકરણ માટે પ્રયોજક દ્વારા GOOGLE FOAM તૈયાર કરવામાં આવ્યું હતું. જેની LINK વિવિધ બી.આર.સી. ને SHARE કરવામાં આવેલ. જેના આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

5 માહિતી વિશ્લેષણની પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત માહિતી એકત્રીકરણ માટે તૈયાર કરવામાં આવેલ ઉપકરણ પર પ્રાથમિક શિક્ષકોએ આપેલ પ્રતિચારોનું મૂલ્યાંકન કરી તેને આધારે ગુણાંકન કરવામાં આવ્યું હતું. જેના આધારે MS EXCEL શીટ તૈયાર કરવામાં આવેલ. એકત્રિત થયેલ માહિતીનું કોડીંગ કરી શ્રેણી તૈયાર કરવામાં આવી. ત્યારબાદ SPSS સોફ્ટવેની મદદથી કાઈ વર્ગ કસોટી રચવામાં આવી હતી.

4. અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

1. ધો.8નું સામાજિક વિજ્ઞાનનું વિષયવસ્તુ અધ્યયન નિષ્પતિ આધારિત છે. આ વિધાનમાં 84.01 % શિક્ષકો સહમત હતા.
2. વિધાન–2 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં ઈતિહાસ વિભાગના પાઠો નું અધ્યયન કરવું અઘરૂ લાગે છે. આ વિધાન માટે 29.3% શિક્ષકો અસહમત હતા
3. વિધાન–3 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં ચિત્રાત્મક માહિતીને ઓછું સ્થાન મળેલ છે. આ વિધાન માટે 25.05% શિક્ષકો અસહમત હતા
4. વિધાન–4 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું વિષયવસ્તુ વિધ્યાર્થીઓને વાસ્તવિક જીવનના અનુભવો પૂરા પાડે છે. આ વિધાન માટે 22.09 % શિક્ષકો તટસ્થ હતા. અને 22.09% શિક્ષકો અસહમત હતા
5. વિધાન-5 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં આટલું જાણો તેમજ વિવિધ પ્રવૃતિને વધુ સ્થાન આપવું જોઈએ. આ વિધાન માટે 70.01% શિક્ષકો સહમત હતા. .
6. વિધાન-6 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું વિષયવસ્તુ વિદ્યાર્થીઓની માનસિક કક્ષા કરતા ઉચું લાગે છે.આ વિધાન માટે 65.06% શિક્ષકો સહમત હતા. અને 21.07% શિક્ષકો અસહમત હતા
7. વિધાન–7 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું વિષયવસ્તુ પરથી વિધ્યાર્થીઓ પ્રોજેક્ટ કાર્ય સારી રીતે કરી શકે છે. આ વિધાન માટે 24.08 % શિક્ષકો તટસ્થ હતા. અને 22.03% શિક્ષકો અસહમત હતા
8. વિધાન–8 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં નકશાઓ અંગેની સમજ સારી રીતે આપેલ છે.
આ વિધાન માટે 31.02% શિક્ષકો અસહમત હતા
9. વિધાન–9 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું વિષયવસ્તુ વિધ્યાર્થીઓને ગોખણપટી તરફ દોરે છે.
આ વિધાન માટે 38.02% શિક્ષકો સહમત હતા.. અને 39.05% શિક્ષકો અસહમત હતા

10. વિધાન-10 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું વિષયવસ્તુ વિધ્યાર્થીઓને વિષય પ્રત્યે રસ જગાડે છે. આ વિધાન માટે 28.00 % શિક્ષકો તટસ્થ હતા. અને 28.00% શિક્ષકો અસહમત હતા
11. વિધાન-11 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં ભૌગોલિક ઘટનાઓની સમજ શ્રેષ્ઠ રીતે આપેલ છે. આ વિધાન માટે 63.01% શિક્ષકો સહમત વિકલ્પ પસંદ કરેલ.
12. વિધાન-12 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયનું પાઠયપુસ્તક દ્વારા વિધ્યાર્થી લોકશાહીના મૂલ્યો વિકસે છે. આ વિધાન માટે 82.02% શિક્ષકો સહમત વિકલ્પ પસંદ કરેલ.
13. વિધાન-13 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકનું વિષયવસ્તુ માત્ર માહિતી સભર છે. આ વિધાન માટે 27.04 % શિક્ષકો તટસ્થ હતા. અને 27.04% શિક્ષકો અસહમત હતા
14. વિધાન-14 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ધો.6 અને ધો.8ના વિષયવસ્તુ સાથે વિકાસાત્મક રીતે જોડાયેલ છે. આ વિધાન માટે 68.02% શિક્ષકો સહમત હતા.
15. વિધાન-15 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યાપન કાર્ય કરાવતી વખતે કંટાળો અનુભવાય છે. આ વિધાન માટે 53.05% શિક્ષકો અસહમત હતા
16. વિધાન-16 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકમાં નાવિન્યપૂર્ણતા અને જ્ઞાનાત્મક પાસાને આવરી લીધેલ છે. આ વિધાન માટે 26.01 % શિક્ષકો તટસ્થ હતા.
17. વિધાન-17 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં વ્યાવસાયિક શિક્ષણને પણ આવરી લેવાયેલ છે. આ વિધાન માટે 22.03 % શિક્ષકો તટસ્થ હતા. અને 29.03% શિક્ષકો અસહમત હતા
18. વિધાન-18 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં પર્યાવરણ જાળવણી અંગેનો ખ્યાલ પૂરતા પ્રમાણમાં આપવામાં આવેલ છે. આ વિધાન માટે 75.02 શિક્ષકો અસહમત હતા.
19. વિધાન-19 ધો.8 સામાજિક વિજ્ઞાન વિષયમાં વિવિધ સ્થાપત્યો, કલા, સાહિત્યથી ઐતિહાસિક ભાવના વિદ્યાર્થીઓમાં ઉજાગર થાય છે આ વિધાન માટે માટે 81.05% શિક્ષકો સહમત હતા.
20. વિધાન-20 ધો.8 સામાજિક વિજ્ઞાનવિષયનું પાઠયપુસ્તક સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોગ્ય પૂરવાર થાય છે. આ વિધાન માટે 58.06% શિક્ષકો સહમત હતા.
21. વિધાન-21 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં "આધુનિક ભારતમાં કલા" એકમ નું કઠીનતા મૂલ્ય બાળકોની વયકક્ષા મુજબ યોગ્ય છે. આ વિધાન માટે 40.08% શિક્ષકો અસહમત હતા
22. વિધાન-22 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં "આપતિ અને વ્યવસ્થાપન" એકમની નું વિષયવસ્તુ જીવનમાં ઉપયોગી થાય તેવું છે આ વિધાન માટે 92.04% શિક્ષકો સહમત હતા.
23. વિધાન-23 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં "સ્વતંત્રતાની ચળવળ" એકમ વધુ લાંબો અને કઠીન લાગે છે. આ વિધાન માટે 68.02% શિક્ષકો સહમત હતા.
24. વિધાન-24 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં "ખનીજ અને ઉર્જા સંસાધન"માં વિશ્વના નકશામાં ચિન્હો સાથે સ્થળ દર્શાવવા જોઈએ આ વિધાન માટે 90.04% શિક્ષકો સહમત હતા.
25. વિધાન-25 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠયપુસ્તકમાં "આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા" એકમમાં ઉદાહરણો વધારે મુકવા જોઈએ આ વિધાન માટે 81.05% શિક્ષકો સહમત હતા.

26. વિધાન–26 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં “સંસદ અને કાયદો” એકમમાં લોકસભા ચુંટણી પ્રક્રિયાનું વર્ણન કરવું જોઈએઆ વિધાન માટે 79.00% શિક્ષકો સહમત હતા.
27. વિધાન–27 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં “માનવ સંસાધન” એકમ વિદ્યાર્થીની વય કક્ષા મુજબ કઠીન લાગે છે. આ વિધાન માટે 58.06% શિક્ષકો સહમત હતા.
28. વિધાન–28 ધો.8 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં “સ્વતંત્રતા પછીનું ભારત” એકમ વિદ્યાર્થીઓને વધુ કઠીન લાગે છે. આ વિધાન માટે 42.07% શિક્ષકો સહમત હતા. અને 38.02% શિક્ષકો અસહમત હતા
29. વિધાન–29 ધો.8 સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ ક્રમ ઘણો લાંબો છે. આ વિધાન માટે 67.05% શિક્ષકો સહમત હતા.
30. વિધાન–30 ધો.8 સામાજિક વિજ્ઞાન ઈતિહાસ એકમમાં ઘણા મુદા ખુબજ ટુંકમાં આપેલા છે.

આ વિધાન માટે 19.01 % શિક્ષકો તટસ્થ હતા. અને 21.01% શિક્ષકો અસહમત હતા

31. જાતીયતાની કોઈ અસર ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષય પરના મંતવ્યો પર જોવા મળી ન હતી. એટલે કે અસર સમાન હતી.
32. શૈક્ષણિક લાયકાતની કોઈ અસર ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષય પરના મંતવ્યો પર જોવા મળી ન હતી. એટલે કે અસર સમાન હતી.
33. શૈક્ષણિક અનુભવની કોઈ અસર ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષય પરના મંતવ્યો પર જોવા મળી ન હતી. એટલે કે અસર સમાન હતી.

5. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- પ્રાથમિક શાળા કક્ષાએ સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકો વિષયને રસપ્રદ રીતે અધ્યાપન કરાવી શકે તે માટે જિલ્લા કક્ષાએ વ્યાખ્યાનની શ્રેણી શરૂ કરવી જોઈએ.
- સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં ચિત્રાત્મક રજૂઆત વધારવામાં આવે તે તો વાસ્તવવિક અનુભવ મળે તે બાબતે ધ્યાનમાં રાખીને તાલીમ મોડ્યુલનું નિર્માણ કરવું જોઈએ.
- પર્યાવરણની જાળવણી થાય તેમજ શિક્ષકો સભાનતા કેળવે તે પ્રકારનું સાહિત્ય તાલુકા તેમજ જિલ્લા કક્ષાએથી તૈયાર કરી શાળા કક્ષા સુધી પહોચડવું જોઈએ.
- સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં મૂલ્યાંકનની વિવિધ રીતો તેમજ પ્રોજેકટની યાદી આપવી જોઈએ.

6.અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-8ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે જુનાગઢ જિલ્લાના શિક્ષકોના મંતવ્યોનો અભ્યાસ અંતર્ગત પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનનું હતું.

સારાંશ તૈયાર કરનારઃ-એચ.સી.ઉપાધ્યાય

સારાંશ જમા લેનારઃ- ગીતાબેન કે. સેંજલીયા

વિભાગઃ પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ સમસ્યા કથન "જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકા તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"

સંશોધક :
આશા ડી.રાજ્યગુરુ

ભાષાઃ ગુજરાતી

dietjunagadh@gmail.com

પ્રસ્તાવના

શાળાકક્ષાએ બાલવાટિકા સંભાળતા આ તાલીમી શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ યોગ્ય રીતે શૈક્ષણિક કામગીરી થાય છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવું અને યોગ્ય રીતે થાય તે માટેના ડાયેટ કક્ષાએથી પ્રયત્નો થાય તે ખૂબ જરુરી છે. આ માટે સંશોધકે આપવામા આવેલી બાલવાટિકા શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલવારી અને મૂલ્યાંકનના સંદર્ભમાં આ સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

અભ્યાસનું શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

"જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકાતાલીમકાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"

અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણેના હતા.

હેતુઓ :

1. બાલવાટિકાતાલીમની અસરકારકતા જાણવા માટે ઉપકરણ તૈયાર કરવું.
2. બાલવાટિકાતાલીમની શાળા કક્ષાએ અમલીકરણની અસરકારકતા જાણવી.

સંશોધનની ઉત્કલ્પના

"પ્રાથમિક શાળાના શિક્ષકોનો બાલવાટિકા તાલીમ સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે 20પ્રશ્ન સ્વરુપ ઉત્કલ્પનાઓ રચી હતી.

1 શિક્ષકશ્રીએ બાલવાટિકા તાલીમ મેળવી છે?
2 શિક્ષક પાસે શિક્ષક આવૃતિ અને વિદ્યાર્થી આવૃતિ છે?
3 બાલવાટિકા શિક્ષક માર્ગદર્શિકામાં “મારી પ્રગતિ”માં દરેક બાળકની માહિતી ભરાયેલ છે?
4 બાલવાટિકા માટે શિક્ષક દ્વારા સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો બનાવેલ છે?
5 શિક્ષક અને વિદ્યાર્થી આવૃતિ સંબંધિત પ્રવૃતિઓનું પૂર્વઆયોજન થાય છે?
6 વર્ગવ્યવહાર દરમિયાન બાળકો પરસ્પર સંવાદ અને વાતચીતની કળા કેળવે તે માટેનું વાતાવરણ પુરુ પાડવામાં આવે છે?
7 બાળકોને સોંપાયેલ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરવામાં આવે છે?
8 પ્રવૃતિ પૂર્ણ થયા બાદ બાળક જાતે જ બધી સામગ્રી – ચીજ વસ્તુઓ યથાસ્થાને ગોઠવે છે?
9 બાલવાટિકા સંદર્ભે પ્રવૃતિઓને અનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવાય છે?
10 બાલવાટિકા સંદર્ભે જોડકણાં બાળગીત માટે સંગીતના સાધનોનો ઉપયોગ થાય છે?

11 પ્રવૃતિઓ બાદ બાળકો દ્વારા નિર્માણ પામેલ નમુનાનું પ્રદર્શન કરવામાં આવે છે?

12 બાલવાટિકા માર્ગદર્શિકામાં અપાયેલ પ્રવૃતિઓ સિવાયની પ્રવૃતિઓની સંદર્ભ સામગ્રી (જોડકણાં,બાળગીત,વાર્તા,રમતોનો સંગ્રહ) એકત્ર કરી છે?

13 દરેક બાળકને પ્રવૃતિ કરાવી શકીએ તેટલી સામગ્રી વર્ગમાં એકત્ર કરેલી છે?

14 માર્ગદર્શિકામાં આપેલી પ્રવૃતિના સમય બાદ અન્ય પ્રવૃતિ કરાવવા માટે સમય મળે છે ?

15 બાલવાટિકા સંદર્ભે શિક્ષક મુશ્કેલીઓ અનુભવે છે ?

16 સર્કલટાઇમની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે?

17 સર્કલટાઇમ પ્રવૃતિ દરેક દિવસની અલગ અલગ કરાવવામાં આવે છે ?

18 વિદાયની પ્રવૃતિ કરાવે છે?

19 વર્ગખંડની મુકત રમત કરાવે છે?

20 શિક્ષક બાલવાટિકા માર્ગદર્શિકા મુજબ કાર્ય કરે છે?

સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાના બાલવાટિકામાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ સંશોધનમાં સંશોધકે જૂનાગઢના તમામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં સીઆરસી મારફત 82શાળામાં બાલવાટિકાના શિક્ષકો પાસેથી માહિતી મેળવેલ હતી.

સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ

ઉપકરણ વિગત :

સમસ્યા અને ઉત્કલ્પના/પ્રશ્નોના પ્રકાર ઉપર ઉપકરણની પસંદગી આધાર રાખે છે. કોઇ પણ એક ઉપકરણ બધા સંશોધન માટે ચાલી શકે નહીં. પ્રત્યેક ઉપકરણ વિશિષ્ટ પ્રકારની માહિતી પૂરી પાડે છે અને પોતાની સમસ્યાનો ઉકેલ મેળવવા માટે સંશોધક કેટલીક વાર અનેક ઉપકરણો વાપરે છે. આમ સંશોધક પાસે પ્રાપ્ત ઉપકરણો વિશે પૂરતી માહિતી હોય, તેમના લાભાલાભથી પરિચિત હોય, ક્યારે તેમનો ઉપયોગ થાય તે જાણતો હોય અને પ્રાપ્ત ઉપકરણોની વિશ્વસનીયતા, પ્રમાણભૂતતા અને અનાત્મલક્ષીતા વિશે તે જ્ઞાન ધરાવતો હોય તે અનિવાર્ય બનીરહે છે. વળી, ઉપકરણોનો ઉપયોગ કરવાનું, ઉપકરણની રચના કરવાનું, ઉપકરણને જાળવવાનું અને પ્રાપ્ત પરિણામોના અર્થઘટનનું એમ અનેક પ્રકારના કૌશલ્યો સંશોધક ધરાવતો હોવો જોઇએ.અહીં ઉપકરણ તરીકે બાલવાટિકા તાલીમ દરમ્યાન શિખવેલી બાબતો જે નિપુણભારતના ફાઉન્ડેશનલ સ્ટેજના બાલવાટિકાના લર્નિંગ આઉટકમ આધારે શિક્ષકઆવૃતિ અને વિદ્યાર્થીપ્રવૃતિ ભાગ ૧-૨ ની કરાવવામાં આવેલી પ્રવૃતિઓ અને બાલવાટિકા સંબંધિત વિશેષ બાબતો ને ધ્યાનમાં રાખીને, શિક્ષક પાસેથી તાલીમના અમલીકરણની અસરકારકતા જાણવા માટે એક 20 વિધાનોની પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી.

માહિતીનું એકત્રીકરણ:

માહિતી એકત્રીકરણ એ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે.અહીં બાલવાટિકા શિક્ષક તાલીમ 26-6-23 થી 28-6-23 ત્રણ દિવસ આપવામાં આવેલ હતી. શાળામાં બાલવાટીકાની પ્રવૃતિ જૂન માસમાં જ વેકેશન ખુલતાની સાથે શરુ થઇ ગઇ હતી. તાલીમ બાદ શાળા કક્ષાએ બાલવાટિકાનું પદ્ધતિસરનું શિક્ષણકાર્ય શરુ કરવાનું હતું. જુલાઇ માસમાં બાલવાટિકા શૈક્ષણિક કાર્ય થયુ. સાત માસ દરમિયાન જે

શૈક્ષણિક કાર્ય થયુ છે તે શૈક્ષણિકકાર્ય પદ્ધતિસર છે કે કેમ તે સંશોધક તથા સીઆરસી કો.ઓ.દ્વારા ફેબ્રુઆરી માસમાં રુબરુઅવલોકન કરી શિક્ષકોની કામગીરી અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત પાસેથી રુબરુ માહિતી મેળવી હતી.

જૂનાગઢ જિલ્લાની 723શાળામાંથીગ્રામ્ય વિસ્તારની શાળાના બાલવાટિકાના કુલ 82 શાળાના શિક્ષકો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :

સંશોધકે બાલવાટિકાના શિક્ષકો પાસેથી એકત્ર કરેલ કસોટીનું અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગથી ગુણાંકન કરી મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી(ટકાવારી) દ્વારા શોધવામાં આવી હતી.

તારણોઃ

1-તમામ  શિક્ષકોએ બાલવાટિકા તાલીમ લીધી છે.

2-તમામ શિક્ષકો  પાસે શિક્ષક આવૃતિ અને વિદ્યાર્થી આવૃતિ છે

3-તમામ શિક્ષકોએ બાલવાટિકા શિક્ષક માર્ગદર્શિકામાં મારી પ્રગતિમાં દરેક બાળકની માહિતી ભરેલ છે

4- મોટા ભાગના બાલવાટિકા શિક્ષકો દ્વાર બાલવાટિકાના વર્ગખંડમાં  સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો બનાવેલ છે.

5-મોટા ભાગના શિક્ષકોશિક્ષક આવૃતિ સંબંધિત પ્રવૃતિઓનું પૂર્વ  આયોજન કરે છે.

6-શિક્ષકો  દ્વારા વર્ગવ્યવહાર દરમિયાન બાળકો પરસ્પર સંવાદ અને વાતચીતની કળા કેળવે તે માટેનું વાતાવરણ પુરું પાડવામાં આવે છે.

7-શિક્ષકો બાળકોને સોંપાયેલ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરે છે.

8-મોટા ભાગની શાળામાં વર્ગખંડમાં પ્રવૃતિ પૂર્ણ થયા બાદ બાળક જાતે જ બધી સામગ્રી – ચીજ વસ્તુઓ યથાસ્થાને ગોઠવે છે.

9-મોટા ભાગના શિક્ષકો દ્વારા બાલવાટિકા સંદર્ભે પ્રવૃતિઓને અનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવાય  છે

10-મોટા ભાગના શિક્ષકો દ્વારા બાલવાટિકા સંદર્ભે જોડકણાં બાળગીત માટે સંગીતના સાધનોનો ઉપયોગ થાય છે.

11-મોટા ભાગની શાળામાં શિક્ષકો પ્રવૃતિઓ બાદ બાળકો દ્વારા નિર્માણ પામેલ નમુનાનું પ્રદર્શન કરે  છે.

12-શિક્ષકોએ બાલવાટિકા માર્ગદર્શિકામાં અપાયેલ પ્રવૃતિઓ સિવાયની પ્રવૃતિઓની સંદર્ભ સામગ્રી (જોડકણાં,બાળગીત,વાર્તા,રમતોનો સંગ્રહ) એકત્ર કરી છે.

13-શિક્ષકે દરેક બાળકને પ્રવૃતિ કરાવી શકાય તેટલી સામગ્રી વર્ગમાં એકત્ર કરેલી છે.

14-મોટા ભાગના શિક્ષકોને માર્ગદર્શિકામાં આપેલી પ્રવૃતિના  સમય બાદ અન્ય પ્રવૃતિ કરાવવા માટે સમય મળતો નથી.

15-મોટા ભાગના શિક્ષકો બાલવાટિકા સંદર્ભે  મુશ્કેલીઓ અનુભવતા નથી.

16-મોટા ભાગના શિક્ષકો સર્કલટાઇમની પ્રવૃતિઓ કરાવે છે.

17-મોટા ભાગના શિક્ષકો દ્વારાદરેક દિવસની અલગ અલગ સર્કલટાઇમ પ્રવૃતિ કરાવવામાં આવે છે.

18-મોટા ભાગના શિક્ષકો વિદાયની પ્રવૃતિ કરાવે છે.

19-મોટા ભાગના શિક્ષકો વર્ગખંડની મુકત રમત નિયમિત કરાવે છે.

શૈક્ષણિક ફલિતાર્થો

1. વર્ગખંડની સફળતા માટે અસરકારક બાલવાટિકા તાલીમ જરુરી છે.
2. શિક્ષકોના વિવિધ સમયે તાલીમ મેળવવા માટેની જરુરીયાત અને ઉત્સાહમાં ફેરફાર થતા હોવાથી થોડાથોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

પ્રાસ્તાવિક

સંશોધકનું મુખ્ય કાર્ય પ્રાથમિક શાળામાં કાર્યરત શિક્ષકોને સેવાકાલિન તાલીમ પુરી પાડવાનુ છે.સેવાકાલિન તાલીમના વિષયવસ્તુની પસંદગી માટે સંશોધક NASના પરિણામોનો ઉપયોગ કરતો આવ્યો છે. NASરીપોર્ટ દ્વારા મળેલ કઠિન બિંદુને વર્ગખંડમાં કેવી રીતે રજૂ કરવાથી વિદ્યાર્થી કઠિન બિંદુ સબંધિત વિષયવસ્તુને સમજી શકે તેની ચર્ચા કરવામાં આવે છે અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તાલીમમાં મેળવેલ જ્ઞાનનો શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમિયાન ઉપયોગ કરે જયારે વર્ષ 2021 માં NASઅને GASહાથ ધરવામાં આવેલ હતો તેમાં પણ ધોરણ 7હિન્દીવિષય કયુ વિષયવસ્તુ વિદ્યાર્થીને કઠિન લાગે છે તે પણ જાણી શકાયુ હતું. જો સંશોધક પોતે કઠિન વિષયવસ્તુ પસંદ કરી તેના વર્ગશિક્ષણ માટે કોઇ કાર્યક્રમની રચના કરે અને સંશોધક પોતેજ તે કાર્યક્રમને વર્ગખંડમાં અમલીકૃત બનાવી ને તેની અસરકારકતા ચકાશે તો જ તેને ખરેખર વર્ગશિક્ષણ દરમિયાન કઠિનબિંદુના સરળીકરણ માટે કઇ-કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તેનો ખ્યાલ આવે એટલુજ નહી સેવાકાલિન તાલીમમાં પણ સંશોધકના આ અનુભવો ઉપયોગી બની રહે.એટલુજ નહી GASદ્વારાહિન્દી વિષયમાં વિદ્યાર્થીને જે વિષયવસ્તુ કઠિન લાગે છે તેનુ નિદાન થયેલ છે.તેના ઉપચારાત્મક કાર્ય થકી શૈક્ષણિક ગુણવત્તા પણ સુધારી શકાય આમ સંશોધકે કઠિનબિંદુના સરળીકરણ માટે કોઇ ચોકકસ શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની શાળાકક્ષાએ અજમાયશ કરવાનુ નકકી કરેલ હતું.

સંશોધનના હેતુઓ

સમગ્ર સંશોધનકાર્યનો કેન્દ્રીય ભાગ સંશોધનના હેતુઓ છે. હેતુઓ સ્પષ્ટ થયા બાદ જ સંશોધન કાર્યમાં આગળ ધપી શકાય સંશોધનના હેતુઓ કેટલીક બાબતો સ્પષ્ટ કરે છે. જેમકે ..

1. સંશોધન કઈ-કઈ બાબતો અંગે હશે તેની સ્પષ્ટતા કરે છે.
2. સંશોધનમાં સમાવિષ્ટ ચલોને દર્શાવે છે.
3. સંશોધનના મુખ્ય વિભાગોને સ્પષ્ટ કરે છે.
4. સંશોધનના પેટા શીર્ષકો નકકી કરવામાં ઉપયોગી બને છે.

ટૂંકમાં, સંશોધનના હેતુઓ એટલે કઈ-કઈ બાબતોના સંદર્ભમાં સંશોધન હાથ ધરાયેલ હતુ તેની યાદી છે.પ્રસ્તુત સંશોધન પણ ચોકકસ હેતુને ધ્યાને લઈને હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

1. કઠિન અધ્યયન નિષ્પત્તિ "રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ કરે."સબંધિત વિષયવસ્તુ સબંધે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી
2. શૈક્ષણિક કાર્યક્રમની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર થતી અસર તપાસવી.

વિષયઃ ટીચર એજ્યુકેશન

વિભાગઃ પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ

સમસ્યા કથન

" ધોરણ-7ના હિન્દી વિષયની કઠિનઅધ્યયન નિષ્પત્તિ ક્રમાંક H731નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ "

ભાષાઃ ગુજરાતી

સંશોધક :
આશા ડી.રાજ્યગુરુ

dietjunagadh@gmail.com

3. 35%, 50% અને 75% સિદ્ધિનાં સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની ટકાવારી શોધવી.

**સંશોધનની ઉત્કલ્પના**

ઉત્કલ્પનાઓ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે. એક રીતે જોતા ઉત્કલ્પનાઓ સમસ્યાના ઉકેલ માટેની ચાવી છે. ઉત્કલ્પના બાંધવાથી સંશોધનકારને કાર્યનો માર્ગ સૂઝે છે.સમસ્યા અંગે કોઇ માહિતીની ખોજ કરવી અને માહિતી વચ્ચે સબંધો કેવી રીતે જોવા તે ઉત્કલ્પનાને આધારે નકકી થાય છે.

પ્રાયોગિક સંશોધનના સંદર્ભમાં ઉત્કલ્પના એટલે બે અથવા વધારે ચલો વચ્ચેના સબંધ અંગેની અટકળ સૂચવતું વિધાન. સંશોધકે સંશોધન ખૂબ તટસ્થ રીતે કરવાનું હોય છે માટે પ્રાયોગિક સંશોધનમાં માટે ભાગે શૂન્ય ઉત્કલ્પના પસંદ કરવામાં આવે છે. એટલેકે " તફાવત નથી" ઉત્કલ્પના. કોઇ બે ચલો વચ્ચે સાર્થક તફાવત હશે નહી એવી ધારણા બાંધી સંશોધન આગળ ધપાવવાનુ હોય છે.સંશોધન દરમિયાન મળેલ માહિતીનુ પૃથકકરણ કરતા એ ધારણા સાચી છે કે ખોટી તે નકકી કરવામાં આવેછે.

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હોય સંશોધક દ્વારા શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવેલ હતી જે નીચે મુજબ હતી .

(1) વિદ્યાર્થીએ પૂર્વ કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક અને ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન પદ્ધતિને અનુસરતુ હતું. કારણ કે પ્રસ્તુત સંશોધનમાં“રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગકરે.”અધ્યયન નિષ્પત્તિ માટે એક શૈક્ષણિક યોજના તૈયાર કરવામાં આવી હતી અને એ શૈક્ષણિક યોજનાને વર્ગખંડમાં અમલીકૃત બનાવીને તેની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર અસર ચકાસવામાં આવી હતી માટે પ્રસ્તુત સંશોધનમાં એક જૂથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી પ્રકારની પ્રાયોગિક યોજનાને અનુસરવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં પસંદ થયેલ અધ્યયન નિષ્પત્તિ ધોરણ–7ની હતી. આથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ–7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ હતું.

પરંતુ જૂનાગઢ જિલ્લાની 726પ્રાથમિક શાળામાં ધોરણ 7માં અભ્યાસ કરતાં બાળકો પર

" રોજબરોજનાવ્યવહારુશબ્દોનોઉપયોગકરે."કઠિન અધ્યયન નિષ્પત્તિ આધારિત તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમની અજમાયશ કરવી ખૂબ જ મુશ્કેલ અને સમય માંગી લેતી પ્રક્રિયા હતી. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન યોજનાને અનુસરતુ હતું. આથી વ્યાપ વિશ્વમાંથી કોઇ પણ એક શાળા પસંદ કરી “રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ”અધ્યયન નિષ્પત્તિ આધારિત તૈયાર કરેલ શૈક્ષણિક યોજનાને અમલીકૃત કરવાનુ પુરતુ જણાતુ હતું. નમૂનાની પસંદગી માટે સહેતુક નમૂના પસદગી પધ્ધતિને અનુસરી જૂનાગઢ જીલ્લાનાં માંગરોળ તાલુકાની બંદર સોસાયટી પ્રાથમિક શાળા, માંગરોળ ધોરણ સાતમાં અભ્યાસ કરતા 35વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો.

ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે “વ્યાવહારિક વ્યાકરણ” એકમ પર તૈયાર કરવામાં આવેલ 30ગુણની કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ હતો તેની વિગત નીચે મુજબ છે.

સૌ પ્રથમ અધ્યયન નિષ્પત્તિ અને તેને અનુરૂપ વ્યાવહારિક વ્યાકરણ-રોજબરોજના શબ્દોનું પૃથકકરણ કરવામાં આવ્યુ હતું. અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ વિદ્યાર્થીમાં વિકસાવવાના થતા કૌશલ્યો અને તે માટે જે વિષયવસ્તુનો આધાર લેવાનો છે તે અધ્યયન નિષ્પતિનું પૃથકકરણ નીચે મુજબ કરવામાં આવેલ હતુ.

1. હિન્દી શબ્દો જેવા કે ઔર, લેકિન, કુછ, પર, હોના, લિયે, જૈસા, યા,કા, કિ, કી, સાથ, ઉસકા, ઉસકી, ઇસ, યહ, મેં થા, થી, થે, તૂમ, આપ, સાથ, બીચ મેં કે ઉપર....વગેરે શબ્દોનો પરિચય વાકય રચના સાથે
2. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી આવતા તહેવારોના નામની હિન્દીમાં સમજ
3. હિન્દી શબ્દો જેવા કે શાકભાજી, રસોડાના ઉપયોગમાં લેવાતા વાસણ, વર્ગખંડ તેમજ શાળાની ઉપયોગી વસ્તુઓની યાદી. ઘરેલું ચીજવસ્તુના નામ, શરીરના અંગોના નામ, કલરના નામ, પ્રાણીઓના નામનો ચિત્રો સાથે પરિચય.

પ્રયોગકાર્ય અને માહિતી એકત્રીકરણ

. સંશોધકને અધ્યયન નિષ્પત્તિ નાં સરળીકરણ માટે જે અધ્યયન નિષ્પત્તિ ફાળવવામાં આવી હતી તે અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ શૈક્ષણિક કાર્યનાં અમલીકરણ માટે લાયઝનીંગનો તાલુકો માંગરોળની બંદર સોસાયટી પ્રાથમિક શાળા પસંદ કરી હતી.

માહિતી પૃથકકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં વિશિષ્ટ પદ્ધતિ તરીકે પ્રવૃત્તિ આધારિત શિક્ષણ વિષયાંગ અનુસંધાને ચર્ચા કરી, પ્રવૃત્તિ વિડિયો નિદર્શન અને ચર્ચા દ્વારાઅધ્યાપન કરાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પર આ અધ્યાપન પદ્ધતિની અસરકારકતા તપાસવા માટે સંશોધક દ્વારા સ્વનિર્મિત સિદ્ધિ કસોટી આપવામા આવી. આ કસોટીમાં સંશોધનના કઠિનબિંદુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરેક કઠિનબિંદુનું પ્રતિનિધિત્વ કરતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામાં આવી હતી. સિદ્ધિ કસોટીના અમલીકરણ પૂર્વે તજજ્ઞોનો અભિપ્રાય પણ લેવામાં આવ્યો હતો. તજજ્ઞોનો અભિપ્રાય મેળવ્યા બાદ કસોટીનુ આખરી સ્વરૂપ આપવામા આવ્યું હતું.વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી કાઢી t-મૂલ્ય શોધવામાં આવેલ હતું. મળેલ પરિણામ દ્વારા મળેલ પરિણામનું અર્થઘટન કરવામાં આવ્યું અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામા આવી.

માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના પૃથકકરણ માટે મળેલ માહિતી પરથી સરાસરી,પ્રમાણવિચલન અને t-મૂલ્યની ગણતરી કરવામાં આવેલ હતી.

1. કઠિન અધ્યયન નિષ્પત્તિ "રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ કરે. "સબંધિત વિષયવસ્તુ સબંધે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી

2.શૈક્ષણિક કાર્યક્રમની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર થતી અસર તપાસવી.

પ્રસ્તુત હેતુઓને અનુસંધાને પૂર્વ કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની સરાસરી, પ્રમાણવિચલન શોધવામાં આવ્યું . ત્યારબાદ શૈક્ષણિક કાર્યક્રમના અમલીકરણ બાદ લીધેલ ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની સરાસરી, પ્રમાણવિચલન શોધવામાં આવ્યું. આ બન્ને કસોટીનાં આધારે t - મૂલ્યની ગણતરી પણ કરવામાં આવી . જેના આધારે શૂન્ય ઉત્કલ્પનાંની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રસ્તુત હેતુ અંતર્ગત સુધારાલક્ષી કાર્યક્રમ અમલીકરણ કર્યા પછી વિદ્યાર્થીઓએ 35%, 50% અને 75% સ્તર પર મેળવેલ સિદ્ધિ નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના મુખ્ય તારણોને નીચે મુજબ હતા.

2) કઠિન અધ્યયન નિષ્પત્તિ "રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ "એકમ સંદર્ભે સંશોધકો દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો છે અને જો શૈક્ષણિક કાર્યક્રમને ઉપરોકત અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ કાર્ય કરવા માટે શાળા કક્ષાએ અમલીકૃત બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સિદ્ધિમાં વધારો કરી શકાય છે.
3) ઉપરોક્ત સારણી 4.2નું અવલોકન કરતા જણાય છે કે શૈક્ષણિક કાર્યના અમલ બાદ તમામ (100 %) વિદ્યાર્થી પરંપરાગત પાસ થવાના સ્તર 35 % કરતા વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા હતા. જ્યારે 50 % કરતા વધુ સિદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી 87.09% જોવા મળી હતી. 75 % કરતા વધુ સિદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી 22.58%જોવા મળી હતી.

## સંશોધનનાં શૈક્ષણિક ફલિતાર્થ

4) કઠિન અધ્યયન નિષ્પત્તિ "રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ કરે."એકમ સંદર્ભે સંશોધકદ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો છે. માટે આ કાર્યક્રમને શાળાકક્ષાએ "રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ઉપયોગ કરે"અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ માટે અમલીકૃત બનાવવો જોઇએ.
5) આજ રીતે NASમાં મળેલ અન્ય કઠિનબિંદુ માટે પણ કઠિનબિંદુના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના થવી જોઇએ અને તેને શાળા કક્ષાએ અમલીકૃત બનાવવો જોઇએ.
6) શૈક્ષણિક કાર્યક્રમને વર્ગખંડમાં કેવી રીતે અમલીકૃત બનાવવો જોઇએ એ માટે વગંખંડમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોને સેવાકાલિન તાલીમ આપવી જોઇએ.

વિભાગઃ પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ
જૂનાગઢ જિલ્લાની GSQAC અંતર્ગત ગ્રીન ઝોન - રેડ ઝોનમાં આવેલ પ્રાથમિક શાળાનો વ્યકિત અભ્યાસ.

ભાષાઃ ગુજરાતી

સંશોધક :
આશા ડી.રાજ્યગુરુ

dietjunagadh@gmail.com

પ્રસ્તાવનાઃ

પ્રસ્તુત સંશોધનકાર્યના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની ગ્રીન ઝોનમાં આવેલ શ્રેષ્ઠ પાંચ શાળા અને રેડ ઝોનમાં આવેલ પાંચ પ્રાથમિક શાળા એમ કુલ દસ શાળાઓ પર વ્યક્તિ અભ્યાસ કરવા પ્રયત્ન થયેલ છે.

સમસ્યા કથનઃ પ્રસ્તુત અભ્યાસની સમસ્યાને આ રીતે શબ્દબદ્ધ કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લાની GSQAC અંતર્ગત ગ્રીન ઝોન - રેડ ઝોનમાં આવેલ પ્રાથમિક શાળાનો વ્યકિત અભ્યાસ.

અભ્યાસના હેતુઓ

1. રીપોર્ટકાર્ડ મુજબ રેડ અને ગ્રીન ઝોનમાં આવેલ પ્રાથમિક શાળાના અધ્યયન અને અધ્યાપન ક્ષેત્રનો, શાળા વ્યવસ્થાપન ક્ષેત્રનો, શાળા સહઅભ્યાસિક પ્રવૃતિઓ, શાળા સંસાધનો અને ઉપયોગના ક્ષેત્રનો અભ્યાસ કરવો.
2. રેડ અને ગ્રીન ઝોનમા આવેલ પ્રાથમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ, ભૌતિક સુવિધા અને સહઅભ્યાસિક પ્રવૃતિનો અભ્યાસ કરવો.

અભ્યાસ પ્રશ્નો

1. રીપોર્ટકાર્ડ મુજબ રેડ અને ગ્રીન ઝોનમાં આવેલ પ્રાથમિક શાળાના અધ્યયન અને અધ્યાપન, શાળા વ્યવસ્થાપન, શાળા સહઅભ્યાસિક પ્રવૃતિઓ, શાળા સંસાધનો અને ઉપયોગ. આ ચાર ક્ષેત્રનો અભ્યાસ કરવો.
2. રેડ અને ગ્રીન ઝોનમા આવેલ પ્રાથમિક શાળાની શૈક્ષણિક સ્ટાફ, ભૌતિક સુવિધા અને સહઅભ્યાસિક પ્રવૃતિનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે 25 પ્રશ્ન સ્વરુપ ઉત્કલ્પનાઓ રચી હતી.

1-આપની શાળાનું સ્થાન અને વિસ્તાર વિશેની માહિતી આપો.

2-આપની શાળાના કેમ્પસનું ક્ષેત્રફળ જણાવો........................................

3-આપની શાળાની શાળા સ્થાપના તારીખ જણાવો........................................

4-આપની શાળાની ભૌતિક સુવિધા વિશેની વિગત આપો. -ઓરડાની સંખ્યા.

| | |
|---|---|
| વર્ગખંડની સંખ્યા | |
| લાયબ્રેરી ખંડ | |
| વિજ્ઞાન લેબ | |
| આચાર્ય ખંડ | |
| કોમ્પ્યુટર લેબ | |
| કુલ ઓરડાની સંખ્યા | |

5-આપની શાળાના વિકાસ માટે છેલ્લા ત્રણ વર્ષમાં સમાજ તરફથી મળેલ આર્થિક સહયોગ અને દાનની વિગત આપો.

6-આપની શાળામાં થતી છેલ્લા ત્રણ વર્ષની સામાજિક પ્રવૃતિની વિગત આપો.

7-આપની શાળામાં છેલ્લા ત્રણ વર્ષના વિદ્યાર્થીઓના પ્રવેશની વિગત આપો.

8- આપની શાળાના છેલ્લા ત્રણ  વર્ષના  NMMS ના પરિણામની વિગત જણાવો.

9-આપની શાળાની છેલ્લા ત્રણ વર્ષની વિશિષ્ટ સિદ્ધિઓની વિગત જણાવો.

10-શાળામાં કોમ્પ્યુટરની સંખ્યા જણાવો.................................

11-શાળાના કેમ્પસમાં ઇકોકલબની પ્રવૃતિ જણાવો.

12-શાળાની તમામ પ્રવૃતિઓની સમિતિઓ છે?  ખરાની નિશાની કરો.

જેમકે મધ્યાહ્ન ભોજન, શાળા સફાઇ, પ્રાર્થના સંમેલન, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતગમત, પ્રવાસ સમિતિ, વર્ગખંડ મોનીટર .....

13-વાલી મીટીંગ બોલાવવામાં આવે છે? તેની નોંધ લખવામાં આવે છે? વાલીના અભિપ્રયો લઇ અમલ થાય છે?

14- SMC મીટીંગ દર માસે બોલાવવામાં આવે છે ? એજેન્ડા મીનીટસ વ્યવસ્થિત નિભાવવામાં આવે છે ?

15-શાળા સ્વચ્છતા માટેનું આયોજન જણાવો.

16-શાળામાં તાસ પદ્ધતિનો અમલ થાય છે ?

17-શાળામાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ પ્રવાસ પર્યટનની વિગત આપો.

18-શિક્ષણકાર્યને અનુરુપ બાળકો સાથે સ્થળ મુલાકાત લેવામાં આવે છે ?છેલ્લા ત્રણ વર્ષમાં કઇ મુલાકાત લેવામાં આવી? (પોસ્ટઓફિસ, રેલ્વે સ્ટેશન, ગ્રામપંચાયત, બેંક, કલેકટર કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી,  સંગ્રહાલય)

19- દર શનિવારે સાંસ્કૃતિક કાર્યક્રમ અને શારીરિક શિક્ષણની પ્રવૃતિઓ થાય છે ?

20-વાર્ષિક ઉત્સવની ઉજવણી થાય છે? વાલીશ્રીઓને સામેલ કરવામાં આવે છે ?છેલ્લા ત્રણ વર્ષમાં કયારે વાર્ષિક ઉત્સવ થયો તેની વિગત આપો.

21-પ્રિય બાળકો માટે વાંચન લેખન ગણન માટે વિશેષ વ્યવસ્થા છે ?

22-આપની શાળામાં થતી સહઅભ્યાસિક પ્રવૃતિની વિગત આપો. જે પ્રવૃતિ થતી હોય તે સામે ખરાની નિશાની કરો.

| | | |
|---|---|---|
| બાળમેળો | કલા ઉત્સવ- શાળા કક્ષા/સીઆરસી કક્ષા /બીઆરસી કક્ષા/જિલ્લા કક્ષા/રાજય કક્ષા | હેલ્થ કોર્નર |
| ઇકોકલબ | કલામહાકુંભ - શાળા કક્ષા/સીઆરસી કક્ષા /બીઆરસી કક્ષા/જિલ્લા કક્ષા/રાજય કક્ષા | ભાષા(ગુજરાતી હિન્દી,સંસ્કૃત અંગ્રેજી) કોર્નર |
| ગણિત વિજ્ઞાન પ્રદર્શન- શાળા કક્ષા/સીઆરસી કક્ષા /બીઆરસી કક્ષા/જિલ્લા કક્ષા/રાજય કક્ષા | ખેલ મહાકુંભ - શાળા કક્ષા/સીઆરસી કક્ષા /બીઆરસી કક્ષા/જિલ્લા કક્ષા/રાજય કક્ષા | ગણિત કોર્નર |
| ઇનોવેશન ફેરમાં ભાગ લેવો. | ઉત્સવ પર્વની ઉજવણી-( કયા-કયા દિવસની) | રામહાટ |

| | | |
|---|---|---|
| રમતોત્સવ | દિન વિશેષ ઉજવણી-( કયા-કયા દિવસની) | ખોયાપાયા |
| અક્ષયપાત્ર | વિવિધ સ્પર્ધાઓ (કઇ કઇ સ્પર્ધા યોજવામાં આવી) | શાળાનું બુલેટીન બોર્ડ |

23-આપની શાળાના છેલ્લા ત્રણ વર્ષના ગુણોત્સવના પરિણામની વિગત જણાવો.(કયા ઝોનમાં આવેલ છે તેની વિગત આપો. સાથે શાળા રીપોર્ટ કાર્ડ પણ જોડો.)

| ક્ષેત્રો | વર્ષ 2020-21 | | | વર્ષ 2021-22 | | | વર્ષ 2022-23 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ ગુણ | મેળવેલ ગુણ | % મળેલ ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ | % મળેલ ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ | % મળેલ ગુણ |
| 1-અધ્યયન અને અધ્યાપન | 54 % | | | 54 % | | | 54 % | | |
| એકમ કસોટીની પ્રક્રિયા | 8.5% | | | 8.5% | | | 8.5% | | |
| એકમ કસોટીના ગુણ | 3.5% | | | 3.5% | | | 3.5% | | |
| સત્રાંત મૂલ્યાંકન કસોટીની પ્રક્રિયા | 2% | | | 2% | | | 2% | | |
| સત્રાંત મૂલ્યાંકન કસોટીની-૧ ના ગુણ | 5% | | | 5% | | | 5% | | |
| સત્રાંત મૂલ્યાંકન કસોટીની-૨ના ગુણ | 5% | | | 5% | | | 5% | | |
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | 15% | | | 15% | | | 15% | | |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | 15% | | | 15% | | | 15% | | |
| 2-શાળા | 26% | | | 26% | | | 26% | | |
| શાળામાં હાજરી | 6% | | | 6% | | | 6% | | |
| જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી | 4% | | | 4% | | | 4% | | |
| સંચાલન | 10% | | | 10% | | | 10% | | |
| સલામતી | 6% | | | 6% | | | 6% | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 3-સહ શૈક્ષણિક પ્રવૃતિઓ | 12% | | | 12% | | | 12% | | |
| પ્રાર્થનાસભા | 2% | | | 2% | | | 2% | | |
| યોગ, વ્યાયામ અને રમતગમત | 2% | | | 2% | | | 2% | | |
| વિશેષ પ્રવૃતિઓમાં ભાગીદારી | 4% | | | 4% | | | 4% | | |
| રાજય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | 4% | | | 4% | | | 4% | | |
| 4-સંશાધનો અને તેનો ઉપયોગ | 8% | | | 8% | | | 8% | | |
| શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 2% | | | 2% | | | 2% | | |
| ટેકનોલોજીનો ઉપયોગ | 2% | | | 2% | | | 2% | | |
| મધ્યાહનભોજન યોજના | 2% | | | 2% | | | 2% | | |
| પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 2% | | | 2% | | | 2% | | |
| શાળાનું એકંદર ગુણાંકન | 100 % | | | 100% | | | 100% | | |

24-શાળાના સ્ટાફની વિગત આપો.

| ક્રમ | નામ | જન્મતારીખ | શૈક્ષણિક લાયકાત | શાળામાં દાખલ તારીખ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

25-શાળાનું સમયપત્રક. 26- શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા

અભ્યાસનું મહત્વ

1. પ્રસ્તુત અભ્યાસ ગ્રીન અને રેડ ઝોનમાં આવેલી પ્રાથમિક શાળાઓ માટે ઉપયોગી રહેશે
2. પ્રસ્તુત અભ્યાસ શાળાઓના આચાર્યશ્રી, શિક્ષકો, કેળવણી નિરીક્ષકો, બી.આર.સી., સી.આર.સી., અધ્યાપકો અને શિક્ષણ સાથે સંકળાયેલ કેળવણીકારોને આ અંગે સુધારાત્મક કાર્ય માટે ઉપયોગી થશે.

વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

સામાન્ય રીતે પ્રયોજક પોતાના સંશોધન માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરે છે તે પાત્રોનો મૂળભુત સમૂહ એટલે વ્યાપવિશ્વ.

પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની ગ્રીન ઝોનમાં આવેલ સુત્રાપાડા તાલુકાના પ્રાંસલી પે.સે.ની મટાણા પ્રાથમિક શાળા, ગીરગઢડા તાલુકાના રસુલપરા પે.સે. શાળાની ફરેડા પ્રાથમિક શાળા, સુત્રાપાડા તાલુકાના ચેતન હનુમાન પે.સે. શાળાની બરવળા પ્રાથમિક

શાળા, સુત્રાપાડા તાલુકાના પ્રાંચી પે.સે. શાળાની વાંસાવડ પ્રાથમિક શાળા, તથા વેરાવળ તાલુકાના આજોઠા પે.સે. શાળાની આજોઠા કન્યાશાળા. રેડ ઝોનની ગીરગઢડા તાલુકાના ઇટવાયા પે. સે.ની કણેકકનેસ પ્રાથમિક શાળા, કોડિનાર તાલુકાના દેવડ કુમાર પે. સે.ની છારા પ્રાથમિક શાળા, ઉના તાલુકાના તડ પે.સે.ની ઝારખંડ સીમ શાળા, તાલાલા તાલુકાના ઘાંટવડ પે. સે.ના શેઢાયા પ્રા.શાળા, તથા તાલાલા તાલુકાના ઘુસીયા પે.સે. શાળાની વાલ્મિકી આશ્રમ શાળાને નમૂના તરીકે પસંદ કરેલ હતું. જેમાં પસંદિત તમામ શાળાઓના ભૌતિક પાસા, શૈક્ષણિક પાસું, અભ્યાસકીય બાબતો, અને અન્ય પ્રકીર્ણ બાબતોનો અભ્યાસ હાથ ધર્યો હતો. તેથી અહી વ્યાપવિશ્વ એ જ નમૂનો બન્યો હતો. વ્યાપવિશ્વના પાત્રોની કેટલીક વિશિષ્ટતાઓ કે ધોરણોને ધ્યાનમાં રાખીને સંશોધક પોતાના નિર્ણય પર આધારિત હાથવગા નમૂનાના પાત્રોને પસંદ કરેલ છે. આમ, નમુનાની પસંદગી પૂર્ણતઃ સંશોધકના નિર્ણય પર આધાર રાખે છે. તેથી અહી પ્રયોજકે સહેતુક નમુનાપદ્ધતિ દ્વારા નમૂનો પસંદ કર્યો હતો.

માહિતી એકત્રીકરણ

સંશોધન કાર્યમાં માહિતી એકત્રીકરણનું કાર્ય ખુબ જ અગત્યનું છે. પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકને ફાળવવામાં આવેલ રેડ અને ગ્રીન ઝોનની શાળાની મુલાકાત લઈને માહિતી એકત્ર કરવામાં આવી હતી. ગુણોત્સવ 2.0ના આધારે મુલાકાત દ્વારા પરિણામ સુધારવાના પ્રયત્ન કરવામાં આવેલ, અને ગુણોત્સવના છેલ્લા ત્રણ વર્ષના પરિણામની તુલના કરવામાં આવેલ.

સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધનપદ્ધતિના પેટા પ્રકાર તરીકે વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિ પસંદ કરી હતી.

ઉપકરણ સંરચના.

પ્રસ્તુત સંશોધનમાંચેક લીસ્ટનો અવલોકન અને મુલાકત દરમિયાન ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં ચેક લીસ્ટ તૈયાર કરવા માટે નીચેના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.

સોપાન-1 વિષયવસ્તુ વિશ્લેષણ. પ્રસ્તુત સંશોધનમાં શાળાના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને કરવાનો હતો. આ માટે શાળાનો ઈતિહાસ, શાળાનું ભૌતિક પાસું, શૈક્ષણિક પાસું, વગેરે અનુસંધાને ચેક લીસ્ટ તૈયાર કર્યું હતું. પ્રયોજકે શાળા સાથે ટેલિફોનિક વાત કરી અને શાળાની એક વખત રુબરુ મુલાકાત લઈને માહિતીનું એકત્રીકરણ કર્યું હતું.

સોપાન-2 .પ્રારભિક મુલાકાતના પ્રશ્નોની રચના. પ્રારંભિક મુલાકાતમાં વિભાગ દીઠ જુદી જુદી બાબતો ચેક લીસ્ટ તૈયાર કર્યું હતું. જેમાં શિક્ષકોના અભિપ્રાય, શાળાની મુલાકાત અને સીઆરસી બીઆરસી કો.ઓ.ના અભિપ્રાયના આધારે ચેક લીસ્ટ તૈયાર કર્યું હતું.

સોપાન-3. તજજ્ઞ અભિપ્રાય. પ્રયોજકે તૈયાર કરેલ મુલાકાત માટેના ચેક લીસ્ટની પ્રારંભિક યાદી પસંદ કરેલા તજજ્ઞોને તપાસવા આપેલી હતી. જેમાં તજજ્ઞોએ જરૂરી સુધારાઓ દર્શાવ્યા હતા, તેમજ બિન જરૂરી બાબતો રદ કરવામાં આવ્યા હતા. તજજ્ઞોના અભિપ્રાયને અનુરૂપ સુધારા કરી અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી

પ્રાપ્ત માહિતી

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે જુદા જુદા વિભાગ પ્રમાણે માહિતી એકત્ર કરી હતી. જેઆ મુજબ દર્શાવેલ હતા

1.શાળા રીપોર્ટ કાર્ડ

2.શાળાની ભૌતિક બાબતો

3.શાળાની અભ્યાસકીય પ્રવૃતિઓ

4.શાળાની શૈક્ષણિક-સામાજિક સ્થિતિ

અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ મુજબ મળ્યા હતા.

-RED ZONE શાળાઓમાં શિક્ષકોની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા GREEN ZONE શાળા કરતા ઓછી જોવા મળે છે.

-RED ZONE શાળાઓમાં ભૌતિક સુવિધાઓમાં ઓરડાની સંખ્યા અને કોમ્પ્યુટર સુવિધા GREEN ZONE શાળા કરતા ઓછી જોવા મળે છે.

RED ZONE શાળાઓમાં પ્રવાસ અને પર્યટન GREEN ZONE શાળા કરતા પ્રમાણમાં ઓછા થતા જોવા મળે છે.

-RED ZONE શાળાઓને સમાજ તરફથી આર્થિક અનુદાન મળેલ નથી. જયારે GREEN ZONE શાળાઓમાં મોટાભાગે સામાજ તરફથી આર્થિક અનુદાન મળેલ છે.

-RED અને GREEN ZONEમાં આવતી મોટાભાગની શાળાઓમાં કેમ્પસ ડેવલપમેન્ટની પ્રવૃતિઓ થાય છે.

RED અને GREEN ZONEમાં આવતી મોટાભાગની શાળાઓમાં શનિવારના રોજ શારીરિક શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ થાય છે.

RED અને GREEN ZONEમાં આવતી મોટાભાગની શાળાઓમાં પ્રિય બાળકો માટે વાંચન,લેખન અને ગણનની વિશેષ પ્રવૃતિઓ થાય છે.

-RED ZONE શાળાઓમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓનું પ્રમાણ GREEN ZONE શાળાઓની સરખામણીમાં ઓછુ જોવા મળે છે. જેની પરિણામ ઉપર અસર થતી જોવા મળે છે.

- RED ZONE શાળાઓમાં વિદ્યાર્થી અને શિક્ષકોની સંખ્યા ઓછી હોવાથી તાસ પદ્ધતિનો અમલ થતો જોવા મળતો નથી. જયારે GREEN ZONE શાળાઓ તાસ પદ્ધતિનો અમલ થતો જોવા મળે છે.

-ગીરગઢડા તાલુકાના ઇટવાયા પે. સે.ના કાણેકનેસ પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં B ગ્રેડ અને વર્ષ 22-23માં C ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા આ વર્ષ RED ZONE માં આવેલી છે.

- કોડિનાર તાલુકાના દેવડ કુમાર પે. સે.ના છારા પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં B+ ગ્રેડ અને વર્ષ 22-23માં C ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા આ વર્ષ RED ZONE માં આવેલી છે.

- ઉના તાલુકાના તડ પે.સે.ના ઝારખંડ સીમશાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં C ગ્રેડ અને વર્ષ 22-23માં C ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા છેલ્લા બે વર્ષથી RED ZONE માં આવે છે.

- તાલાલા તાલુકાના ઘાંટવડ પે. સે.ના શેઢાયા પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં B ગ્રેડ અને વર્ષ 22-23માં C ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા આ વર્ષ RED ZONE માં આવેલી છે.

- તાલાલા તાલુકાના ઘુસીયા પે.સે. શાળાના વાલ્મિકી આશ્રમ શાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં C ગ્રેડ અને વર્ષ 22-23માં C ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા છેલ્લા બે વર્ષથી RED ZONE માં આવે છે.

- સુત્રાપાડા તાલુકાના પ્રાંસલી પે.સે.ની મટાણા પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં A+ ગ્રેડ, વર્ષ 21-22માં A+ ગ્રેડ અને વર્ષ 22-23માં A+ ગ્રેડ મેળવેલ છે. આમ, શાળામાં છેલ્લા ત્રણ વર્ષથી GREEN ZONE માં આવે છે.

- ગીરગઢડા તાલુકાના રસુલપરા પે.સે. શાળાની ફરેડા પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં A ગ્રેડ, વર્ષ 21-22માં A+ ગ્રેડ અને વર્ષ 22-23માં A+ ગ્રેડ મેળવેલ છે. આમ, શાળામાં છેલ્લા ત્રણ વર્ષમાં GREEN ZONE માં આવે છે.

- સુત્રાપાડા તાલુકાના ચેતન હનુમાન પે.સે. શાળાની બરવળા શાળાના વર્ષ 20-21માં C ગ્રેડ, વર્ષ 21-22માં B ગ્રેડ અને વર્ષ 22-23માં A ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા આ વર્ષે GREEN ZONE માં આવેલી છે.

- સુત્રાપાડા તાલુકાના પ્રાંચી પે.સે. શાળાની વાંસાવડ પ્રાથમિક શાળાના વર્ષ 20-21માં A ગ્રેડ, વર્ષ 21-22માં A+ ગ્રેડ અને વર્ષ 22-23માં A ગ્રેડ મેળવેલ છે. . આમ, શાળા છેલ્લા ત્રણ વર્ષમાં GREEN ZONEમાં આવે છે.

- વેરાવળ તાલુકાના આજોઠા પે.સે. શાળાની આજોઠા કન્યાશાળાના વર્ષ 20-21માં B ગ્રેડ, વર્ષ 21-22માં A+ ગ્રેડ અને વર્ષ 22-23માં A ગ્રેડ મેળવેલ છે. આમ, શાળા છેલ્લા બે વર્ષમાં GREEN ZONE માં આવે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસના વિશ્લેષણ, અર્થઘટન, તારણો પરથી નીચેના ફલિતાર્થો તારવી શકાય.

- શૈક્ષણિક ગુણવતા સુધારણા માટે નમૂનારૂપ ઉદાહરણ પૂરું પાડી શકાય.
- અન્ય સારી અને નબળી શૈક્ષણિક ગુણવતા ધરાવતી શાળાઓ ગુણવતા સુધારણા માટે માર્ગદર્શન લઇ શકે.
- રેડ ઝોન શાળાઓમાં સતત વાલીસંપર્ક, વાલી મીટીંગ, સહઅભ્યાસિક પ્રવૃતિઓ અને વ્યકિતગત ધ્યાન આપવામાં આવે તો શાળાના પરિણામમાં સુધારો આવી શકે.
- વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા જ શાળાના ગ્રેડ માટે જવાબદાર છે તેવું ન કહી શકાય. ગ્રીન ઝોન શાળાઓમાં ઓછી સંખ્યા હોવા છતા પરિણામ સારુ આવે છે રેડ ઝોન શાળાઓ તેની કામગીરીનો અભ્યાસ કરી શકે.

દરેક જિલ્લામાં કઠિન અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર થાય તેમાં કોઇ કઠિન અધ્યન નિષ્પત્તિ બેવડાઇ નહી અને મહત્તમ કઠિન અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર કરી શકાય એ માટે GCERT તરફ થી દરેક ડાયટને વર્ષ 2021માં થયેલ NAS માં ધોરણવાર વિષયવાર મળેલ કઠિન અધ્યયન નિષ્ષત્તિને ફાળવી તેને સરળ કરવા માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરવા માટે જણાવવામાં આવેલ હતુ. ડાયટના પ્રાચાર્ય તરફથી સંશોધકોને જૂનાગઢ જિલ્લાની પ્રથમિક શાળામાં ભણતા બાળકો પર હાથ ધરવામાં આવેલ સિધ્ધિ સર્વેક્ષણ GAS અને NASમાં ગુજરાતી વિષયમાં મળેલ કઠિનબિંદુના સરળીકરણ માટે કાર્યક્રમ તૈયાર કરી તેની અજમાયશ માટે કહેવામાં આવેલ હતું. પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતી વિષયમાં મળેલ કઠિનબિંદુના સરળીકરણ માટે કાર્યક્રમ તૈયાર કરી તેની અજમાયશ કરવાનું હતું. આમ, GCERT તરફ થી ફાળવવામાં આવેલ કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા નકકી કરવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું નકકી કરવામાં આવેલ હતું.

સમસ્યા કથન

" ધોરણ-7 ના ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક G710નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ "

સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

1. કઠિન અધ્યયન નિષ્પત્તિ "વિશેષ વ્યકિત,સંસ્થા, પરિચિત પ્રસંગો-સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે." સબંધિત વિષયવસ્તુ સબંધે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી
2. શૈક્ષણિક કાર્યક્રમની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર થતી અસર તપાસવી.
3. 35%, 50% અને 75% સિદ્ધિનાં સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની ટકાવારી શોધવી.

સંશોધનની ઉત્કલ્પના

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હોય સંશોધક દ્વારા શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવેલ હતી જે નીચે મુજબ હતી .

(1) વિદ્યાર્થીએ પૂર્વ કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક અને ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલ અધ્યયન અધ્યાપન કૌશલ્યના ક્ષેત્ર સાથે સંકળાયેલ હતું. પ્રસ્તુત સંશોધનમાં કઠિન અધ્યયન નિષ્ષત્તિને સરળ કરવા માટે

વિષયઃ - શિક્ષણ –પ્ર-શિક્ષણ

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ- " ધોરણ-7 ના ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક G710નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ "

ભાષાઃ ગુજરાતી

સંશોધકનું નામઃ— ભરત કે. મેસીયા

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

શૈક્ષણિક કાર્યક્રમ ઘડી કાઢી તે કાર્યક્રમના આયોજન મુજબ વર્ગખંડમાં અધ્યયન અધ્યાપન કરી વિદ્યાર્થીને વિષયવસ્તુ સદર્ભે સમજ આપવામાં આવી હતી. આમ વર્ગખંડની શૈક્ષણિક પ્રક્રિયા પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય હતી. પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત હિન્દી વિષયનાં કઠિનબિંદુ સરલીકરણમાટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે વિષયાંગ અનુસંધાને પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, વિડીયો, પ્રવૃત્તિ અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરવામાં આવ્યો હતો. આ દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો પણ હતો.

સંશોધન પ્રકાર

અધ્યાપન કાર્યક્રમની સંરચનાની દ્રષ્ટિએ પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હતું. ઉપરાંત માહિતી પ્રાપ્તિ અને પૃથક્કરણની દ્રષ્ટિએ સંખ્યાત્મક સંશોધન હતું.

સંશોધનનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધન પણ પોતાનું અનેરું મહત્વ ધરાવે છે.

1) પ્રસ્તુત સંશોધનમાં કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ હતો. જો તે અસરકારક સાબિત થશે તો કઠિન અધ્યયન નિષ્પત્તિ સબંધિત વિષયવસ્તુની રજૂઆત માટેનો એક કાર્યક્રમ પ્રાપ્ત થશે જેના દ્વારા કઠિન લાગતા વિષયવસ્તુને અસરકારક રીતે અને સરળતાથી વિદ્યાર્થી સમક્ષ રજુ કરી શકાશે.
2) વિદ્યાર્થીની શૈક્ષણિક સિધ્ધિમાં વધારો કરી શકાશે.
3) જુદા જુદા વિષયવસ્તુ માટે શૈક્ષણિક કાર્યક્રમ રચના માટે માર્ગદર્શન રૂપ બનશે.
4) શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરી શકાશે.
5) સેવાકાલિન તાલીમ દરમિયાન શિક્ષકોને વિપયવસ્તુની રજુઆત સબંધિત માર્ગદર્શન પુરુ પાડવા માટે ઉપયોગી બની રહેશે.

વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં પસંદ થયેલ અધ્યયન નિષ્પત્તિ ધોરણ – 7ની હતી. આથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ– 7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ હતું.

નમૂનાની પસંદગી માટે સહેતુક નમૂના પસદગી પધ્ધતિને અનુસરી જૂનાગઢ જીલ્લાનાં જૂનાગઢ શહેર તાલુકાની કન્યાશાળા નં – ૪ પ્રાથમિક શાળા, જૂનાગઢના ધોરણ સાતમાં અભ્યાસ કરતા 31 વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો.

સંશોધન પદ્ધતિ

અધ્યયન નિષ્પત્તિ માટે એક શૈક્ષણિક યોજના તૈયાર કરવામાં આવી હતી અને એ શૈક્ષણિક યોજનાને વર્ગખંડમાં અમલીકૃત બનાવીને તેની વિદ્યાર્થીઓની સિધ્ધિ પર અસર ચકાસવામાં આવી હતી માટે પ્રસ્તુત સંશોધનમાં એક જૂથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી પ્રકારની પ્રાયોગિક યોજનાને અનુસરવામાં આવી હતી.

ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે "વિશેષ વ્યકિત,સંસથા, પરિચિત પ્રસંગો- સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે." અધ્યયન નિષ્પતિ પર તૈયાર કરવામાં આવેલ ૨૦ ગુણની કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ હતો

માહિતી એકત્રીકરણ

સંશોધક દ્વારા જૂનાગઢ શહેર તાલુકાની કન્યાશાળા નં-૪ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની પૂર્વ કસોટી બાદ શૈક્ષણિક કાર્યક્રમનું અમલીકરણ અને અંતે ઉત્તર કસોટી લઇને માહિતી એકત્ર કરવામાં આવેલ હતી

માહિતીનું પૃથકકરણ અર્થઘટન

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ નિદાન આધારિત તેયાર કરવામાં આવેલ ઉપચાર કાર્યક્રમની અસરકારકતા નકકી કરવાનો હતો આથી શૈક્ષણિક કાર્યક્રમનાં અમલીકરણ પહેલા લેવામાં આવેલ પૂર્વ કસોટી અને શૈક્ષણિક કાર્યક્રમનાં અમલીકરણ બાદ લેવામાં આવેલ ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને t મૂલ્ય શોધવામાં આવેલ હતા

સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના મુખ્ય તારણોને નીચે મુજબ હતા.

4) કઠિન અધ્યયન નિષ્પત્તિ "વિશેષ વ્યકિત,સંસ્થા, પરિચિત પ્રસંગો- સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે" સંદર્ભે સંશોધકો દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો છે અને જો શૈક્ષણિક કાર્યક્રમને ઉપરોકત અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ કાર્ય કરવા માટે શાળા કક્ષાએ અમલીકૃત બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સિદ્ધિમાં વધારો કરી શકાય છે.
5) ઉપરોક્ત સારણી 4.2 નું અવલોકન કરતા જણાય છે કે શૈક્ષણિક કાર્યના અમલ બાદ તમામ (100 %) વિદ્યાર્થી પરંપરાગત પાસ થવાના સ્તર 35 % કરતા વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા હતા. જ્યારે 50 % કરતા વધુ સિદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી 87.09 % જોવા મળી હતી. 75 % કરતા વધુ સિદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી 74.19 % જોવા મળી હતી.

સંશોધનનાં શૈક્ષણિક ફલિતાર્થ

7) કઠિન અધ્યયન નિષ્પત્તિ "નિષ્પત્તિ "વિશેષ વ્યકિત,સંસ્થા, પરિચિત પ્રસંગો- સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે" સંદર્ભે સંશોધક દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો છે. માટે આ કાર્યક્રમને શાળાકક્ષાએ "નિષ્પત્તિ "વિશેષ વ્યકિત,સંસ્થા, પરિચિત પ્રસંગો- સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે" અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ માટે અમલીકૃત બનાવવો જોઇએ.
8) આજ રીતે NASમાં મળેલ અન્ય કઠિનબિંદુ માટે પણ કઠિનબિંદુના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના થવી જોઇએ અને તેને શાળા કક્ષાએ અમલીકૃત બનાવવો જોઇએ.
9) શૈક્ષણિક કાર્યક્રમને વર્ગખંડમાં કેવી રીતે અમલીકૃત બનાવવો જોઇએ એ માટે વગંખંડમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોને સેવાકાલિન તાલીમ આપવી જોઇએ.

- પ્રાસ્તાવિક : ન્યુ એજ્યુકેશન પોલીસી અંતર્ગત દરેક બાળક ઓછામાં ઓછું એક વ્યવસાય શીખે જેનાથી બાળકોમાં કૌશલ્ય નિર્માણ, શ્રમનું ગૌરવ અને ભારતીય કળા અને કારીગરી સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયના મહત્વ પર ભાર મૂકવામાં આવે છે. શાળામાં ધોરણ ૬થી ૮નાં વિદ્યાર્થીઓ ૧૦ દિવસ બેગલેસ કાર્યક્રમમાં વિવિધ પ્રવૃતિહો કરવામાં આવી હતી. આવી શાળાઓનો અભ્યાસ પ્રસ્તુત સંશોધનમાં કરવામાં આવેલ હતો.
- સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :
  - જૂનાગઢ શહેર તાલુકાની પ્રાથમિક શાળાના ધોરણ ૬થી ૮નાં ૧૦ દિવસ બેગલેસ કાર્યક્રમમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

ઉત્કલ્પનાઓઃ-

૧) પ્રાથમિક શાળાના ધોરણ ૬થી ૮નાં ૧૦ દિવસ બેગલેસ કાર્યક્રમમાં કઇ કઇ પ્રવૃતિનો સમાવેશ થયેલ હશે?

૨) ક્ષેત્રકાર્ય દરમ્યાન કઇ કઇ સમસ્યા અનુભવાયલ હશે?

- પદ્ધતિ :

I. અભ્યાસની રૂપરેખા :
- વ્યવહારિક અને ગુણાત્મક સંશોધન

II. નમૂનો :
- ગ્રામોઉદ્યોગ પ્રાથમિક શાળા અને મારી પ્રાથમિક શાળા

III. ઉપકરણ :
- જરૂરી મુદાઓ સાથેનું માહિતી પત્રક

IV. માહિતી એકત્રીકરણની રીત :
- સમયે સમયે રૂબરૂ મુલાકાત લઇ માહિતી એકત્ર કરવામાં આવી.

V. માહિતીનું પૃથક્કરણ :
- શાળાકીય દફતર માહિતી એકત્રીકરણ કરી કોષ્ટકમાં નોંધ કરીઅન્ય પાસાઓ ચેક કરી નોંધ કરવામાં આવી અને સમીક્ષા કરવામાં આવી.

- પરિણામો/તારણો :

૧) શાળામાં અને શાળા બહાર પૂરતા પ્રમાણમાં જુદા જુદા વ્યવસાયકારો વિશે બાળકો માહિતી મેળવી શક્યા.

૨.) વિવિધ સંસ્થાની પરવાનગી મેળવવી પ્રમાણમાં મૂશ્કેલ જણાઇ.

- સંશોધન ફલિતાર્થો :

૧) વિવિધ વ્યવસાયના સંદર્ભમાં શાળાનું સાયુજ્ય સંસ્થા સાથે થાય તે જરુરી છે.

- સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક પ્રબંધ.

વિષય : સિદ્ધિ સર્વેક્ષણ

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં યોજાયેલ ૧૦ બેગલેસ કાર્યક્રમનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધાકનું નામ : બી.કે.મેસિયા

ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ

વિભાગઃ –પ્રાથમિક

સંશોધનનું શિર્ષકઃ- “જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકા તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"

ભાષાઃ ગુજરાતી

સંશોધકનું નામઃ—
ભરત કે. મેસીયા

ઓફિસ એડ્રેસઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રસ્તાવના

શાળાકક્ષાએ બાલવાટિકા સંભાળતા આ તાલીમી શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ યોગ્ય રીતે શૈક્ષણિક કામગીરી થાય છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવું અને યોગ્ય રીતે થાય તે માટેના ડાયેટ કક્ષાએથી પ્રયત્નો થાય તે ખૂબ જરુરી છે. આ માટે સંશોધકે આપવામા આવેલી બાલવાટિકા શિક્ષક તાલીમની શાળા કક્ષાએ અમલવારી અને મૂલ્યાંકનના સંદર્ભમાં આ સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

અભ્યાસનું શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

"જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ બાલવાટિકા તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"

અભ્યાસના હેતુઓ

હેતુઓ :

- ❖ બાલવાટિકા તાલીમની અસરકારકતા જાણવા માટે ઉપકરણ તૈયાર કરવું.
- ❖ બાલવાટિકા તાલીમની શાળા કક્ષાએ અમલીકરણની અસરકારકતા જાણવી.

સંશોધનની ઉત્કલ્પના

" પ્રાથમિક શાળાના શિક્ષકોનો બાલવાટિકા તાલીમ સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે 20 પ્રશ્ન સ્વરુપ ઉત્કલ્પનાઓ રચી હતી.

21 શિક્ષકશ્રીએ બાલવાટિકા તાલીમ મેળવી છે?

22 શિક્ષક પાસે શિક્ષક આવૃતિ અને વિધાર્થી આવૃતિ છે?

23 બાલવાટિકા શિક્ષક માર્ગદર્શિકામાં “મારી પ્રગતિ”માં દરેક બાળકની માહિતી ભરાયેલ છે?

24 બાલવાટિકા માટે શિક્ષક દ્વારા સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો બનાવેલ છે?

25 શિક્ષક અને વિધાર્થી આવૃતિ સંબંધિત પ્રવૃતિઓનું પૂર્વઆયોજન થાય છે?

26 વર્ગવ્યવહાર દરમિયાન બાળકો પરસ્પર સંવાદ અને વાતચીતની કળા કેળવે તે માટેનું વાતાવરણ પુરુ પાડવામાં આવે છે?

27 બાળકોને સોંપાયેલ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરવામાં આવે છે?

28 પ્રવૃતિ પૂર્ણ થયા બાદ બાળક જાતે જ બધી સામગ્રી – ચીજ વસ્તુઓ યથાસ્થાને ગોઠવે છે?

29 બાલવાટિકા સંદર્ભે પ્રવૃતિઓને અનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવાય છે?

30 બાલવાટિકા સંદર્ભે જોડકણાં બાળગીત માટે સંગીતના સાધનોનો ઉપયોગ થાય છે?

31 પ્રવૃતિઓ બાદ બાળકો દ્વારા નિર્માણ પામેલ નમુનાનું પ્રદર્શન કરવામાં આવે છે?

32 બાલવાટિકા માર્ગદર્શિકામાં અપાયેલ પ્રવૃતિઓ સિવાયની પ્રવૃતિઓની સંદર્ભ સામગ્રી (જોડકણાં,બાળગીત,વાર્તા,રમતોનો સંગ્રહ) એકત્ર કરી છે?

33 દરેક બાળકને પ્રવૃતિ કરાવી શકીએ તેટલી સામગ્રી વર્ગમાં એકત્ર કરેલી છે?

34 માર્ગદર્શિકામાં આપેલી પ્રવૃતિના સમય બાદ અન્ય પ્રવૃતિ કરાવવા માટે સમય મળે છે ?
35 બાલવાટિકા સંદર્ભે શિક્ષક શું મુશ્કેલીઓ અનુભવે છે ?
36 સર્કલટાઇમની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે?
37 સર્કલટાઇમ પ્રવૃતિ દરેક દિવસની અલગ અલગ કરાવવામાં આવે છે ?
38 વિદાયની પ્રવૃતિ કરાવે છે?
39 વર્ગખંડની મુક્ત રમત કરાવે છે?
40 શિક્ષક બાલવાટિકા માર્ગદર્શિકા મુજબ કાર્ય કરે છે?

સંશોધનનું ક્ષેત્ર

હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'માપન અને મૂલ્યાંકન' અને 'પ્રાથમિક શિક્ષણ' નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધનમાં બાલવાટિકા તાલીમની અસરકારકતા જાણવામાં આવી હતી. જે વ્યવહારમાં આગામી તાલીમના આયોજનમાં ઉપયોગી નીવડી શકે. આથી પ્રસ્તુત સંશોધન એ વ્યાવહારિક સંશોધન હતું.

અભ્યાસનું મહત્વ

- પ્રસ્તુત સંશોધન દ્વારા બાલવાટિકા તાલીમની અસરકારકતા જાણી શકાશે.
- પ્રસ્તુત સંશોધન દ્વારા બાલવાટિકાના શિક્ષકને માર્ગદર્શન આપી શકાશે.
- આ સંદર્ભે આગામી તાલીમ માટે આ સંશોધન સહાયરૂપ બનશે.

સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાના બાલવાટિકામાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નમૂના પસંદગી:

આ સંશોધનમાં સંશોધકે તાલુકાના સીઆરસી મારફત બાલવાટિકામાં અભ્યાસ કરાવતા શહેરી વિસ્તારના 13 શિક્ષકો પાસેથી માહિતી મેળવેલ હતી.

સંશોધનનાં ક્ષેત્રો :

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ સંબંધિત હતું.

સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

ઉપકરણ વિગત :

ઉપકરણ તરીકે બાલવાટિકા તાલીમ દરમ્યાન શિખવેલી બાબતો જે નિપુણભારતના ફાઉન્ડેશનલ સ્ટેજના બાલવાટિકાના લર્નિંગ આઉટકમ આધારે શિક્ષકઆવૃતિ અને વિદ્યાર્થીપ્રવૃતિ ભાગ ૧-૨ ની કરાવવામાં આવેલી પ્રવૃતિઓ અને બાલવાટિકા સંબંધિત વિશેષ બાબતો ને ધ્યાનમાં રાખીને, શિક્ષક પાસેથી તાલીમના અમલીકરણની અસરકારકતા જાણવા માટે એક 20 વિધાનોની પ્રશ્નાવલી બનાવામાં આવી હતી.

માહિતીનું એકત્રીકરણ:

માહિતી એકત્રીકરણ એ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે. અહીં બાલવાટિકા શિક્ષક તાલીમ 26-6-23 થી 28-6-23 ત્રણ દિવસ આપવામાં આવેલ હતી. શાળામાં બાલવાટીકાની પ્રવૃતિ જૂન માસમાં જ વેકેશન ખુલતાની સાથે શરુ થઇ ગઇ હતી. તાલીમ બાદ શાળા કક્ષાએ બાલવાટિકાનું પદ્ધતિસરનું શિક્ષણકાર્ય શરુ કરવાનું હતું. જુલાઇ માસમાં બાલવાટિકા શૈક્ષણિક કાર્ય થયુ. સાત માસ દરમિયાન જે

શૈક્ષણિક કાર્ય થયુ છે તે શૈક્ષણિકકાર્ય પદ્ધતિસર છે કે કેમ તે સંશોધક તથા સીઆરસી કો.ઓ.દ્વારા ફેબ્રુઆરી માસમાં રુબરુ અવલોકન કરી શિક્ષકોની કામગીરી અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત પાસેથી રુબરુ માહિતી મેળવી હતી.

જૂનાગઢ જિલ્લાની શહેરી વિસ્તારની શાળામાંથી બાલવાટિકાના કુલ 21 શાળાના શિક્ષકો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :પ્રસ્તુત સંશોધનમાં વિધાન અનુસાર ટકાવારી એ અંકશાસ્ત્રીય પ્રયુક્તિ મુજબ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

તારણોઃપ્રસ્તુત અભ્યાસમાં ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા

1- તમામ શિક્ષકોએ બાલવાટિકા તાલીમ લીધી છે.
2- તમામ શિક્ષકો પાસે શિક્ષક આવૃતિ અને વિદ્યાર્થી આવૃતિ છે

3- તમામ શિક્ષકોએ બાલવાટિકા શિક્ષક માર્ગદર્શિકામાં મારી પ્રગતિમાં દરેક બાળકની માહિતી ભરેલ છે

4- મોટા ભાગના બાલવાટિકા શિક્ષકો દ્વાર બાલવાટિકાના વર્ગખંડમાં સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો બનાવેલ છે.

5- મોટા ભાગના શિક્ષકો શિક્ષક આવૃતિ સંબંધિત પ્રવૃતિઓનું પૂર્વ આયોજન કરે છે.

6- શિક્ષકો દ્વારા વર્ગવ્યવહાર દરમિયાન બાળકો પરસ્પર સંવાદ અને વાતચીતની કળા કેળવે તે માટેનું વાતાવરણ પુરું પાડવામાં આવે છે.

7- શિક્ષકો બાળકોને સોંપાયેલ પ્રવૃતિઓનું નિરીક્ષણ કરે છે.

8-મોટા ભાગની શાળામાં વર્ગખંડમાં પ્રવૃતિ પૂર્ણ થયા બાદ બાળક જાતે જ બધી સામગ્રી – ચીજ વસ્તુઓ યથાસ્થાને ગોઠવે છે.

9-મોટા ભાગના શિક્ષકો દ્વારા બાલવાટિકા સંદર્ભે પ્રવૃતિઓને અનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવાય છે

10-મોટા ભાગના શિક્ષકો દ્વારા બાલવાટિકા સંદર્ભે જોડકણાં બાળગીત માટે સંગીતના સાધનોનો ઉપયોગ થાય છે.

11- મોટા ભાગની શાળામાં શિક્ષકો પ્રવૃતિઓ બાદ બાળકો દ્વારા નિર્માણ પામેલ નમુનાનું પ્રદર્શન કરે છે.
12- શિક્ષકોએ બાલવાટિકા માર્ગદર્શિકામાં અપાયેલ પ્રવૃતિઓ સિવાયની પ્રવૃતિઓની સંદર્ભ સામગ્રી (જોડકણાં,બાળગીત,વાર્તા,રમતોનો સંગ્રહ) એકત્ર કરી છે.

13- શિક્ષકે દરેક બાળકને પ્રવૃતિ કરાવી શકાય તેટલી સામગ્રી વર્ગમાં એકત્ર કરેલી છે.

14- મોટા ભાગના શિક્ષકોને માર્ગદર્શિકામાં આપેલી પ્રવૃતિના સમય બાદ અન્ય પ્રવૃતિ કરાવવા માટે સમય મળતો નથી.
15- મોટા ભાગના શિક્ષકો બાલવાટિકા સંદર્ભે મુશ્કેલીઓ અનુભવતા નથી.

16- મોટા ભાગના શિક્ષકો સર્કલટાઇમની પ્રવૃતિઓ કરાવે છે.

17- મોટા ભાગના શિક્ષકો દ્વારા દરેક દિવસની અલગ અલગ સર્કલટાઇમ પ્રવૃતિ કરાવવામાં આવે છે.

શૈક્ષણિક ફલિતાર્થો  પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1 વર્ગખંડની સફળતા માટે અસરકારક બાલવાટિકા તાલીમ જરુરી છે.
2. શિક્ષકોના વિવિધ સમયે તાલીમ મેળવવા માટેની જરુરીયાત અને ઉત્સાહમાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક : ધોરણ-૭ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક SC- 708નાં અધ્યયનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અજમાયશ

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. એમ.વાય.વ્યાસ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

વર્ષ 2022-23નાં DLI-4, GAS-4 અને SAT -1 નાં પરિણામોનો અભ્યાસ કરતાં ધોરણ 3 થી 8નાં વિવિધ વિષયમાં વિવિધ અધ્યયન નિષ્પત્તિ કઠીન જણાયી હતી. જેમાં SAT- ૨૦૨૧-૨૨ ધોરણ ૭ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું કયુ વિષયવસ્તુ વિદ્યાર્થીને કઠિન લાગે છે તે પણ જાણી શકાયુ હતું. જો સંશોધક પોતે કઠિન વિષયવસ્તુ પસંદ કરી તેના વર્ગશિક્ષણ માટે કોઇ કાર્યક્રમની રચના કરે અને સંશોધક પોતે જ તે કાર્યક્રમને વર્ગખંડમાં અમલીકૃત બનાવી ને તેની અસરકારકતા ચકાશે તો જ તેને ખરેખર વર્ગ શિક્ષણ દરમિયાન કઠિનબિંદુના સરળીકરણ માટે કઇ-કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તેનો ખ્યાલ આવે એટલુ જ નહી સેવાકાલિન તાલીમમાં પણ સંશોધકના આ અનુભવો ઉપયોગી બની રહે. એટલુ જ નહી DLI-4, GAS-4 અને SAT -1 દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વિદ્યાર્થીને જે વિષયવસ્તુ કઠિન લાગે છે તેનુ નિદાન થયેલ છે. તેના ઉપચારાત્મક કાર્ય થકી શૈક્ષણિક ગુણવત્તા પણ સુધારી શકાય આમ સંશોધકે કઠિનબિંદુના સરળીકરણ માટે કોઇ ચોકકસ શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની શાળાકક્ષાએ અજમાયશ કરવાનુ નકકી કરેલ હતું. આ માટે ધોરણ ૭ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની એક કઠિન અધ્યયન નિષ્પત્તિ અંતર્ગત સરળીકરણ કરવાનો અભ્યાસ હાથ ધરવાનો હતો.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

- કઠિન અધ્યયન નિષ્પત્તિ " માપન અને ગણન કરે છે. " સબંધિત વિષયવસ્તુ સબંધે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી
- શૈક્ષણિક કાર્યક્રમની વિદ્યાર્થીઓની સિદ્ધિ પર થતી અસર તપાસવી.

2. અભ્યાસની ઉત્કલ્પનાઓ

(1) વિદ્યાર્થીએ પૂર્વ કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક અને ઉત્તર કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંક વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળશે નહિ.

3. પદ્ધતિ :

- અભ્યાસની રૂપરેખા :

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ DLI-4 , GAS-4 અને SAT-1 (2022-23) પૈકી SAT-1 (2022-23)નાં ધોરણ ૭ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં તારવવામાં આવેલ કઠિન અધ્યયન નિષ્પતિ પૈકી કુલ એક કઠિન અધ્યયન નિષ્પતિનાં સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા ચકાસવાનો હતો. અહીં સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે ચાર્ટ, પ્રવૃત્તિઓ, વિડીયો ક્લીપ અને ચર્ચા પદ્ધતિના માધ્યમ દ્વારા કાર્યક્રમની સંરચના કરી ધોરણ 7ના વિજ્ઞાન અને ટેકનોલોજી ના 'માપન અને ગણન કરે છે' વિષયાંગનાં અધ્યાપન માટે સુધારાલક્ષી કાર્યક્રમની સંરચના કરી હતી.

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસનાં અમલ માટે જૂનાગઢ જિલ્લા અને તાલુકાની શ્રી વીડી વિસ્તાર પ્રાથમિક શાળાના ધોરણ 7માં અભ્યાસ કરતાં 26 વિદ્યાર્થીઓને પ્રયોગ પાત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

પ્રયોગ પૂર્વે પાત્રોને પૂર્વ કસોટી આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રયોગના અમલ બાદ પાત્રોને ઉત્તર કસોટી આપવામાં આવી હતી. ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય મેળવવામાં આવ્યા હતાં. આ મળેલાં ટી-મૂલ્યને આધારે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પદ્ધતિઓની અસરકારકતા ચકાસવામાં આવી હતી. આ રીતે કઠીન અધ્યયન નિષ્પત્તિનાં સરલીકરણ માટે કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો.

- નમૂનો :

  પ્રસ્તુત સંશોધનમાં પસંદ થયેલ અધ્યયન નિષ્પત્તિ ધોરણ – ૭ની હતી. આથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળામાં ધોરણ 7માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ હતું. નમુનાની પસંદગી માટે સહેતુક નમુના પસદગી પદ્ધતિને અનુસરી જૂનાગઢ જિલ્લાનાં જૂનાગઢ તાલુકાની વીડી વિસ્તાર પ્રાથમિક શાળા, જૂનાગઢ માં ધોરણ ૭માં અભ્યાસ કરતા ૨૭ વિદ્યાર્થીઓનો નમૂના તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો.

iii ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં અધ્યયન નિષ્પત્તિ તરીકે "માપન અને ગણન કરે છે." અધ્યયન નિષ્પત્તિ આધારિત તૈયાર કરવામાં આવેલ 20 ગુણની કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ હતો

iv માહિતી એકત્રીકરણની રીત :

સંશોધક દ્વારા શૈક્ષણિક કાર્યક્રમની રચના કર્યા બાદ કાર્યક્રમના અમલીકરણ માટે ધોરણ ૭ માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું શિક્ષણ કાર્ય કરતા કોઈ એક શિક્ષકની મદદ લેવાનું સૂચન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા કરવામાં આવેલ હતું. આ માટે ધોરણ ૭ માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું શિક્ષણ કાર્ય કરતા હોય એવા 1 શિક્ષકને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ ખાતે બોલાવવામાં આવ્યા હતા. આ શિક્ષકને અધ્યયન નિષ્પત્તિનાં સરળીકરણ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમની ફાળવણી કરવામાં આવી હતી. શિક્ષકે આપેલ અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમનું અમલીકરણ પોતાની શાળાના ધોરણ ૭નાં વિદ્યાર્થી પર તેમને કરવાનું થતું હતું. સંશોધકને અધ્યયન નિષ્પત્તિનાં સરળીકરણ માટે જે અધ્યયન નિષ્પત્તિ ફાળવવામાં આવી હતી તે અધ્યયન નિષ્પત્તિ અનુરૂપ શૈક્ષણિક કાર્યનાં અમલીકરણની જવાબદારી અનિલાબેન વસોયા, શ્રી વી.ડી. વિસ્તાર પ્રા.શાળા, જૂનાગઢનાં ભાગે આવી હતી.

v. માહિતીનું પૃથક્કરણ :

વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી કાઢી t-મુલ્ય શોધવામાં આવેલ હતું. મળેલ પરિણામ દ્વારા મળેલ પરિણામનું અર્થઘટન કરવામાં આવ્યું અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામા આવી.

4. પરિણામો/તારણો :

કઠીન અધ્યયન નિષ્પત્તિ " માપન અને ગણન કરે છે " આ અધ્યયન નિષ્પત્તિ સંદર્ભે સંશોધકો દ્વારા રચવામાં આવેલ શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક રહયો હતો અને જો શૈક્ષણિક કાર્યક્રમને ઉપરોક્ત અધ્યયન નિષ્પત્તિના શિક્ષણ કાર્ય કરવા માટે શાળા કક્ષાએ અમલીકૃત બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સિદ્ધિમાં વધારો કરી શકાય છે.

5. સંશોધન ફલિતાર્થો :

   આજ રીતે DLI-4 , GAS-4 અને SAT-1 (2022-23)નાં ધોરણ 3 થી 8નાં મળેલ અન્ય કઠિનબિંદુ માટે પણ કઠિનબિંદુના સરળીકરણ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના થવી જોઇએ અને તેને શાળા કક્ષાએ અમલીકૃત બનાવવો જોઇએ.

   શૈક્ષણિક કાર્યક્રમને વર્ગખંડમાં કેવી રીતે અમલીકૃત બનાવવો જોઇએ એ માટે વગંખંડમાં શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોને સેવાકાલિન તાલીમ આપવી જોઇએ.

6. સંશોધનનું ક્ષેત્ર :
7. પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો પણ હતો.

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક

સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અમલીકૃત જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સ્થિતિનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. એમ.વાય.વ્યાસ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

શિક્ષણ દેશના અને સામાજિક અને આર્થિક વિકાસ માટેની માસ્ટર કી છે.દેશના તમામ ક્ષેત્રો પર તેની વ્યાપક અસર જોવા મળે છે.સમાજ નવરચના તથા સમાજના વિકાસની અસર શિક્ષણ પર પડે છે અને તે અનુસાર શિક્ષણમાં પરિવર્તન લાવવું જરૂરી છે. શિક્ષણના વિકાસની અસર સમાજ પર પડે છે. આમ,શિક્ષણ અને સમાજ અન્યોન્ય પૂરક છે.બાળક શિક્ષણ દ્વારા વિવિધ કૌશલ્યો હસ્તગત કરી સમાજ અને રાષ્ટ્રોને ગતિમાન બનાવે છે. શિક્ષણના હેતુઓ તપસ્યા બાદ એવું કહી શકાય કે અભ્યાસક્રમ એવી રીતે ઘટાડવો જોઈએ કે આંગણવાડી,પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને રાષ્ટ્રને અનુરૂપ નાગરિક ઘડતર થાય. માનવ વિકાસનો પાયો શિક્ષણ છે. આઝાદીની પ્રાપ્તિથી આજ દિન સુધી પ્રાથમિક શિક્ષણ માટે અનેકવિધ પ્રયત્નો થયા છે.

1. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

1. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો અમલીકરણની સ્થિતિનો અભ્યાસ કરવો.
2. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની ભૌતિક સુવિધાનો અભ્યાસ કરવો.
3. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના આચાર્યના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
4. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ બાબતે શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
5. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સાધન સામગ્રીની જાળવણીનો અભ્યાસ કરવો.

2. સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ હતા.

1. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની ભૌતિક સુવિધાઓ કેવી હશે ?
2. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના આચાર્યના અભિપ્રાયો કેવા હશે ?
3. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ બાબતે શાળાના શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે ?
4. પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની સાધન સામગ્રીની જાળવણી કેવી હશે ?

3. પદ્ધતિ :

અભ્યાસની રૂપરેખા : વર્તમાન સમસ્યાના એ સંભવિત ઉકેલ માટે સંશોધક દ્વારા ગુજરાત રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં નિયમિતતા અને સમયબદ્ધ શૈક્ષણિક કાર્યક્રમ ચાલે તે માટે નવતર પ્રોજેક્ટ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ 2017 માં સરકારી શાળામાં મૂકવામાં આવ્યો હતો તેની સફળતા ચકાસવા માટે પ્રસ્તુત સંશોધન માટે વિષય પસંદ કરવામાં આવ્યો હતો

i. નમૂનો :

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે જૂનાગઢ જિલ્લાના 6 તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાંથી જ્યાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ધરાવતી 62 શાળામાંથી 45 શાળાઓ યોજનાબન્દ્ધ યાદ્દચ્છિક પદ્ધતિથી પસંદ કરવામાં આવી. તાલુકાવાર નમૂનામાં પસંદ કરવામાં આવેલ છે.

ii. ઉપકરણ :

iii. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.સર્વેક્ષણ પ્રકારના અભ્યાસ માટે સામાન્ય રીતે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવે છે. સંશોધકે પોતાના અનુભવને આધારે અભિપ્રયાવલિ બનાવવામાં આવી હતી જેમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સાધનો માટે સામાન્ય માહિતી, શાળાના આચાર્ય માટે અભિપ્રાયાવલિ,શાળાના શિક્ષક માટે અભિપ્રાયાવલિ, અને અંતે એક ચેક લીસ્ટ બનાવવામાં આવ્યું હતું જેના જવાબ હા,ના માં આપવાના હતા તથા અભિપ્રાયાવલિ સમંત, અસમંત પર જવાબ આપવાના હતા ઉપરાંત દરેક અભિપ્રાયાવલિની નીચે મુક્ત જવાબી પ્રતિભાવો આપવાના હતા.

iv. માહિતી એકત્રીકરણની રીત :

સંશોધન માટે ઉપકરણની રચના જેટલું મહત્વ માહિતી એકત્રીકરણ કરવા માટેની રીત હોય છે. માહિતી એકત્રીકરણની રીતમાં વૈજ્ઞાનિકતા જળવાય તો સંશોધનના પરિણામો પર અસર પડે એવું બની શકે તેથી સંશોધકે માહિતી એકત્ર કરવા માટે પૂર્તિ સાવચેતી રાખવી પડે છે.

સંશોધકે આ માટે હાલની કોવીડની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે તાલુકાના બી.આર.સી. અને સી.આર.સી.ની મદદ લેવામાં આવી હતી તેમને સંશોધનની અભિપ્રાયાવલિની સમજ આપી નમૂનામાં સમાવિષ્ટ શાળાના આચાર્ય,શિક્ષક પાસે માહિતી મેળવવામાં આવી હતી.જરૂર પડે ત્યાં સંશોધક શાળાના આચાર્યનો મોબાઈલ પર સંપર્ક કરી દિવસ અને સમય નક્કી કરી રૂબરૂમાં માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

v. માહિતીનું પૃથક્કરણ :

સંશોધકે શાળાઓમાંથી એકત્રિત કરેલ અભિપ્રાયાવલિ દ્વારા મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરી મેળવેલ પ્રપ્તાંકોની ટકાવારીને આધારે વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. ચેકલીસ્ટ પર મળેલ માહિતીના પૃથક્કરણ માટે ટકાવારી આધારિત વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

પરિણામો/તારણો :

- જૂનાગઢ જિલ્લાના જે તાલુકામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યરત છે ત્યાં મોટે ભાગની શાળાને જ્ઞાનકુંજ પ્રોજેક્ટના સાધનોના 2 સેટ આપવામાં આવ્યા છે. તેમ છતાં કેટલીક શાળાઓમાં જ્યાં સંખ્યા 250 થી વધુ છે અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યરત છે. ત્યાં 2 થી પણ વધુ સેટ શાળાને આપવામાં આવ્યા છે. મોટાભાગની શાળામાં ભૌતિક સુવિધામાં લેપટોપ, વાઇટબોર્ડ, સ્પીકર જેવા સાધનો છે.
- કેટલીક શાળાઓ દ્વારા આ કાર્યક્રમની સફળતાને કારણે હજુ વધુ સાધનોના સેટની માંગણી કરી રહ્યા છે. જ્યાં આ પ્રોજેક્ટ કાર્યરત છે, ત્યાં તમામ શાળામાં સાધનો ચાલુ કંડીશનમાં જોવા મળ્યા હતા.

4. સંશોધન ફલિતાર્થો :
   - જ્યાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કાર્યરત છે ત્યાં તેમની ઉપયોગીતા ખૂબ જ સારી રીતે કરવામાં આવે છે, તે જોતા મહતમ શાળામાં આ પ્રોજેક્ટ અમલીકૃત બને તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.
   - શક્ય હોય ત્યાં સરકારી શાળામાં કમ્પ્યુટ લેબ કાર્યરત થાય તે પ્રકારની સુવિધા માટે વિચારણા કરવી જોઈએ.
   - ટેકનોલોજીયુક્ત સમયમાં શાળામાં કમ્પ્યુટર શિક્ષકની ભરતી માટે સરકાર દ્વારા આયોજન કરવું જોઈએ.
5. સંશોધનનું ક્ષેત્ર :

પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો હતો.

વિષય : ટીચર એજ્યુકેશન

વિભાગ : પ્રાથમિક અને માધ્યમિક

સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો શાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતાનો અભ્યાસ

ભાષા : ગુજરાતી

સંશોધકનું નામ :
ડૉ. એમ.વાય.વ્યાસ

ઓફિસ એડ્રેસ :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
dietjunagadh@gmail.com

પ્રાસ્તાવિક :

એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતા હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. આ  જિલ્લા કક્ષાના પૂર્ણ કરેલા ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલા ઇનોવેટીવ શિક્ષકોએ કરેલા કાર્યની કામગીરીના દસ્તાવેજીકરણ માટે અને શાળા કક્ષાએ ઇનોવેશન અમલીકરણની અસરકારકતા જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

- સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :

1. જૂનાગઢ જિલ્લામાં વર્ષ 2021-22અને 2022-23દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિની  માહિતી મેળવવી.
2. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરીના અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું અને તારણો તારવવા.
3. ઇનોવેશન પ્રવૃતિની શાળાકક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા અભિપ્રાયાવલીની રચના કરવી અને તેના સંદર્ભે અભિપ્રાયો મેળવવા.

➢અભ્યાસની ઉત્કલ્પનાઓ

1. જૂનાગઢ જિલ્લામાં વર્ષ 2021-22અને 2022-23દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિની  માહિતી મેળવવી.
2. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરીના અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું અને  તારણો તારવવા.
3. ઇનોવેશન પ્રવૃતિનીશાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા અભિપ્રાયાવલીની રચના  કરવી અને તેના સંદર્ભે અભિપ્રાયો મેળવવા.
4. એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલની અસરકારકતા જાણવી.

➢પદ્ધતિ :

vi. અભ્યાસની રૂપરેખા :

પ્રસ્તુત અભ્યાસનો હેતુ જૂનાગઢ જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ ઇનોવેટીવ ટીચર તરીકે કાર્ય કરતા શિક્ષકોએ કરેલ કાર્યનું દસ્તાવેજીકરણ  કરવાનો હતો. તેના સંદર્ભે માહિતી મેળવવા માટે એક ફોર્મેટ તૈયાર કરવામાં આવ્યું હતું અને તેના સંદર્ભે ઇનોવેટીવ ટીચરે કરેલા કાર્યની ગુણાત્મક માહિતી મેળવવામાં આવી  હતી. આ ઉપરાંત શાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા માટે 25 પ્રશ્નોના સંદર્ભે સીઆરસીના અભિપ્રાયો જાણવામાં આવ્યા હતા.  સીઆરસી કો.ઓર્ડિ. શાળા મુલાકાત વખતે આ માહિતી મેળવેલ હતી.

vii. નમૂનો :

આ સંશોધન માટે છેલ્લા પાંચ વર્ષમાં ઇનોવેશન કરેલ ઇનોવેટીવ શિક્ષકોના અભિપ્રયો લેવામાં આવેલ હતા. તેમજ જિલ્લા કક્ષાએ 2021-22 અને 2022-23 દરમ્યાન જિલ્લા કક્ષાએ પસંદ થયેલ 10 ઇનોવેટીવ શિક્ષકોની શાળાની મુલાકાત માટે નમૂના તરીકે પસંદ કરેલ હતા. તેમજ ઇનોવેશન પ્રવૃતિનીશાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા ઇનોવેશન રજૂ કરનાર તમામ જૂનાગઢ જિલ્લાના શિક્ષકોનો પૈકી 80 ઇનોવેટીવ શિક્ષકોના અભિપ્રયો સીઆરસી કો.ઓર્ડિ. દ્વારા આપવામાં આવેલ જેનો નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

viii. ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ જૂનાગઢ જિલ્લાના ઇનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું. જેની વિગત પરિશિષ્ટ 2 માં આપેલ છે.તેમજ ઇનોવેશન પ્રવૃતિનીશાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા સંશોધક દ્વારા 25 વિધાનોની એક અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી. આ અભિપ્રાયાવલિની રચના માટે ડાયેટ જૂનાગઢના અધ્યાપકશ્રીઓનો સહયોગ લેવામાં આવ્યો હતો.

ix. માહિતી એકત્રીકરણની રીત :

સંશોધક દ્વારા શાળા મુલાકાત લઇ આ માહિતી મેળવવામાં આવી હતી. આ ઉપરાંત ઇનોવેશનની અમલીકરણની અસરકારકતા જાણવા માટે 25 વિધાનોની અભિપ્રયાવલી પર સીઆરસી કો.ઓર્ડિ દ્વારા શાળા મુલાકાત સમયે માહિતી મેળવવામાં આવી હતી.

x. માહિતીનું પૃથક્કરણ :

અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઇનોવેશન પ્રવૃતિની શાળા કક્ષાએ અમલીકરણના સંદર્ભે અસરકારતા જાણવા માટે તમામ સી.આર.સી. કો.ઓર્ડિ.એ ઇનોવેટીવ શિક્ષક તરફના અભિપ્રયોની ટકાવારી શોધવામાં આવી હતી.

➢ પરિણામો/તારણો :

- જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ 10 શિક્ષકોમાંથી કુલ 3 શિક્ષકો જૂનાગઢ શહેર તાલુકામાંથી પસંદ પામ્યા હતા.
- પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે. માધ્યમિક શાળામાં ધો. 9 થી 12 માં કાર્ય થયેલ છે.
- વિશેષ કામગીરી અંગ્રેજી વિષયમાં થયેલ છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.

➢ સંશોધન ફલિતાર્થો :

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- ખાનગી શાળામાં ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- ઇનોવેશન કરનાર શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરિયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરે તો સમજમા વધારો થાય

➢ સંશોધનનું ક્ષેત્ર :

પ્રસ્તુત અભ્યાસ શિક્ષણમાં સર્જનાત્મક અને નાવિન્ય વિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું